વિક્રમ સંવત ૨૦૮૧, આસો વદ ૩૦ • તારીખ : ૨૧ ઓક્ટોબર ૨૦૨૫, મંગળવાર • વર્ષ : ૧૭ • અંક : ૧૧૨

તંત્રી : પટેલ સુરેશ રમણલાલ • અમદાવાદ • કિંમત : રૂા. ૨.૦૦ • પાના : ૮

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

નૂતન વર્ષાભિનંદન · શુભ દિવાળી · સાલમુબારક

**સૈનિકોને પાછા હટાવવા એ પહેલું પગલું છે : વિદેશમંત્રી**

## સરહદો ઉપર સૈનિકોએ મીઠાઈઓ વહેંચી

### પૂર્વી લદ્દાખમાં LAC સાથે સૈનિકોના પેટ્રોલિંગ અને છૂટાછવાયા મુદ્દાઓને લગતા કરારને આખરી ઓપ આપવામાં આવ્યો હતો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૦ ।

ભારત અને ચીન વચ્ચે સરહદી સમજૂતી અને વિવાદિત પોઈન્ટ્સ પરથી સૈનિકો હટાવ્યા બાદ બંને દેશોના સંબંધોમાં નવી ઉષ્માનો સંચાર જોવા મળી રહ્યો છે. બન્ને દેશોના સૈનિકોએ ગુરુવારે દિવાળીના અવસર પર વાસ્તવિક નિયંત્રણ રેખા (LAC) પરના કેટલાક સરહદી પોઈન્ટ્સ પર મીઠાઈની આપ-લે કરી હતી.ઉલ્લેખનીય છે કે એક દિવસ અગાઉ ભારત અને ચીન વચ્ચે સંઘર્ષનો મુદ્દો બનેલા ડેમચોક અને ડેપસાંગ વિસ્તારમાંથી બંને દેશોના સૈનિકોને પાછા ખેંચવાની પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ છે. LAC સાથેના પાંચ બોર્ડર પર્સનલ મીટિંગ (BPM) પોઈન્ટ પર ભારતીય અને ચીની સૈનિકો વચ્ચે દિવાળીના અવસર પર મીઠાઈની આપ-લે કરવામાં આવી હતી. બંને પક્ષોના સૈનિકોએ ડેમચોક અને ડેપસાંગ બે વિવાદિત પોઈન્ટ્સ પરથી સૈનિકોને પાછા ખેંચવાની પ્રક્રિયા પૂર્ણ કરી લીધી છે અને ટૂંક સમયમાં જ આ પોઈન્ટ્સ પર પેટ્રોલિંગ શરૂ થઈ જશે. જોકે, સૈનિકો પાછા ખેંચાયા પછી ચકાસણી પ્રક્રિયા ચાલી રહી છે અને ગ્રાઉન્ડ કમાન્ડરો વચ્ચે પેટ્રોલિંગની પદ્ધતિ નક્કી કરવાની બાકી છે.



જોકે બન્ને દેશો વચ્ચે સ્થાનિક કમાન્ડર સ્તરે વાતચીત ચાલુ રહેશે.વિદેશ સચિવ વિક્રમ મિસરીએ ૨૧ ઓક્ટોબરે દિલ્હીમાં જાહેરાત કરી હતી કે અઠવાડિયાની વાતચીત બાદ ભારત અને ચીન વચ્ચે સમજૂતીને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું છે અને ૨૦૨૦માં ઉદભવેલા મુદ્દાઓને ઉકેલવામાં આવશે. પૂર્વી લદાખમાં LAC સાથે સૈનિકોના પેટ્રોલિંગ અને છૂટાછવાયા મુદ્દાઓને લગતા કરારને આખરી ઓપ આપવામાં આવ્યો હતો, જે ચાર વર્ષથી ચાલતી આવતી મડાગાંઠને સમાપ્ત કરવાની દિશામાં એક મોટી સફળતા છે. ન્છઝ પર પેટ્રોલિંગને લઈને ભારત અને ચીન વચ્ચેના કરાર પર, વિદેશમંત્રી એસ જયશંકરે ૨૭ ઓક્ટોબરે કહ્યું હતું કે સૈનિકોને પાછા હટાવવા એ પહેલું પગલું છે. હવે પછીનું પગલું તણાવ ઘટાડવાનું છે.રક્ષામંત્રી રાજનાથ સિંહે ગુરુવારે કહ્યું હતું કે પૂર્વી લદાખમાં LAC (લાઈન ઓફ એક્ચ્યુઅલ કંટ્રોલ) પર ભારત અને ચીન તરફથી સૈનિકો હટાવવાની પ્રક્રિયા લગભગ પૂર્ણ થઈ ગઈ છે. તેમણે વધુમાં કહ્યું હતું કે કરારમાં પરંપરાગત વિસ્તારોમાં પેટ્રોલિંગ અને ચરાઈને લગતા અધિકારોનો સમાવેશ થાય છે. આ સર્વસંમતિના આધારે, પાછા ફરવાની પ્રક્રિયા લગભગ પૂર્ણ થઈ ગઈ છે. અમે ફક્ત પુનરાગમનથી આગળ વધવાનો પ્રયાસ કરીશું, પરંતુ તેના માટે થોડી વધુ રાહ જોવી પડશે.

## ન્યૂઝ બ્રિફ

### પેરિસમાં મ્યુઝિયમમાંથી સાત મિનિટમાં કિંમતી દાગીના ચોરાયા

। (એજન્સી) પેરિસ, તા.૨૦ ।

પ્રખ્યાત મ્યુઝિયમમાંથી કિંમતી અને દુર્લભ દાગીનાની ચોરીના દૃશ્ય અનેક ફિલ્મોમાં જોવા મળેલા છે. ફેશન નગરી પેરિસના પ્રખ્યાત લોર મ્યૂઝિયમમાંથી ભરચક ભીડ વચ્ચેથી દુર્લભ દાગીનાની ચોરી થતાં ચકચાર મચી છે. માત્ર ૭ મિનિટમાં દાગીનાની ચોરી કર્યા પછી ભેજાબાજ લૂટારુઓ ટુ-વ્હિલર પર નાસી છૂટ્યા હતા. સમગ્ર ફ્રાન્સમાં તસ્કરોને શોધવા કવાયત હાથ ધરવામાં આવી છે.ફ્રાન્સના સાંસ્કૃતિક મંત્રી રેચિડા ડટીએ એક્સ પોસ્ટ પર જણાવ્યુ હતું કે, લોર મ્યૂઝિયમમાં રવિવારે સવારો ચોરી થઈ હતી. આ ઘટનામાં કોઈ ઈજા થઈ ન હતી. ફ્રાન્સના આંતરિક મંત્રી લોરેન નુએઝે આ ઘટનાને મોટી લૂટ ગણાવતા કહ્યુ હતું કે, લૂટારુઓ બાસ્કેટ લિફ્ટની મદદથી ઘૂસ્યા હતા. અંડર કન્સ્ટ્રક્શન એરિયામાં આવેલી બાસ્કેટ લિફ્ટમાંથી તેઓ આવ્યા હતા.

### રાજસ્થાનમાં ગોધરા કાંડ પર પુસ્તક પર પ્રતિબંધ મુકાયો

। (એજન્સી) જયપુર, તા.૨૦ ।

શિક્ષણ વિભાગ દ્વારા અત્યાર સુધી બાળકોને ભણાવવામાં આવતી ગોધરાની ઘટનાને હવે અભ્યાસક્રમમાંથી દૂર કરવામાં આવી રહી છે. અત્યાર સુધી ગોધરા હત્યાકાંડ રાજ્યની સરકારી શાળાઓમાં બાળકોને ભણાવવામાં આવતો હતો. હવે તેને અભ્યાસક્રમમાંથી હટાવવામાં આવી રહ્યો છે. તે પુસ્તકો પરત કરવામાં આવી રહ્યા છે. શિક્ષણ મંત્રી બન્યા બાદ મદન દિલાવરે રાજ્યના શિક્ષણ વિભાગમાં અનેક ફેરફારો અને નવીનતાઓ કરી છે, જેમાંથી એક પુસ્તકમાંથી ગોધરાકાંડને હટાવવાનો છે.

**સીએનએન ગુજરાત**

**અંક બંધ**

દિવાળીના પર્વ નિમિત્તે 'ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત' કાર્યાલય તા.૨૩,૨૪ અને ૨૬ નવેમ્બર, ૨૦૨૫ સુધી બંધ રહેશે. તા. ૨૭ નવેમ્બર, ૨૦૨૫ સોમવારના રોજથી રાબેતા મુજબ આવૃત્તિ પ્રસિદ્ધ થશે. જેની વાંચકો, વિતરકો અને વિજ્ઞાપન દાતાઓએ નોંધ લેવી.

- વ્યવસ્થાપક

### ગાઝાના લોકો પર હુમલાની હમાસની યોજનાઃ અમેરિકા

## ગાઝામાં ઇઝરાયેલનો બોમ્બ-તોપ મારો : યુદ્ધવિરામ સામે જોખમ

### પોતાના સૈનિકો પર ત્રણ સ્થળોએ હુમલા પછી હમાસ સામે કાર્યવાહી : સહાય પણ અટકાવી

। (એજન્સી) તેલ અવીવ, તા.૨૦ ।

ઈઝરાયેલ અને હમાસ વચ્ચેના નાજૂક યુદ્ધવિરામ સામે રવિવારે જોખમ ઊભું થયું હતું. હમાસના ત્રાસવાદીઓએ ઈઝરાયેલી સૈનિકો સામે ફાયરિંગ કર્યા પછી ઈઝરાયેલે પણ ગાઝામાં શ્રેણીબદ્ધ સ્થળો પર બોંબમારો અને તોપમારો કર્યો હતો. બંને પક્ષોએ એકબીજા પર યુદ્ધવિરામ ભંગનો આક્ષેપ કર્યો હતો. ઈઝરાયેલના હુમલામાં ગાઝામાં ઓછામાં ઓછા ૧૧ લોકોના મોત થયા હોવાનું સ્થાનિક આરોગ્ય સત્તાવાળાએ જણાવ્યું હતું.ઈઝરાયલી લશ્કરી અધિકારીએ જણાવ્યું હતું કે રવિવારે ઈઝરાયલી સૈનિકો પર ઓછામાં ઓછા ત્રણ હુમલાઓના બદલામાં હમાસના ટાર્ગેટ પર હજુ પણ વધુ હુમલાઓ શરૂ થઈ શકે છે. રફાહના દક્ષિણ વિસ્તારમાં હમાસના આતંકવાદીઓએ ટેન્ક વિરોધી મિસાઈલ છોડી હતી અને તેના સૈનિકો પર ગોળીબાર કર્યો હતો. તેમને નિશાન બનાવી હુમલા અને તોપમારો કરાયો હતો. વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ કહ્યું હતું કે તેમણે યુદ્ધવિરામના ઉલ્લંઘનનો કડક જવાબ આપવા સૈન્યને આદેશ આપ્યો છે.હમાસના સશસ્ત્ર દળે એક નિવેદનમાં જણાવ્યું હતું કે તે સમગ્ર ગાઝામાં યુદ્ધવિરામ કરાર પ્રત્યે પ્રતિબદ્ધ છે. તે રફાહમાં થયેલી અથડામણથી અજાણ છે અને માર્ચથી તે ત્યાંના ત્રાસવાદી જૂથો સાથે સંપર્કમાં નથી. અહીં ઉલ્લેખનીય છે કે અમેરિકાના પ્રેસિડન્ટ ડોનાલ્ડ ટ્રમ્પની ગાઝા શાંતિ યોજનાના ભાગરૂપે બંને પક્ષો વચ્ચે ૧૧



ઓક્ટોબર પ્રથમ તબક્કાની યુદ્ધવિરામની સમજૂતી થઈ હતી. જોકે રવિવારના સંઘર્ષથી કાયમી શાંતિની આશાઓ વધુ ધૂંધળી બની હતી. બીજી તરફ ઈઝરાયેલે ગાઝા અને ઈજિપ્ત વચ્ચેના રફાહ બોર્ડર ક્રોસિંગને બંધ રાખવાની જાહેરાત કરી હતી.

નેતન્યાહૂના કાર્યાલયે નિવેદનમાં જણાવ્યું હતું કે હમાસ મૃત્યુ પામેલા ૨૮ બંધકોના મૃતદેહો પરત કરે તે પછી જ રફાહ બોર્ડર ખોલવામાં આવશે. ગયા સપ્તાહે હમાસે ૧૩ મૃતદેહો સોંપ્યા હતાં. અમેરિકાના વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે હમાસ ગાઝાના રહેવાસીઓ પર નજીકના સમયગાળામાં હુમલા કરવાની યોજના બનાવી રહ્યું હોવાનું તેની પાસે વિશ્વસનીય અહેવાલો છે.પેલેસ્ટિનિયન નાગરિકો સામે આ આયોજિત હુમલો યુદ્ધવિરામ કરારનું સીધું અને ગંભીર ઉલ્લંઘન કરશે અને મધ્યસ્થી પ્રયાસો દ્વારા પ્રાપ્ત થયેલી નોંધપાત્ર પ્રગતિને નબળી પાડશે. જોકે હમાસે આવા દાવાને ખોટા ગણાવીને ફગાવી દીધા હતાં અને ઈઝરાયલ પર તેના નિયંત્રણ હેઠળના વિસ્તારોમાં કાર્યરત સશસ્ત્ર જૂથોને ટેકો આપવાનો આરોપ આક્ષેપ કર્યો હતો. હમાસના

સશસ્ત્ર દળે એક નિવેદનમાં જણાવ્યું હતું કે તે સમગ્ર ગાઝામાં યુદ્ધવિરામ કરાર પ્રત્યે પ્રતિબદ્ધ છે. તે રફાહમાં થયેલી અથડામણથી અજાણ છે અને માર્ચથી તે ત્યાંના ત્રાસવાદી જૂથો સાથે સંપર્કમાં નથી. અહીં ઉલ્લેખનીય છે કે અમેરિકાના પ્રેસિડન્ટ ડોનાલ્ડ ટ્રમ્પની ગાઝા શાંતિ યોજનાના ભાગરૂપે બંને પક્ષો વચ્ચે ૧૧ ઓક્ટોબર પ્રથમ તબક્કાની યુદ્ધવિરામની સમજૂતી થઈ હતી. જોકે રવિવારના સંઘર્ષથી કાયમી શાંતિની આશાઓ વધુ ધૂંધળી બની હતી. બીજી તરફ ઈઝરાયેલે ગાઝા અને ઈજિપ્ત વચ્ચેના રફાહ બોર્ડર ક્રોસિંગને બંધ રાખવાની જાહેરાત કરી હતી. નેતન્યાહૂના કાર્યાલયે નિવેદનમાં જણાવ્યું હતું કે હમાસ મૃત્યુ પામેલા ૨૮ બંધકોના મૃતદેહો પરત કરે તે પછી જ રફાહ બોર્ડર ખોલવામાં આવશે. ગયા સપ્તાહે હમાસે ૧૩ મૃતદેહો સોંપ્યા હતાં. અમેરિકાના વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે હમાસ ગાઝાના રહેવાસીઓ પર નજીકના સમયગાળામાં હુમલા કરવાની યોજના બનાવી રહ્યું હોવાનું તેની પાસે વિશ્વસનીય અહેવાલો છે.પેલેસ્ટિનિયન નાગરિકો સામે આ આયોજિત હુમલો યુદ્ધવિરામ કરારનું સીધું અને ગંભીર ઉલ્લંઘન કરશે અને મધ્યસ્થી પ્રયાસો દ્વારા પ્રાપ્ત થયેલી નોંધપાત્ર પ્રગતિને નબળી પાડશે. જોકે હમાસે આવા દાવાને ખોટા ગણાવીને ફગાવી દીધા હતાં અને ઈઝરાયલ પર તેના નિયંત્રણ હેઠળના વિસ્તારોમાં કાર્યરત સશસ્ત્ર જૂથોને ટેકો આપવાનો આરોપ આક્ષેપ કર્યો હતો.

### આર્થિક મદદ રોકવા ચીમકી

## ડોનાલ્ડ ટ્રમ્પે કોલંબિયાના પ્રમુખ પેટ્રોને ડ્રગ્સના દાણચોર કહ્યા

### યુએસ તરફથી નોંધપાત્ર આર્થિક મદદ તેમજ સબસિડી મળી રહી હોવા છતાં પેટ્રો તેને રોકવા માટે કંઈ જ કરી રહ્યા નથી

। (એજન્સી) પામ બીચ, તા.૨૦ ।

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે લેટિન અમેરિકાના દેશ કોલંબિયાના વડા ગુસ્તાવો પેટ્રોને ગેરકાયદે ડ્રગ ડીલર ગણાવ્યા અને સાથે જ અમેરિકા દ્વારા અપાતી આર્થિક મદદ રોકવાની ચિમકી પણ ઉચ્ચારી છે. ટ્રમ્પે ટ્રુથ સોશિયલ પર એક પોસ્ટમાં લખ્યું કે, કોલંબિયાના રાષ્ટ્રપતિ ગુસ્તાવો પેટ્રો ગેરકાયદે ડ્રગ્સના દાણચોર છે,



તેઓ એક નિષ્ફળ તથા બિનલોકપ્રિય નેતા છે. જો કોલંબિયા ડ્રગ્સના વધી રહેલા દુષણ સામે કાર્યવાહી નહીં કરે તો અમેરિકા તેની સામે પગલાં લઈ શકે છે. ટ્રમ્પે રવિવારે ફ્લોરિડા સ્થિત તેના માર-એ-લાગો રિસોર્ટ ખાતે આ નિવેદન કર્યું હતું.ટ્રમ્પે ઉમેર્યુ કે, પેટ્રો અમેરિકા વિરુદ્ધ ઝેર ઓકી રહ્યા છે. તેમણે તાત્કાલિક ધોરણો 'મોતના ખેતરો' બંધ કરવા જોઈએ અન્યથા યુએસ તેને બંધ કરશે. પેટ્રો તેમના દેશમાં નાના તથા મોટા ખેતરોમાં ડ્રગ્તની ખેતીને પ્રોત્સાહન આપે છે.

હવે આ કોલંબિયાનો સૌથી મોટો વેપાર બની ગયો છે. યુએસ તરફથી નોંધપાત્ર આર્થિક મદદ તેમજ સબસિડી મળી રહી હોવા છતાં પેટ્રો તેને રોકવા માટે કંઈ જ કરી રહ્યા નથી. આ અમેરિકા સાથે સૌથી મોટો દગો છે. યુએસ તરફથી નોંધપાત્ર આર્થિક મદદ તેમજ સબસિડી મળી રહી હોવા છતાં પેટ્રો તેને રોકવા માટે કંઈ જ કરી રહ્યા નથી. આ અમેરિકા સાથે સૌથી મોટો દગો છે.

### બંને પડોશી દેશ એકબીજાના સાર્વભૌમત્વનું સન્માન કરશે

## પાકિસ્તાન અને અફઘાનિસ્તાન સીઝફાયર માટે સંમત થયા

### સીઝફાયરની સમજૂતીથી અલગ અફઘાન લોકોના હૃદયમાં પાકિસ્તાનના નાપાક હુમલાનું દર્દ કાયમ છે

। (એજન્સી) કતાર, તા.૨૦ ।

પાકિસ્તાન અને અફઘાનિસ્તાનની વચ્ચે કતારના દોહામાં વાતચીત થઈ છે. આ દરમિયાન બંને દેશો તાત્કાલિક શસ્ત્રવિરામ (સીઝફાયર) માટે સહમત થઈ ગયા છે, આ માહિતી કતારના વિદેશ મંત્રાલયે આપી છે. જોકે, સીઝફાયરની સમજૂતીથી અલગ અફઘાન લોકોના



હૃદયમાં પાકિસ્તાનના નાપાક હુમલાનું દર્દ કાયમ છે. કેમ કે ૪૮ કલાકના શસ્ત્રવિરામ પર સંમતિ પછી પણ પાકિસ્તાને અફઘાનિસ્તાનના પક્તિકામાં હવાઈ હુમલો કર્યો, જેમાં ઓછામાં ઓછા ૧૦ અફઘાન નાગરિકોના મોત થયા, જેમાં ત્રણ અફઘાન ક્રિકેટરો પણ સામેલ હતા. આ અફઘાન ક્રિકેટરો સહિત તમામ મૃતક નાગરિકોની અંતિમવિધિમાં હજારો અફઘાન લોકો સામેલ થયા હતા. મીડિયા અહેવાલ મુજબ, બંને દેશોની વચ્ચે તણાવ ઓછો કરવા માટે કતાર અને તુર્કીયેની મધ્યસ્થીમાં દોહામાં શનિવારે વાતચીત થઈ. ત્યાર પછી કતારના વિદેશ મંત્રાલયે કહ્યું કે, બંને પક્ષ ત્વરિત યુદ્ધવિરામ અને બંને દેશોની વચ્ચે સ્થાયી શાંતિ અને સ્થિરતાને મજબૂત કરવા માટે તંત્રની સ્થાપના પર સહમત થયા છે.

### પાકિસ્તાનમાં પ્રચંડ રિમોટ બ્લાસ્ટમાં ૭ લોકોના મોત

। (એજન્સી) બલૂચિસ્તાન,તા.૨૦ ।

પાકિસ્તાન નો અશાંત બલૂચિસ્તાન પ્રાંત ફરી એકવાર વિસ્ફોટોથી હચમચી ગયો છે. શુક્રવારે અહીં રિમોટ-કંટ્રોલ વિસ્ફોટમાં પાંચ સ્કૂલના બાળકો અને એક પોલીસકર્મી સહિત ઓછામાં ઓછા સાત લોકો માર્યા ગયા હતા. મીડિયા રિપોર્ટ્સમાંથી આ માહિતી મળી છે. એક અખબારના સમાચાર અનુસાર, પ્રાંતના મસ્તુંગ જિલ્લામાં સિવિલ હોસ્પિટલ ચોક સ્થિત એક શાળા પાસે સવારે ૮.૩૫ વાગ્યે વિસ્ફોટ થયો હતો."એવું લાગે છે કે એક IED (ઈમ્પ્રુવાઈઝ્ડ એક્સપ્લોઝિવ ડિવાઈસ) એક મોટરસાઈકલ પર મૂકવામાં આવ્યું હતું જે પોલીસના મોબાઈલ વાહનની નજીક વિસ્ફોટ થયું હતું,"

### આ ભયાનક અકસ્માતમાં વિમાનમાં સવાર ચાર લોકોમાંથી બેના મોત થયા

## દુબઈથી હોંગકોંગ આવતું વિમાન રન-વેથી લપસી દરિયામાં ગરકાવ

### આ દુર્ઘટના બાદ હોંગકોંગ એરપોર્ટના વ્યસ્ત એવા ઉત્તરી રનવેને તાત્કાલિક બંધ કરી દીધો છે, જેના કારણે કેટલીક ફ્લાઇટ્સના સંચાલન પર અસર પડી શકે છે

। (એજન્સી) દુબઈ, તા.૨૦ ।

દુબઈથી ઉડાન ભરનાર એક બોઈંગ ૭૪૭ કાર્ગો વિમાન સોમવારે વહેલી સવારે હોંગકોંગ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર લેન્ડિંગ કરતી વખતે રનવે પરથી લપસીને સમુદ્રમાં ખાબક્યું હતું. આ ભયાનક અકસ્માતમાં વિમાનમાં સવાર ચાર લોકોમાંથી બેના મોત થયા છે, જ્યારે અન્ય બેને બચાવી લેવાયા છે. દુર્ઘટના એટલી ગંભીર હતી કે વિમાનનો અડધો ભાગ તૂટીને સમુદ્રમાં ગરકાવ થઈ ગયો હતો.પ્રાથમિક અહેવાલો અનુસાર, આ દુર્ઘટના સ્થાનિક સમય



અનુસાર સવારે લગભગ ૩:૫૦ વાગ્યે બની હતી. વિમાન લેન્ડિંગ દરમિયાન રનવે પર નિયંત્રણ ગુમાવી બેઠું અને સીધું નજીકના સમુદ્રમાં જઈને પડ્યું. ઘટનાની જાણ થતાં જ એરપોર્ટ પર મોટા પાયે કટોકટી અને બચાવ કામગીરી શરૂ કરવામાં આવી હતી. એરપોર્ટ ઓથોરિટીએ જણાવ્યું કે બે લોકોને બચાવી લેવાયા છે, પરંતુ અન્ય બે લોકોના મોત થયા છે.આ દુર્ઘટના બાદ હોંગકોંગ એરપોર્ટના વ્યસ્ત એવા ઉત્તરી રનવેને તાત્કાલિક બંધ કરી દીધો છે, જેના કારણે કેટલીક ફ્લાઈટ્સના સંચાલન પર અસર પડી શકે છે. જોકે, એરપોર્ટના દક્ષિણ અને મધ્ય રનવે કાર્યરત છે. બીજી તરફ, અમીરાત એરલાઈન્સે એક નિવેદન જારી કરીને જણાવ્યું છે કે, ફ્લાઈટ EK9788 દુર્ઘટનાગ્રસ્ત થઈ છે, પરંતુ ક્રૂ મેમ્બર્સ સુરક્ષિત છે. જોકે, એરપોર્ટ ઓથોરિટીના મૃત્યુના આંકડા આ નિવેદનથી વિરોધાભાસી છે.

### સ્પેનમાં વિનાશક પૂરને લીધે ૧૪૦ના મોત, અનેક લાપતા

। (એજન્સી) સ્પેન, તા.૨૦ ।

સ્પેનમાં આવેલા વિનાશક પૂરે તબાહી મચાવી છે. પૂરપ્રકોપના કારણે પરિસ્થિતિ અંત્યત ખરાબ થઈ જવા પામી છે. મુશળધાર વરસાદને કારણે ચારેબાજુ પાણી જ પાણી જોવા મળે છે. પૂરના કારણે અત્યાર સુધીમાં સ્પેનમાં ૧૪૦ લોકોના મોત થયા છે. દરમિયાન, સ્પેનિશ સત્તાવાળાઓએ પૂરથી પ્રભાવિત વિસ્તારના લોકોને બચાવ કામગીરી દરમિયાન ઘરમાં જ રહેવા વિનંતી કરી હતી. હવામાન વિભાગે ભારે વરસાદની આગાહી કરી છે. વરસાદનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે, પૂરના પાણીની સાથે ઘસી આવેલા કાદવમાં અનેક વાહનો ખેચાઈ અને ફસાઈ ગયા હતા. લોકો પોતાનો જીવ બચાવવા ઘરની છત પર ચઢી ગયા હતા.

### સુપ્રીમ કોર્ટમાં આ કેસની વધુ સુનાવણી ૨૬ નવેમ્બરે થશે

## સુપ્રીમે ગરીબ કેદીઓ માટે જામીનની રકમની ચૂકવણી માટે SOP બદલ્યા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૦ ।

અંડર ટ્રાયલ ગરીબ કેદીઓ માટે રાજ્ય સરકાર દ્વારા જામીનના નાણાં કોર્ટમાં જમા કરાવવા બાબતે જીંમાં સુપ્રીમ કોર્ટે મહત્ત્વના ફેરફાર કર્યા છે. રાજ્ય સરકાર દ્વારા જિલ્લા કાનૂની સેવા સત્તામંડળના માધ્યમથી કોર્ટમાં ગરીબ કેદીઓના જામીનની રકમ કોર્ટમાં જમા કરાવાય છે. જસ્ટિસ એમ એમ સુંદરેશ અને જસ્ટિસ સતીશ ચંદ્ર શર્માની બેન્ચે એડિશનલ સોલિસિટર જનરલ ઐશ્વર્યા ભાટી અને એમિકસ ક્યુરી સિનિયર એડવોકેટ સિદ્ધાર્થ લુથરાના સૂચનોને ગ્રાહ્ય રાખી હુકમ કર્યો હતો. સુપ્રીમ કોર્ટે ઠરાવ્યું હતું કે, જિલ્લા કાનૂની



સેવા સત્તામંડળના સેક્રેટરી આ કમિટીના સભ્ય રહેશે. જામીન મળ્યાના સાત દિવસની અંદર અંડરટ્રાયલ કેદીને જેલમાંથી મુક્તિ ન મળે તો આ બાબતે જેલ તંત્રએ સત્તામંડળના સેક્રેટરીને જાણ કરવાની રહેશે. જાણકારી મળ્યા પછી સેક્ટેરી દ્વારા અંડર ટ્રાયલ કેદીની આર્થિક સ્થિતિ, બચત ખાતા વગેરે અંગે તપાસ કરવામાં આવશે. ત્યારબાદ પાંચ દિવસમાં આ અંગે યોગ્ય નિર્ણય લેવામાં આવશે.

# મેં સીટ ખાલી કરી તેથી મારો આભાર માનો...! નવા બનેલા મંત્રીને ગેનીબેને હસતા હસતા સંભળાવી દીધું

। (એજન્સી) બનાસકાંઠા, તા.૨૦ ।

બનાસકાંઠામાં ૬ મહિના પહેલા જ નવા બનેલા ધારાસભ્ય સ્વરૂપજી ઠાકોરને મંત્રીપદ મળી જતા ઠાકોર સમાજમાં ખુશીનો માહોલ છવાયો છે. ત્યારે ભાભરમાં કોંગ્રેસના સાંસદ ગેનીબેન ઠાકોરે રાજ્યકક્ષાના મંત્રી સ્વરૂપજી ઠાકોરનું સ્વાગત કર્યું હતું. જોકે, આ સમયે ગેનીબેને એવી વાત કરી હતી કે, માહોલ હળવો બન્યો હતો, અને લોકો હસી પડ્યા હતા.





વાવના ધારાસભ્ય સ્વરૂપજી ઠાકોર મંત્રી બનતા તેમના પરિવાર અને ગામમાં ખુશીનો માહોલ છવાયો છે. ત્યારે ભાભરમાં આજે સ્વરૂપજી ઠાકોરનું ભવ્ય સ્વાગત કરાયું હતુ. આ પ્રસંગે કોંગ્રેસના સાંસદ ગેનીબેન ઠાકોર પણ ઉપસ્થિત રહ્યા હતા. સ્વરૂપજી ઠાકોરને મંત્રી બનાવાતા ભાભરમાં સ્વાગત કાર્યક્રમ યોજાયો હતો. જેમાં સાંસદ ગેનીબેન ઠાકોર હળવા અંદાજમાં દેખાયા હતા. રાજ્ય સરકારના મંત્રીમંડળનું વિસ્તરણ થયા બાદ ગઈકાલે નવા મંત્રીઓની રાજ્ય સરકાર દ્વારા નિમણૂક કરવામાં આવી હતી. જેમાં બનાસકાંઠાના ડીસાના ધારાસભ્ય પ્રવીણ માળી અને વાવના ધારાસભ્ય સ્વરૂપજી ઠાકોરને મંત્રી પદ સોંપવામાં આવ્યું છે. મંત્રી બન્યા બાદ વાવના ધારાસભ્ય અને મંત્રી સ્વરૂપજી ઠાકોર પણ પોતાના માદરે વતનથી કમલમ કાર્યાલય ખાતે પહોંચ્યા હતા. બનાસકાંઠા જિલ્લામાંથી બે ધારાસભ્યો પ્રવીણ માળી અને સ્વરૂપજી ઠાકોર મંત્રી બનતા આ બંનેનો પાલનપુર કમલમ કાર્યાલય ખાતે સન્માન સમારોહ યોજાયો. ભાજપના કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં મંત્રીઓના સન્માન માટે કમલમ કાર્યાલય ખાતે પહોંચ્યા અને કમલમ ખાતે પહોંચેલા બંને મંત્રીઓને ભેટ સોગાદ અર્પણ કરી કાર્યકર્તાઓએ મંત્રીઓનું સન્માન કર્યું હતું. સ્વરૂપજી ઠાકોરે ૨૦૨૨ની રાજ્ય વિધાનસભા ચૂંટણીમાં વાવ બેઠક પરથી ચૂંટણી લડી હતી, પરંતુ તેમાં તેઓ કોંગ્રેસના ઉમેદવાર ગેનીબેન ઠાકોર સામે હારી ગયા હતા. આ ઉપરાંત, ૨૦૧૯માં તેમણે બનાસકાંઠા લોકસભા બેઠક પરથી અપક્ષ ઉમેદવાર તરીકે ચૂંટણી લડી હતી, પરંતુ તેમાં પણ તેમને સફળતા મળી ન હતી. પરંતુ ગેનીબેન ઠાકોર લોકસભાની ચૂંટણી જીતીને સાંસદ બન્યા બાદ ખાલી પડેલી બેઠક પર ભાજપે સ્વરૂપજીને ઉમેદવાર બનાવ્યા હતા, અને તેઓ જીત્યા હતા. હજી હમણા જ નવા નવા ધારાસભ્ય બનીને આવેલા સ્વરૂપજી માટે મંત્રીપદ લોટરી જેવી છે.

જન્મદિને જ યુવકને મોત લઈ ગયું!

# શહેરમાં કરેલી દિવાળીની રોશની જોવા નીકળેલા યુવકનું અકસ્માતમાં મોત

## મિત્રો સાથે ડિનર કરી રોશની જોવા નીકળ્યા ને કાળ ભરખી ગયો; અકોટા દાંડિયા બજાર બ્રિજ પર લોહીનું ખાબોચિયું ભરાયું

। (એજન્સી) વડોદરા,તા.૨૦ ।

વડોદરાના અકોટા દાડિયા બજાર બ્રિજ પર મોડી રાત્રે અકસ્માત સર્જાયો હતો. જેમાં શહેરમાં કરેલી રોશની જોવા નીકળેલા ૧૮ વર્ષીય યુવકનું કમકમાટીભર્યું મોત નિપજ્યું છે. ટ્રકની ટકકર વાગતા એક્ટિવા સવારનું ઘટના સ્થળે મોત નિપજ્યું છે. દુખદ વાત એ છે કે, જન્મ દિવસે જ અકસ્માત થતા યુવકે જીવ ગુમાવ્યો.



પ્રાપ્ત માહિતી અનુસાર, તરસાલી વિસ્તારમાં રહેતા દિનેશભાઈ પટેલ એક ખાનગી કંપનીમાં નોકરી કરે છે. તેમના ૧૮ વર્ષીય દીકરા ધીર પટેલનો શનિવારે જન્મદિવસ હતો. તેથી તે પોતાના મિત્રો સાથે તરસાલી વિસ્તારમાં આવેલ એક હોટલમાં જમવા ગયો હતો. વડોદરા શહેરમાં દિવાળી હોવાથી ચારેતરફ રોશની કરવામાં આવી છે. ત્યારે ૧૮ વર્ષીય પાટીદાર યુવક ધીર પટેલ પોતાના મિત્રો સાથે દિવાળીમાં કરાયેલ રોશની જોવા નીકળ્યો હતો. ધીર પટેલ પોતાના મિત્રો સાથે દાંડિયા બજાર બ્રિજ પર લાઈટિંગ જોવા પહોંચ્યો હતો. તે ટુ વ્હીલર લઈને બ્રિજ પર પહોંચ્યો ત્યારે એક ટ્રકે ધીરની એક્ટિવાને ટક્કર મારી હતી.

આ અકસ્માત એટલો ગંભીર હતો કે, તેનુ એક્ટિવ ટ્રકના આગળના ભાગમાં ઘૂસી ગયુ હતું. ટ્રકે એક્ટિવાને ટક્કર મારતા ધિર અને ગૌતમ બારીયા બંને મિત્રોને

## ૪૦ અને ૨૦ લાખના દેવામાં સપડાયા ૨ યુવકો!

। (એજન્સી) વડોદરા, તા.૨૦ ।

આજના ડિજિટલ યુગમાં ઓનલાઈન ગેમિંગનો ક્રેઝ યુવાનોમાં માઝા મૂકી રહ્યો છે, ત્યારે વડોદરા શહેરમાંથી બે ચોંકાવનારી ઘટનાઓ સામે આવી છે, જેણે ઓનલાઈન ગેમિંગની લતની ગંભીર અસરો પરિવારને ભોગવવાનો વારો આવ્યો છે. ગેમ રમવાના ચક્કરમાં ગોત્રી અને ફતેગંજ વિસ્તારના બે યુવકો અનુક્રમે ૪૦ લાખ અને ૨૦ લાખ રૂપિયાના જંગી દેવામાં સપડાયા છે. ઓનલાઈન ગેમિંગની આ ઉધઈ પરિવારોને આર્થિક અને માનસિક રીતે ભાંગી રહી હોવાનું સ્પષ્ટપણે દેખાઈ રહ્યું છે. ગેમિંગની આ લતના કારણે બંને યુવકોના પરિવારમાં ભારે ઝઘડા અને માનસિક તણાવનું વાતાવરણ સર્જાયું છે. દીકરાઓને આર્થિક સંકટમાંથી બહાર કાઢવા માટે માતા-પિતાએ પોતાની જીવનભરની જમાપૂંજી અને પેન્શનના રૂપિયા વાપરીને દેવું ચૂકવવું પડ્યું છે. આ ઘટના સમાજ માટે ઉદાહરણરૂપ છે કે કેવી રીતે એક સામાન્ય દેખાતી આદત સમગ્ર પરિવારને આર્થિક મુશ્કેલીના ઊંડા કૂવામાં ધકેલી શકે છે. ગોત્રી વિસ્તારના યુવકનો કિસ્સો વધુ આશ્ચર્યજનક છે. તે બાથરૂમમાં કલાકો સુધી છુપાઈને ઓનલાઈન ગેમ રમતો હતો, અને તેના પરિવારને તેની આ લતની જાણ પણ ન થઈ. જ્યારે દેવાનો ડુંગર માથે આવ્યો, ત્યારે પરિવાર સત્ય જાણીને આઘાતમાં સરી પડ્યો હતો. બીજી તરફ, ફતેગંજ વિસ્તારનો યુવક તો નોકરીના કલાકો દરમિયાન પણ ગેમ રમતો હતો.

બે કિમી લાંબી લાઈન, ખતરનાક ભીડ

# વતન જનારાઓથી ઉભરાઈ ગયું સુરતનું રેલવે સ્ટેશન

## અમદાવાદ-સુરત-રેલ્વે-બસ સ્ટેન્ડ પર ભારે ભીડ ઉમટી

। (એજન્સી) સુરત, તા.૨૦ ।

સુરત રેલવે સ્ટેશન પર મુસાફરોની ભારે ભીડ ઉમટી પડી છે. દિવાળીના તહેવારને લઈને મુસાફરો ઉમટ્યા છે. યુપી, બિહારના લોકો વતન જવા માટે ઉમટ્યા છે. રેલવે સ્ટેશન પર ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવાયો છે. ટ્રેનમાં સીટ મળે તે માટે લોકો રાતથી લાઈનમાં ઉભા રહ્યાં છે.

વતન જવા માટે રેલવે સ્ટેશન પર ભારે ભીડ ઉમટી પડી છે. ઉત્તરપ્રદેશ-બિહાર જવા માટે લોકો લાઈન લગાવીને બેસ્યા છે. રેલવે સ્ટેશન બહાર દોઢ કિલોમીટર લાંબી લાઈન લાગી છે. છઠ પૂજા, દિવાળીના કારણે વતન તરફ લોકોએ વાટ પકડી છે. હાલ સુરતથી વધારાની ૧૨ ટ્રેનો દોડાવાઈ રહી છે. ભીડ જોતા લાગે છે કે, વધારાની ટ્રેન હજુ પણ અપુરતી સાબિત થઈ રહી છે.

સુરતના ઉધના રેલવે સ્ટેશન પર વતન જવા નીકળેલા મુસાફરોની દોઢ કિલોમીટર લાંબી કતાર લાગી છે. દિવાળી પર્વ પર વતન જવા ઉધના રેલવે સ્ટેશન પર મુસાફરોનો અભૂતપૂર્વ ધસારો જોવા મળ્યો છે. ઉત્તર પ્રદેશ અને બિહારના પ્રવાસીઓ માટે વતન જવું એક 'સપના' સમાન બની ગયું છે. રેલવે સ્ટેશનની બહાર મુસાફરોની લગભગ દોઢ કિલોમીટર જેટલી લાંબી લાઈન લાગી છે. દિવાળી, છઠ પૂજા સાથે બિહારમાં ચૂંટણી હોવાથી યુપી અને બિહાર તરફ જતી ટ્રેનોમાં ભારે ભીડ જોવા મળી છે. સીટ મેળવવા માટે શ્રમિકો વર્ગ મોડી રાતથી જ લાઈનમાં ઊભા રહેવા મજબૂર બન્યા છે. ભીડ એટલી બેકાબૂ છે કે લોકોને પ્લેટફોર્મ પર જગ્યા શોધવા માટે પણ સંઘર્ષ કરવો પડી રહ્યો છે.

દિવાળી તહેવારને ધ્યાનમાં રાખી રેલવે તંત્ર દ્વારા ૧૨ જેટલી એક્સ્ટ્રા ટ્રેનો દોડાવાઈ છે. મુસાફરોની આ જંગી ભીડને પહોંચી વળવા માટે રેલવે તંત્ર દ્વારા ૧૨ જેટલી એક્સ્ટ્રા ટ્રેનો દોડાવવામાં આવી છે. જેથી લોકોને થોડી રાહત મળી શકે. જોકે, મુસાફરોની સંખ્યાના પ્રમાણમાં આ ટ્રેનો અપૂરતી સાબિત થઈ છે.

પ્રવાસીઓ દ્વારા વધુ એક્સ્ટ્રા ટ્રેનો દોડાવવા માટે રેલવે પાસે મુસાફરોએ માંગ કરી છે. મુસાફરોની સલામતી અને વ્યવસ્થા જાળવવા માટે સુરક્ષાને લઈ ઉધના રેલવે સ્ટેશન પર ખાસ પોલીસ અને ઈંહ્ન નો ચુસ્ત બંદોબસ્ત ગોઠવાયો છે. લાંબી કતારો વચ્ચે મુસાફરોને વ્યવસ્થિત રીતે ટ્રેનમાં બેસાડવાની કામગીરીમાં પોલીસ જોડાઈ છે. સુરતના ઉધના રેલવે સ્ટેશન પર વતન જવા નીકળેલા મુસાફરોની દોઢ કિલોમીટર લાંબી કતાર લાગી છે. દિવાળી પર્વ પર વતન જવા ઉધના રેલવે સ્ટેશન પર મુસાફરોનો અભૂતપૂર્વ ધસારો જોવા મળ્યો છે. ઉત્તર પ્રદેશ અને બિહારના પ્રવાસીઓ માટે વતન જવું એક 'સપના' સમાન બની ગયું છે. રેલવે સ્ટેશનની બહાર મુસાફરોની લગભગ દોઢ કિલોમીટર જેટલી લાંબી લાઈન લાગી છે.

# ઘર સંભાળનાર પુત્રવધુઓનું પ્રજાપતિ સમાજે કર્યુ સન્માન

। (એજન્સી) સુરત, તા.૨૦ ।

સુરતમાં વાટલિયા પ્રજાપતિ સમાજે અનોખી ઉજવણી કરી. પુત્રવધુ રત્ન એવોર્ડથી અનેક પુત્રવધુઓને સન્માનિત કરી હતી. ૧૦ વર્ષથી સંયુક્ત પરિવારમાં રહેતી પુત્રવધુઓને સન્માનિત કરાઈ. એટલુ જ નહિ, એક જ રસોડામાં જમતાં પરિવારોનું પણ સન્માન કરાયું. સમાજ દ્વારા ૫૧ પુત્રવધુઓને સન્માનિત કરી સંયુક્ત પરિવારનો ખાસ સંદેશ આપ્યો. કુટુંબ ભાવના વિકસે તેવા ઉદ્દેશથી આ કાર્યક્રમ યોજ્યો હતો.

વરાછાના પુણાગામ ખાતે ધનતેરસના દિવસે શનિવારે એક અનોખો અને પ્રેરણાદાયક સન્માન સમારોહ "પુત્રવધૂ રત્ન એવોર્ડ"નું આયોજન થયું હતું. સમસ્ત વાટલીયા પ્રજાપતિ સમાજ વાસાવડ ગોળ સુરત સંચાલિત શ્રી પ્રજાપતિ યુવા વિકાસ ટ્રસ્ટ સુરત દ્વારા સુરત શહેરના ઈતિહાસમાં સૌ પ્રથમ વખત યોજાયેલા આ અનોખા અને પ્રેરણાદાયક સન્માન સમારોહમાં છેલ્લા ૧૦-વર્ષ કે તેથી વધુ સમયથી સંયુક્ત કુટુંબમાં રહેતા તથા એક જ રસોડે જમતા પરિવારની ૫૧-પુત્રવધુને "પુત્રવધુ રત્ન એવોર્ડ" આપીને સન્માનિત કરવામાં આવી હતી.

લક્ષ્મી પૂજનનાં શુભદિને ગૃહલક્ષ્મીનું સન્માન કરી સર્વ સમાજ માટે "શ્રી પ્રજાપતિ યુવા વિકાસ ટ્રસ્ટ, સુરત" દ્વારા ખૂબ જ પ્રેરણાદાયક અને પ્રશંશનીય પહેલ કરવામાં આવી હતી.

આ આયોજનનાં મુખ્ય પ્રેરક તથા સંસ્થાના મંત્રી એવા સામાજિક કાર્યકર્તા નિલેશ ધીરુભાઈ જીકાદરા દ્વારા આયોજનનાં પ્રેરણાસ્ત્રોત વિશે એવું જણાવ્યું હતું કે, આજ દિન સુધી સામાજિક તથા સેવાકીય સંસ્થાઓ દ્વારા થતા વિવિધ આયોજનોમાં સામાજિક અગ્રણીઓ તથા દાતાઓનું સન્માન થતું જોયું છે, યુવાઓને પ્રોત્સાહન અપાય છે, માતૃ-પિતૃ વંદના થાય છે, દીકરીઓનું પૂજન થાય છે. તેમજ વિવિધ ક્ષેત્રમાં સફળ થયેલી સ્ત્રીઓને સન્માનિત કરવા માટે પણ ઘણા બધા આયોજનો થાય છે. જે ખૂબ જ આવકારદાયક છે. પરંતુ સમાજ, પરિવાર કે કુટુંબની રચનામાં પાયાનો પથ્થર કહી શકાય તેવા "પુત્રવધુ" રૂપે સ્ત્રીનાં યોગદાન, ત્યાગ અને સમર્પણને તેમના પરિવારજનો તેમજ સામાજિક તથા સેવાકીય સંસ્થાઓ દ્વારા હરહંમેશ અવગણવામાં આવી છે. ત્યારે એક સામાજિક કાર્યકર્તા તરીકે મારી એક નૈતિક જવાબદારી સમજીને "પુત્રથી પણ વધુ" એવી પુત્રવધુને "પુત્રવધુ રત્ન એવોર્ડ" અર્પણ કરીને સામાજિક માનસિકતામાં એક સકારાત્મક પરિવર્તન લાવવાનો વિનમ્ર પ્રયાસ કર્યો છે.

## ભાઈબીજના દિવસે બહેનો માટે સિટીબસ અને BRTS બસમાં મુસાફરી ફ્રી

। (એજન્સી) રાજકોટ, તા.૨૦ ।

ભાઈ-બહેનના પવિત્ર પ્રેમ અને સ્નેહના તહેવાર ભાઈબીજ નિમિત્તે રાજકોટ મહાનગરપાલિકા (RMC) દ્વારા શહેરની બહેનોને એક અનોખી ભેટ આપવામાં આવી છે.

આ નિર્ણય મુજબ, ભાઈબીજના દિવસે શહેરની તમામ મહિલાઓ સિટીબસ અને બીઆરટીએસ (BRTS) બસ સેવામાં વિનામૂલ્યે મુસાફરી કરી શકશે.

મનપાએ પોતાના નિર્ણયમાં જણાવ્યું છે કે બહેનો આ શુભ દિવસે પોતાના ભાઈના ઘરે જવા-આવવા માટે અથવા અન્ય કોઈ પણ સ્થળે જવા માટે સિટીબસ અને બીઆરટીએસ બસ સેવાનો ઉપયોગ સંપૂર્ણપણે મફતમાં કરી શકશે. શહેરમાં ચાલતા તમામ રૂટ ઉપર આ સુવિધા બહેનો માટે ઉપલબ્ધ રહેશે. રાજકોટ મહાનગરપાલિકા વર્ષોથી રક્ષાબંધન અને ભાઈબીજ જેવા તહેવારો પર મહિલાઓને આ પ્રકારની ફ્રી મુસાફરીની સુવિધા પૂરી પાડે છે, જે બહેનો માટે ખૂબ જ રાહતરૂપ અને આવકારદાયક નિર્ણય છે. આ યોજનાથી બહેનો સરળતાથી અને નિઃશુલ્ક મુસાફરી કરીને તહેવારની ઉજવણી કરી શકશે.

## ચાલુ વાહન પર મોબાઈલનો ઉપયોગ કરતા જ એક યુવક નીચે પટકાયો

। (એજન્સી) અમદાવાદ, તા.૨૦ ।

અમદાવાદ પોલીસ લોકોમાં ટ્રાફિક અંગે જાગૃતતા લાવવા માટે મક્કમ બની છે. ત્યારે અમદાવાદ પોલીસે એક વીડિયો વાયરલ કરીને ચાલુ ગાડીએ મોબાઈલનો ઉપયોગ કરતા લોકોને ચેતવ્યા છે. ચાલુ વાહને મોબાઈલનો ઉપયોગ કરવાની આદત યુવકને ભારે પડી હતી. અચાનક બેલેન્સ ગુમાવતા યુવક બાઈક પરથી નીચે પટકાયો હતો. સમગ્ર ઘટના પાછળથી આવી રહેલી કારના ડેસ્કેમમાં વીડિયો રેકોર્ડ થઈ હતી. જોકે, યુવકે હેલમેટ પહેર્યું હોવાથી તેનો બચ્યો હતો. આ વીડિયો અમદાવાદ શહેરનો છે. જેમા એક ઓવરબ્રિજ પરથી પસાર થતા સમયે એક યુવકે ચાલુ ગાડી પર મોબાઈલનો ઉપયોગ કર્યો હતો. એક હાથમાં મોપેડ અને એક હાથમાં મોબાઈલ હોવાથી તેનું બેલેન્સ બગડ્યું હતું. આ સમયે યુવક નીચે રોડ પર પટકાયો હતો. વક જે મોપેડ પર સવાર હતો તે મોપેડ ફંગોળાઈને ૧૫ થી ૨૦ ફૂટ દૂર ફેંકાઈ ગયું હતું. યુવકની પાછળ આવી રહેલી કારે બ્રેક મારતા યુવકનો જીવ બચ્યો હતો.

વિશેષ

પોતાની ઓરડીમાં લઈ જઈ સગીરા સાથે કર્યું દુષ્કર્મ

# અમદાવાદના વટવા વિસ્તારમાં ૧૨ વર્ષની સગીરા સાથે દુષ્કર્મનો બનાવ

। (એજન્સી) અમદાવાદ, તા.૨૦ ।

વટવામાં સગીરા સાથે અડપલડા અને બળાત્કાર કેસમાં એક આરોપીની ધરપકડ કરી વટવા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે સગીરાને આરોપીએ ૧૦૦ રૂપિયા આપ્યા અને બગીચામાં લઈ જવાની લાલચ આપી ઘરે લઈ જઈને બળાત્કાર કર્યો હતો.

વટવા પોલીસની ગિરફતમાં ઉભેલા શખ્સનું નામ પ્રફુલ બેચન ઠાકુર ઉર્ફે પ્રિન્સ છે. જેની વટવા પોલીસે સગીરા સાથે અડપલા અને દુષ્કર્મ ના કેસમાં ઉત્તરપ્રદેશના બડકી ભઠીયા ખાતેથી ધરપકડ કરી છે.





જો સમગ્ર બનાવની વાત કરવામાં આવે તો ગઈ તારીખ ૧૩મીમાં રોજ ૧૨ વર્ષીય સગીરા જ્યારે શાળાએથી પરત ઘરે જઈ રહી હતી, ત્યારે જ આ આરોપીએ રસ્તા વચ્ચે ઉભી રાખી અને લાલચ આપી હતી કે હું તને ૧૦૦ રૂપિયા આપીશ અને બગીચામાં ફરવા માટે લઈ જઈશ તો મારી સાથે મારા ઘરે આવે તો આ વાતમાં સગીરા આવી ગઈ હતી. આરોપી પ્રફુલ બેચન ઠાકુર ઉર્ફે પ્રિન્સ સગીરાને પોતાના ઘરે લઈ ગયો હતો. બાદમાં ત્યાં તેની સાથે શારીરિક અડપલા અને દુષ્કર્મ કર્યું હતું. જેના બદલામાં આરોપીએ સગીરા ૧૦૦ રૂપિયા પણ આપ્યા હતા. આ સમગ્ર બનાવ પરિવારને જાણવા મળતા પરિવારે વટવા પોલીસ સ્ટેશન માં ફરિયાદ નોંધાવી હતી.

વટવા પોલીસ ની પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે સગીરા સાથે બળાત્કાર થયો છે તે ખુદ પોતે પણ ન સમજી શકી હતી પણ આરોપી એ જે ૧૦૦ રૂપિયા આપ્યા હતા તેમાંથી સગીરા ઘરે માટે નાની મોટી વસ્તુઓ લાવી હતી, માતાએ પૂછ્યું હતું કે આ તમામ વસ્તુઓ તું ક્યાં થી લાવી ત્યારે સગીરાએ આખી વાત કરી હતી કે આ પ્રકારે આરોપીએ ૧૦૦ રૂપિયા આપ્યા હતા. જે વાત સાંભળી પરિવારને માલુમ થયું કે પોતાની દીકરી બળાત્કારનો ભોગ બની છે.

આરોપી પ્રફુલ બેચન ઠાકુર ઉર્ફે પ્રિન્સના હાથે ત્યારે વટવા પોલીસ ફરિયાદ નોંધી તપાસ શરૂ કરી તો જાણવા મળ્યું કે આરોપી પોતાના વતન ઉત્તરપ્રદેશ ફરાર થઈ ચૂક્યો છે ત્યારે વટવા પોલીસે એક ટીમ બનાવી આરોપીના વતનમાં મોકલી આપીને ગણતરીના કલાકમાં ધરપકડ કરી લીધી હતી.

સગીરા સાથે બળાત્કારના કેસમાં આરોપી પ્રફુલ બેચન ઠાકુર ઉર્ફે પ્રિન્સ ધરપકડ કરી વટવા પોલીસે પૂછ પરછ કરતા સામે આવ્યું છે કે વટવા વિસ્તારમાં આરોપી છૂટક મજૂરી કરે છે ત્યારે આ સિવાયના એની કોઈ ગુના કર્યા છે કે કેમ તેને લઈને તપાસ હાથ ધરી છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

# મથુરાના વિશ્વ પ્રસિદ્ધ બાંકે બિહારી મંદિરના ખજાનાનો રૂમ ખોલાયો



। (એજન્સી) મથુરા, તા.૨૦ ।

મથુરાના વિશ્વ પ્રસિધ્ધ બાંકેબિહારીના મંદિરમાં ૫૪ વર્ષ બાદ ખજાનાનો રુમ આજે ધનતેરસના દિવસે ખોલવામાં આવ્યો છે.મંદિર પરિસરમા ભારે પોલિસ દળ તૈનાત કરવામાં આવ્યું છે અને સુરક્ષાનો કડક બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે.શ્રધ્ધાળુઓ અને સ્થાનિક લોકોમાં ઉસ્સુકતા અને ઉત્સાહનો માહોલ છે, કેમ કે આ રૂમ અડધી સદી સુધી બંધ હતો.તેને મંદિરનો ખજાનો માનવામાં આવે છે. મંદિરમા ઉપસ્થિત સેવારત આભાસ ગોસ્વામી એ જણાવ્યું કે મંદિરના ગર્ભગૃહની બરાબર સ્થિત આ રુમ ને દાયકાઓ અગાઉ સુરક્ષાના કારણે બંધ કરાયો હતો.અગાઉ સુરક્ષાની યોગ્ય વ્યવસ્થા થઈ ન હતી, એટલે ઠાકોરજીનો દૈનિક ઉપ યોગી સામાન વાસણો,કળશ, સ્નાન સામગ્રી વગેરે આ રૂમમા સુરક્ષીત રાખવામાં આવતો હતો. આ ઉપરાંત ચાંદી અને સોનાના નાના આભુષણો સ્ટેટ બેંક મથુરામાં જમા રાખ્યા હતાં. આજે આ રુમને ખોલવામાં આવ્યો હતો અને કેટલાક લોકો સાથે અંદર ગયા હતાં. આ રુમમા પાણીના ખાબોચિયા ભરેલા જોવા મળ્યા હતાં. કિચડ દેખાયો હતો તેમજ ઉંદર પણ દેખાયા હતાં. ગોસ્વામી આભાસે જણાવ્યું હતું કે આ રૂમમાંથી જે વસ્તુઓ નિકળશે તે ઠાકોરજીની પ ૂજા અને સેવામા ઉપયોગમા લીધેલી પ્રાચીન વસ્તુઓ હશે. જેમ કે તાંબા અને ચાંદીના વાસણો,કળશ, સ્નાન સામગ્રી કે જૂના આભૂષણો હશે. ખજાનાના રૂમની સફાઇ પૂર્ણ થયા બાદ તેમાથી નીકળેલી વસ્તુઓ શ્રધ્ધાળુઓ અને મીડિયા સમક્ષ રજૂ કરવામાં આવશે. મંદિર વહીવટદારોએ જણાવ્યું હતું કે રૂમની કોઈપણ વસ્તુને વ્યવસ્થીત કરતા પહેલા સુરક્ષા અને ધાર્મિક નિયમોનું પાલન કરવામાં આવશે.મથુરામા આ ઐતિહાસીક અવસર શ્રધ્ધાળુઓ માટે જ નહી પરંતુ ઈતિહાસ અને સંસ્કૃ તિમાં રૂચી રાખનાર લોકો માટે મહત્વપૂર્ણ છે.લગભગ અડધી સદી બાદ આ ખજાનો ખુલવાની પ્રક્રિયા થી સમગ્ર શહેરમાં ઉત્સુકતા અને કુતુહલતા વધી રહી છે.

### ભારત-અમેરિકા વચ્ચેના આંતરિક સંઘર્ષના મૂળમાં કરન્સી

# ભારતે રશિયન ક્રૂડનું પેમેન્ટ યુઆનમાં કરતા ડોલરને પડકાર

## રશિયા પાસેથી ક્રુડની ખરીદી માટે યુઆનમાં ફરીથી ચૂકવણી ભારત અને ચીન વચ્ચે સંબંધો સુધર્યા હોવાના સંકેત

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૦ ।

ભારતે રશિયા પાસેથી ક્રુડ ઓઈલ ખરીદવા માટે ચીનના ચલણ યુઆનમાં પેમેન્ટ કરવાનું શરૂ કરીને આંતરરાષ્ટ્રીય બજારમાં ડોલરના પ્રભુત્વને પડકાર્યું છે. ટ્રમ્પે બ્રિક્સ દેશોને ડોલરના વિકલ્પ નું સમર્થન કરવા સામે ચેતવણી આપી હતી ત્યારે ભારત, રશિયા, ચીને બ્રિક્સનું ચલણ બનાવ્યા વિના જ ટ્રમ્પના ડોલરના અભિમાનને ચકનાચુર કરવાનો રસ્તો શોધી કાઢ્યો છે. બીજીબાજુ અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે શુક્રવારે ફરીથી દાવો કર્યો કે પીએમ મોદીએ રશિયાનું ક્રુડ ઓઈલ ખરીદવાનું ટૂંકમાં બંધ કરવાનું આશ્વાસન આપ્યું છે.



ભારતે આંતરરાષ્ટ્રીય ઊર્જા બજારમાં રશિયન ક્રુડ ઓઈલની ખરીદી માટે ચીનના ચલણ યુઆનમાં પેમેન્ટ કરવાનું શરૂ કરીને હોબાળો મચાવી દીધો છે. જોકે, ભારતની કુલ ખરીદીની સરખામણીમાં ચીનના ચલણમાં થનારા પેમેન્ટનું પ્રમાણ ઘણું ઓછું છે, પરંતુ તેનાથી ભારત તરફથી પેમેન્ટ સિસ્ટમમાં થયેલું પરિવર્તન સામે આવ્યું છે.

નિષ્ણાતો આ બાબતને ભારત, રશિયા અને ચીને બ્રિક્સનું નવું ચલણ બનાવ્યા વિના જ આંતરરાષ્ટ્રીય બજારમાં અમેરિકન ડોલરના પ્રભુત્વને ખતમ કરવાના પ્રયાસ તરીકે જૂએ છે.

ભારતના આ નાના પગલાંની ભૂ-રાજકીય સ્તરે મોટી અસર જોવા મળી છે. આંતરરાષ્ટ્રીય ચલણ બજારમાં એક યુઆનની કિંમત ૧૨.૩૪ ભારતીય રૂપિયા છે. રશિયાના નાયબ વડાપ્રધાન એલેક્ઝાન્ડર નોવાકે પુષ્ટી કરી છે કે ભારત હજુ પણ ક્રુડ ઓઈલ માટે મુખ્યરૂપે રશિયન ચલણ રુબલમાં પેમેન્ટ કરી રહ્યું છે, પરંતુ તેણે યુઆનનો પણ ઉપયોગ વધાર્યો છે. આ બાબત ભારત, રશિયા અને ચીનના ત્રિકોણીય ગઠબંધનને મજબૂત કરે છે, જેણે પ્રમુખ ટ્રમ્પની ડોલર ડિપ્લોમસીને મોટો ફટકો પહોંચાડયો છે.

એક મીડિયા રિપોર્ટ મુજબ ભારતની સરકારી કંપની આઈઓસીએ તાજેતરમાં જ રશિયન ક્રુડના બેથી ત્રણ કાર્ગો માટે યુઆનમાં પેમેન્ટ કર્યું છે. કેન્દ્ર સરકારનું આ પગલું ૨૦૨૩ના વલણમાં પરિવર્તનનો સંકેત આપે છે. તે સમયે ચીન સાથે તણાવપૂર્ણ સંબંધોના પગલે સરકારી રિફાઈનરીઓએ યુઆનમાં પેમેન્ટ અટકાવી દીધું હતું જ્યારે ખાનગી રિફાઈનરીઓએ યુઆનમાં પેમેન્ટ ચાલુ રાખ્યું હતું.

જોકે, ભારત તરફથી ચીનના ચલણમાં ફરીથી પેમેન્ટ શરૂ કરવાની બાબત એવા પણ સંકેત આપે છે કે ભારત-ચીનના સંબંધો હવે સુધરી રહ્યા છે.

હવે ભારતે રશિયન ક્રુડ ઓઈલની ખરીદી માટે યુઆનમાં પેમેન્ટ કરતા ડોલરના પ્રભુત્વને પડકાર મળશે. ભારત, રશિયા અને ચીનનો યુઆન આધારિત વેપાર તેના પહેલા તબક્કાનું વાસ્તવિક સ્વરૂપ છે. જોકે, ભારતનો આ યુઆન પ્રયોગ ભૂ-રાજકીયના બદલે એક વ્યાવહારિક મિકેનિઝમ છે, જેથી તેને રશિયાનું ક્રુડ ઓઈલ સસ્તામાં મળી શકે અને પશ્ચિમી પ્રતિબંધોનો સામનો કરી શકાય.

દરમિયાન અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે શુક્રવારે ફરી એક વખત દાવો કર્યો છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રશિયા પાસેથી ક્રુડ ઓઈલની ખરીદી નજીકના સમયમાં બંધ કરી દેવાશે તેવું મને આશ્વાસન આપ્યું છે. યુક્રેનના પ્રમુખ વોલોદિમિર ઝેલેન્સ્કી સાથે ચર્ચા સમયે શુક્રવારે ટ્રમ્પે કહ્યું કે, ભારતે રશિયા પાસેથી તેની ક્રુડ ઓઈલની ખરીદી ઘટાડી દીધી છે અને નજીકના સમયમાં સંપૂર્ણપણે બંધ કરી દેશે. ભારત રશિયા પાસેથી ૩૮ ટકા ક્રુડ ઓઈલ ખરીદતું હતું અને હવે ખરીદીમાં ક્રમશઃ ઘટાડો કરશે.

# તેજપ્રતાપની યાદવની પાર્ટીના ઉમેદવારોનો અનોખો અંદાજ

## ધર્મેન્દ્ર કુમાર ક્રાંતિકારી ઉમેદવારી નોંધાવવા માટે જેલમાંથી સીધા હાથકડી પહેરીને કલેક્ટર કચેરી પહોંચ્યા




। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૦ ।

બિહાર વિધાનસભાની ચૂંટણીમાં આ વખતે રાજકીય નેતાઓ અને તેમના પ્રચારની સાથે સાથે ઉમેદવારી નોંધાવવાના અનોખો અંદાજથી પણ ચર્ચાનું કેન્દ્ર બની છે. લાલુ પ્રસાદ યાદવના મોટા પુત્ર તેજ પ્રતાપ યાદવની પાર્ટી જનશક્તિ જનતા દળના બે ઉમેદવારોની નાટકીય એન્ટ્રીએ સૌનું ધ્યાન ખેંચ્યું છે.

ગોપાલગંજના બરૌલી વિધાનસભા મતવિસ્તારમાંથી ધર્મેન્દ્ર કુમાર ક્રાંતિકારી ઉમેદવારી નોંધાવવા માટે જેલમાંથી સીધા હાથકડી પહેરીને કલેક્ટર કચેરી પહોંચ્યા હતા. પોલીસ સુરક્ષા હેઠળ જેલ છોડ્યા બાદ ક્રાંતિકારીની આ એન્ટ્રીએ ભારે ભીડ અને કેમેરાની લાઈનો લગાવી દીધી હતી. ભાવુક બની ગયેલા ક્રાંતિકારીએ જાહેરમાં નિવેદન આપ્યું હતું કે, હું ષડયંત્રનો ભોગ બન્યો છું, પરંતુ હવે મને જનતા તરફથી ન્યાય મળશે. જનતા મને નિર્દોષ જાહેર કરશે. નામાંકન ભર્યા બાદ પોલીસ તેમને ફરી જેલમાં લઈ ગઈ હતી, પ રંતુ ત્યાં સુધીમાં ધર્મેન્દ્ર ક્રાંતિકારી સોશિયલ મીડિયા પર ચર્ચાનું કેન્દ્ર બની ગયા હતા.

તેજ પ્રતાપની પાર્ટીના અન્ય એક ઉમેદવાર અરુણ યાદવે અરવલ વિધાનસભા મતવિસ્તારમાં તેમની અનોખી એન્ટ્રીથી લોકોને આશ્ચર્યચકિત કર્યા હતા. અરુણ યાદવ ભેંસ પર સવાર થઈને જિલ્લા મુખ્યાલય પહોંચ્યા હતા, જેના કારણે આખો વિસ્તાર તમાશામાં ફેરવાઈ ગયો હતો. આ દરમિયાન તેમણે હાથમાં લાલુ પ્રસાદ યાદવનો ફોટો પણ રાખ્યો હતો. તેમણે કહ્યું, રાજકારણમાં મારા એકમાત્ર રોલ મોડેલ લાલુ પ્રસાદ યાદવ છે, તેથી હું તેમના આશીર્વાદથી મારું નામાંકન ભરવા આવ્યો છું.

ઉલ્લેખનીય છે કે, તેજ પ્રતાપ યાદવે ભલે રાષ્ટ્રીય જનતા દળ (ઈત્નઢ)થી અલગ થઈને પોતાની નવી પાર્ટી બનાવી હોય, પરંતુ તેમના ઉમેદવારોની આ નાટકીય અને દેશી શૈલી બિહારના ચૂંટણી પ રિદૃશ્યમાં એક નવો રોમાંચ લાવી છે, જ્યાં રાજકારણ અને લોકપ્રિય પ્રચાર મજબૂત રીતે જોડાયેલા છે.

# આર્થિક રીતે સક્ષમ અને આત્મનિર્ભર પત્નીને ગુજરાન ભથ્થું ન આપી શકાય

## કાયદા મુજબ, ભરણપોષણ ભથ્થું માંગતી વ્યક્તિએ વાસ્તવિક નાણાકીય જરૂરિયાત સાબિત કરવી પડશે : હાઈકોર્ટ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૦ ।

દિલ્હી હાઈકોર્ટે તાજેતરમાં એક મહત્ત્વપ ૂર્ણ ચુકાદો આપતા સ્પષ્ટ કર્યું છે કે આર્થિક રીતે સ્વતંત્ર અને સક્ષમ જીવનસાથી કાયમી ભરણપ ોષણ મેળવવા માટે હકદાર નથી. કોર્ટે જણાવ્યું હતું કે ભરણપોષણ એ સામાજિક ન્યાયનું માપ દંડ છે, સક્ષમ વ્યક્તિઓ વચ્ચે સંપત્તિ કે નાણાકીય સમાનતા બનાવવાનું સાધન નથી.

ન્યાયાધીશ અનિલ ક્ષેત્રપાલ અને ન્યાયાધીશ હરીશ વૈદ્યનાથન શંકરની બેન્ચે આ ટિપ્પણી કરી હતી જ્યારે તેમણે એક પ્રેક્ટિસિંગ વકીલ (પતિ) અને ભારતીય રેલવે ટ્રાફિક સર્વિસ (ૈંઇ્‌જી)માં ગ્રુપ છ અધિકારી (પત્ની)ના છૂટાછેડાના કેસમાં ભરણપોષણની માંગને ફગાવી દીધી હતી.

હાઈકોર્ટે ભારપૂર્વક જણાવ્યું હતું કે, કાયદા મુજબ, ભરણપોષણ ભથ્થું માંગતી વ્યક્તિએ વાસ્તવિક નાણાકીય જરૂરિયાત સાબિત કરવી પ ડશે. બેન્ચે નોંધ્યું હતું કે હિન્દુ લગ્ન અધિનિયમની કલમ ૨૫ હેઠળ ન્યાયિક વિવેકાધિકારનો ઉપયોગ અરજદાર આર્થિક રીતે સ્વતંત્ર હોય ત્યાં ભરણપ ોષણ આપવા માટે કરી શકાતો નથી. વિવેકબુદ્ધિનો ઉપયોગ પક્ષકારોના રેકોર્ડ, નાણાકીય ક્ષમતા અને અરજદારની આર્થિક નબળાઈ દર્શાવતા પ ુરાવાઓના આધારે ન્યાયી અને સંતુલિત રીતે થવો જોઈએ.પતિ અને પત્નીના લગ્ન જાન્યુઆરી ૨૦૧૦માં થયા હતા અને લગ્નના માત્ર ૧૪ મહિનાની અંદર જ તેઓ અલગ થઈ ગયા હતા. પતિએ પત્ની પર માનસિક અને શારીરિક ક્રૂરતાનો આરોપ લગાવ્યો હતો, જેમાં મૌખિક દુર્વ્યવહાર,




અપમાનજનક સંદેશાઓ અને વ્યાવસાયિક તેમજ સામાજિક ક્ષેત્રોમાં અપમાનનો સમાવેશ થાય છે. ફેમિલી કોર્ટે અગાઉ લગ્ન ભંગ કરતા નોંધ્યું હતું કે પત્નીએ છૂટાછેડા માટે ૫૦ લાખ રૂપિયાના નાણાકીય વળતરની માંગણી કરી હતી, જેનો તેણે સોગંદનામા અને ઉલટતપાસમાં સ્વીકાર કર્યો હતો.

દિલ્હી હાઈકોર્ટે ફેમિલી કોર્ટના છૂટાછેડાના તારણમાં દખલ કરવાનો ઈનકાર કર્યો હતો. હાઈકોર્ટના મતે, પત્ની દ્વારા પતિ અને તેના માતા-પિ તા સામે અપશબ્દોનો ઉપયોગ માનસિક ક્રૂરતા સમાન હતો. કેસના સમગ્ર સંજોગોને ધ્યાનમાં લેતા, કોર્ટે નોંધ્યું કે, પતિ-પત્નીનો સહવાસ ટૂંકા ગાળાનો હતો. તેમને કોઈ સંતાન નહોતું. પત્ની એક વરિષ્ઠ સરકારી અધિકારી તરીકે આર્થિક રીતે સંપૂર્ણ સ્વતંત્ર છે. કોર્ટે આખરી નિર્ણય આપતા જણાવ્યું હતું કે, સમગ્ર સંજોગો, નાણાકીય સ્વતંત્રતાનો અભાવ અને નાણાકીય જરૂરિયાતને ધ્યાનમાં રાખીને, કાયમી ભરણપોષણ માટે કોઈ આધાર નથી. તેથી, કૌટુંબિક કોર્ટનો નિર્ણય દખલગીરીને પાત્ર નથી. આ ચુકાદો આર્થિક રીતે સક્ષમ જીવનસાથીઓ દ્વારા ભરણપોષણની માંગણી અંગેના કાયદાકીય માપ દંડોને વધુ સ્પષ્ટ કરે છે.

# તૂર્કિયે અને અઝરબૈજાનમાં ભારતીય પ્રવાસીઓની સંખ્યામાં તીવ્ર ઘટાડો

## આ બંને દેશોએ આ સંઘર્ષમાં પાકિસ્તાનને ટેકો આપ્યો, જેના કારણે ભારતમાં રોષ અને બહિષ્કારની લાગણી વધી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૦ ।

ભારત-પાકિસ્તાન તણાવના પરિણામે મે ૨૦૨૫માં થયેલા ઓપરેશન સિંદૂર બાદ તૂર્કિયે અને અઝરબૈજાનમાં ભારતીય પ્રવાસીઓની સંખ્યામાં તીવ્ર ઘટાડો થયો છે.

આ ઘટાડો એટલા માટે થયો કે આ બંને દેશોએ આ સંઘર્ષમાં પાકિસ્તાનને ટેકો આપ્યો, જેના કારણે ભારતમાં રોષ અને બહિષ્કારની લાગણી વધી, જેની સીધી અસર પ્રવાસન ક્ષેત્રે જોવા મળી. ખાસ કરીને, મે થી ઓગસ્ટ ૨૦૨૫ દરમિયાન, અઝરબૈજાનમાં ભારતીય પ્રવાસીઓના આગમનમાં ૫૬% અને તૂર્કિયેમાં ૩૩.૩%નો ઘટાડો નોંધાયો હતો. અગાઉ એટલે કે ૨૦૨૪માં, અઝરબૈજાનમાં ૨.૪૪ લાખ ભારતીય પ્રવાસીઓ જોવા મળ્યા હતા, જ્યારે તૂર્કિયેમાં ૩.૩૧ લાખ. જોકે, ઓપરેશન સિંદૂર પછી પ રિસ્થિતિ બદલાઈ ગઈ.

ઓપરેશન સિંદૂર પછી તરત જ, ભારતીય ટ્રાવેલ કંપનીઓ અને ટ્રાવેલ પોર્ટલોએ પ્રવાસીઓને તૂર્કિયે અને અઝરબૈજાનની મુસાફરી ન કરવાની સલાહ આપી હતી. ૧૪ મેના રોજ જાહેર કરાયેલા એક નિવેદનમાં, ટ્રાવેલ પોર્ટલે જણાવ્યું હતું કે, ભારતીય પ્રવાસીઓ તૂર્કિયે અને અઝરબૈજાનમાં પ્રવાસ ન કરવા તટસ્થ



રહ્યા છે. પરિણામે છેલ્લા અઠવાડિયામાં અઝરબૈજાન અને તૂર્કિયે માટેના બુકિંગમાં ૬૦%નો ઘટાડો નોંધાયો છે, જ્યારે કેન્સલેશનમાં ૨૫૦%નો વધારો થયો છે. સશસ્ત્ર દળો સાથે એકતા દર્શાવવા માટે ટ્રાવેલ કંપનીએ બંને સ્થળો માટેના પ્રમોશન અને ઑફર્સને પણ અટકાવી દીધા છે.

મે-ઓગસ્ટ ૨૦૨૪માં અઝરબૈજાનમાં આશરે ૧ લાખ ભારતીય પ્રવાસીઓ આવ્યા હતા. મે-ઓગસ્ટ ૨૦૨૫માં આ સંખ્યા ઘટીને ૪૪,૦૦૦ અને ઓગસ્ટ ૨૦૨૪માં ૨૧,૧૩૭ અને ઓગસ્ટ ૨૦૨૫માં માત્ર ૬૦૩૨ થઈ ગઈ હતી. ૨૦૨૫ના પ્રથમ આઠ મહિનામાં અઝરબૈજાનની મુલાકાત લેનારા ભારતીય પ્રવાસીઓની સંખ્યા ૨૨% ઘટી છે.

# મુસ્લિમો આયુષ્માન યોજનાને કોઈ વરદાન માનતા નથી

। (એજન્સી) પટના, તા.૨૦ ।

કેન્દ્રીય મંત્રી અને ભાજપના નેતા ગિરિરાજ સિંહે મુસ્લિમ સમુદાયને લઈને એક વિવાદાસ્પદ નિવેદન આપ્યું છે. બિહારમાં યોજાનારી ચૂંટણીઓ પહેલાં, તેમનું આ નિવેદન વિવાદનું કેન્દ્ર બની શકે છે. કેન્દ્રીય મંત્રી બિહારના અરવલ જિલ્લામાં એક ચૂંટણી રેલીને સંબોધી રહ્યા હતા. આ રેલી દરમિયાન, તેમણે મુસ્લિમોને ‘‘દેશદ્રોહી’’ ગણાવ્યા. તેમણે એવો પણ દાવો કર્યો કે મુસ્લિમો આયુષ્માન યોજનાને કોઈ વરદાન માનતા નથી. મોદી સરકાર સમાજના તમામ વર્ગોના કલ્યાણ માટે કામ કરી રહી છે, તેમ છતાં મુસ્લિમો ભાજપને મત આપ તા નથી.

ભાજપના નેતા ગિરિરાજ સિંહે એક મૌલવી સાથેની વાતચીત ટાંકીને કહ્યું કે, મેં તેમને પૂછ્યું કે શું તમને આયુષ્માન કાર્ડ મળ્યું છે? અને તેમણે હકારમાં જવાબ આપ્યો. મેં પૂછ્યું કે શું હિન્દુ-મુસ્લિમનો કોઈ મુદ્દો છે? ત્યારે તેમણે ના પાડી. મેં કહ્યું કે આ ખૂબ સારું છે. મેં તેમને પૂછ્યું કે શું તેમણે મને મત આપ્યો છે? અને તેમણે હા કહ્યું. મેં તેમને ભગવાનના નામે સાચું કહેવા માટે કહ્યું ત્યારબાદ, મૌલવીએ ના કહી.

ગિરિરાજ સિંહે આગળ કહ્યું,અમે કહ્યું કે

### ગિરિરાજ સિંહનું વિવાદાસ્પદ નિવેદન




### મોદી સરકાર સમાજના તમામ વર્ગોના કલ્યાણ માટે કામ કરી રહી છે, તેમ છતાં મુસ્લિમો ભાજપને મત આપતા નથી

નરેન્દ્ર મોદીએ તમારું અપમાન કર્યું છે? ત્યારે તેમણે ના પાડી. પછી મેં પૂછ્યું, તો મારો વાંક શું હતો? જે લોકો કોઈની તરફેણ સ્વીકારવાનો ઈનકાર કરે છે તેમને દેશદ્રોહી કહેવામાં આવે છે. મૌલવી સાહેબ, અમને આ દેશદ્રોહીઓના મતની જરૂર નથી.

પોતાના સંબોધનમાં ગિરિરાજ સિંહે આગ્રહ કર્યો કે આ વખતે અરવલમાં મુડી કટવા પક્ષને હરાવવો અત્યંત જરૂરી છે. તેમણે જાહેર કર્યું કે મહાગઠબંધનનું અસ્તિત્વ લગભગ સમાપ્ત થઈ ગયું છે. તેમણે ધ્યાન દોર્યું કે આ વિધાનસભા ચૂંટણીમાં, મહાગઠબંધનના ઘટક પક્ષો આશરે ચાર ડઝન મતવિસ્તારોમાં એકબીજાની સામે ચૂંટણી લડી રહ્યા છે. એવામાં નેતૃત્વના અભાવના કારણે વરરાજા વગર જાન કેવી રીતે નીકળે! જયારે દ્ગડ્ઢછમાં કેન્દ્રમાં પીએમ મોદી અને રાજ્યમાં નીતિશ કુમાર નેતા છે. તેમણે કેન્દ્ર અને રાજ્ય સરકારોની સિદ્ધિઓનો ઉલ્લેખ કર્યો, જેમાં હાલમાં પ્રતિ વ્યક્તિ જીડીપી (GDP) ?૮૦,૦૦૦ છે. બંને સરકારો મહિલાઓના સર્વાંગી વિકાસ માટે કાર્ય કરી રહી છે.

ગિરિરાજ સિંહે વિરોધી પક્ષના નેતા તેજસ્વી યાદવ પર નિશાન સાધતા કહ્યું કે, આજે તેજસ્વી યાદવ દરેક ઘરમાં સરકારી નોકરી આપવાના ખોટા વચનો આપી રહ્યા છે. મુસ્લિમ સમુદાયને પ્રધાનમંત્રી આવાસ યોજના સહિત વિવિધ યોજનાઓનો લાભ મળ્યો છે. છતાં પણ મુસ્લિમો ઉપકાર નથી માનતા અને મત નથી આપતા. આથી અમે દેશદ્રોહીઓના મતો ઈચ્છતા પણ નથી. ગિરિરાજ સિંહે આગળ કહ્યું,અમે કહ્યું કે નરેન્દ્ર મોદીએ તમારું અપમાન કર્યું છે? ત્યારે તેમણે ના પાડી. પછી મેં પૂછ્યું, તો મારો વાંક શું હતો? જે લોકો કોઈની તરફેણ સ્વીકારવાનો ઈનકાર કરે છે તેમને દેશદ્રોહી કહેવામાં આવે છે. મૌલવી સાહેબ, અમને આ દેશદ્રોહીઓના મતની જરૂર નથી.

## તંત્રી લેખ...

# મીથીલાથી પહેલી વખત કલાકાર ચૂંટણી લડશે


લોકગાયિકા મૈથિલી ઠાકુરએ અલીનગર વિધાનસભા વિસ્તારમાંથી ભાજપ તરફથી ઉમેદવારી પત્ર ભર્યું હતું. પહેલી વખત પુરાને બહેડા અને નવસૂજીત અલીનગર વિધાનસભા વિસ્તારમાંથી કોઈ કલાકાર ચૂંટણી લડશે. મૈથિલી ઠાકુરના લોકગીતો ઘરે ઘરે જાણીતા છે. ખાસ કરીને મહિલાઓ મૈથિલીના ગીતની ચાહક છે અને એટલે જ કદાચ ઉમેદવારી પત્ર ભરતી વખતે મહિલાઓ વધુ સંખ્યામાં જોવા મળી હતી. હવે કોઈ રાષ્ટ્રીય કક્ષાના કલાકાર પહેલી વખત આ મત વિસ્તારમાં ઘરે ઘરે જઈને મત માંગશે. મૈથિલીના વિરોધીઓ એમને બહારના ગણીને સૂત્રો પોકારે છે, પરંતુ એનાથી સ્થાનીક લોકોને ફેર પડતો નથી. ભાજપએ પણ મૈથિલીના ચાહકો જોતા એમને ટિકિટ આપી છે. જોકે ભાજપના કેટલાક કાર્યકર્તાઓને ટિકિટ નહી મળતા તેઓ નારાજ થયા છે.

બિહારના કેટલાક વિસ્તારોમાં હજુ પણ લાલુ પ્રસાદની લોકપ્રિયતા અકબંધ છે. આવા વિસ્તારોમાં વિકાસની વાતો ચાલતી નથી. પટણાથી રાઘોપુર જવા માટે છ લાઇનનો પુલ બનાવવામાં આવ્યો છે. જોકે આ પુલ બન્યા પછી પણ પટણાથી થોડા કિલોમીટર દુર આવેલા રાઘોપુરમાં વિકાસના નામે મીંડુ છે. ગામના લોકો કહે છે કે અહીં તો બધા તેજસ્વીવાળા છીએ. યોજના હેઠળ કોઈકને પૈસા મળ્યા છે કોઈકને નથી મળ્યા. જેમને પૈસા મળ્યા છે તેઓ એનડીએને મત આપશે અને નથી મળ્યા એ ફાનસનું બટન દબાવશે. આ વિસ્તારમાં યાદવોની વસ્તી વધુ છે અને બધા જ યાદવો લાલુ પ્રસાદની સાથે છે. સરકારની યોજનાથી મળેલા પૈસા લોકો લઈ લે છે પરંતુ વાત તો લાલુને મત આપવાની જ કરે છે.

લગભગ બે મહિના પહેલા પંજાબ -હરિયાણા હાઈકોર્ટના જાણીતા વકીલ જતીન સલવાનએ બઠીંડાના એક જજના નામે ૩૦ લાખ રૂપિયાની લાંચ માગી હતી. આ બાબતે સીબીઆઈએ એમની ધરપકડ કરી હતી. હવે આ બાબતે મોટા સમાચાર બહાર આવ્યા છે. સીબીઆઈએ પોતાની તપાસ પુરી કરી છે અને સલવાન તેમજ એમના સાથી સતનામસિંહ વિરુદ્ધ ખાસ અદાલતમાં ચાર્જશીટ દાખલ કરી છે. બઠીંડાના સિવિલ જજને એજન્સીએ ક્લીનચીટ આપી છે. સીબીઆઈની તપાસ પછી બહાર આવ્યું છે કે, સમગ્ર પ્રકરણમાં જજની કોઈ ભૂમિકા નહોતી. સીબીઆઈએ હાઈકોર્ટના હુકમ પછી જજની પૂછપરછ કરી હતી. જજે કહ્યું હતું કે એમને એડવોકેટ સલવાન સાથે એક જૂના કેસ સંદર્ભે ઓળખાણ હતી. વકીલ સલવાન એક જૂનો કેસ એમના તરફથી લડયા હતા. કેનેડાના સરે શહેરમાં જાણીતા કોમેડિયન કપીલ શર્માના 'કેપ્સ કેફે' પર ત્રીજીવાર ગોળીઓ ચલાવવામાં આવી છે. છેલ્લા ચાર મહિનામાં આ ત્રીજો હુમલો છે. દર વખતે કેફે ખુલ્યા પછી થોડા દિવસોમાં જ ફાયરીંગ થાય છે. છેલ્લા હુમલાની જવાબદારી લોરેન્સ બિશ્નોઇ ગેંગે લીધી છે. બિશ્નોઇ ગેંગે સોશ્યલ મીડિયા પર પોસ્ટ મૂકીને ધમકી આપી છે કે ગોળી કયાંથી પણ આવી શકે છે. આ હુમલાનો વિડિયો પણ વાયરલ થયો છે. કપીલ શર્માના કેફે પર ત્રીજો હુમલો થયા પછી કેટલાક માની રહ્યા છે કે, કપીલ શર્મા અને સલમાન ખાન નજીકના મિત્રો હોવાની કીમત તો કપીલ નથી ચૂકવી રહ્યો ને? બિશ્નોઇ ગેંગનો જૂનો ટાર્ગેટ સલમાન ખાન છે. સલમાન સાથે કપીલનો નજીકનો સંબંધ જાહેર છે. બિશ્નોઇ ગેંગ સલમાનની નજીકના દરેકને ટાર્ગેટ કરે છે. ઉત્તર પ્રદેશ સરકારના ભૂતપૂર્વ ચીફ સેક્રેટરી મનોજકુમાર સિંહ વિરુદ્ધ મોટી કાર્યવાહી થઈ છે. એમને ૧૦ કરોડ રૂપિયા ભરવાની નોટીસ મોકલવામાં આવી છે. આ નોટીસ રાજ્યના એગ્રો પ્રોસેસીંગ નીતિ ૨૦૨૩ બાબતે થયેલી ગેરરીતિને કારણે આપવામાં આવી છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે મુખ્ય સચીવ બી એલ મીણાએ જાહેર કરેલા હુકમમાં કહેવામાં આવ્યું છે કે, ભૂતપૂર્વ ચીફ સેક્રેટરીએ ઉત્તર પ્રદેશ ડેવલોપમેન્ટ સીસ્ટમ્સ કોર્પોરેશન લીમીટેડની નીતિ અને ગાઈડલાઈન વિરુદ્ધમાં કામ કર્યું છે. એમના કાર્યકાળ દરમિયાન ૧૦ કરોડ રૂપિયા ખોટી રીતે વાપરવામાં આવ્યા હતા.

## સૂકામેવાની બજારનું કદ વધી રૂ.60 હજાર કરોડ : આયાત પર આધાર વધ્યો

દેશમા દર વર્ષે હવે દિવાળીના તહેવારોમાં મીઠાઈઓનું ચલણ ઘટતું રહ્યું છે તથા તેની સામે સુકામેવાઓ, ડ્રાફ્રૂટસ તથા ચોકલેટોનું ચલણ વધ્યું છે. લોકો હવે આરોગ્ય પ્રત્યે વધુ સભાન બન્યા છે તથા ઓછી સુગર ધરાવતી વસ્તુઓને વધુ પસંદ કરતા થયા છે.કોરોના કાળ પછી ખાસ કરીને સૂકામેવાઓ તથા વિવિધ દાળ-કઠોળનો વપરાશ લોકો વધુ કરતા થયા છે. મીઠાઈઓમાં પણ હવે ઓછી સુગર ધરાવતી ચીજોની પસંદગી તહેવારોમાં વધતી જોવા મળી છે. જો કે સૂકામેવાની વાત કરીએ તો દેશમાં આવવા મોટાભાગના ડ્રાયફ્રૂટનું ઉત્પાદન સ્થાનિકમાં ઓછું થાય છે તથા આપણે મોટાભાગના આવા સૂકામેવાઓ દરિયાપારથી આયાત કરતા



થયા છીએ એવું બજારના સૂત્રો જણાવી રહ્યા હતા. તાજેતરમાં તહેવારોમાં બદામ તથા અખરોટની માગ વિશેષ દેખાઈ હતી. કાજુનો વપરાશ પણ વધ્યો છે. જો કે ભારતમાં કાજુનું ઉત્પાદન વિશેષ થાય છે. એક અંદાજ મુજબ ભારતમાં વિવિધ સૂકામેવાઓની બજારનું કુલ કદ વધી વાર્ષિક ધોરણે આશરે રૂ.૬૦ હજાર કરોડનું મનાય છે. આ પૈકી ૭૫થી ૮૦ ટકા જથ્થો દરિયાપારથી આયાત થાય છે એવું બજારના જાણકારો બતાવી રહ્યા હતા. ઘરઆંગણે ઉત્પાદિત થતા સૂકામેવાઓની બજારનું કદ આશરે રૂ.ત્રણ હજાર કરોડનું મનાય છે. જો કે જે વિવિધ ડ્રાયફ્રૂટસની આપણે આયાત કરીએ છીએ એ કાચામાલોના સ્વરૂપમાં દેશમાં આવે છે તથા આ આયાતી માલો ભારતમાં પ્રોસેસ, રોસ્ટેડ તથા પેકેજ કરવામાં આવે છે તથા આવેલ્યુ એડીશનનો ભાગ પણ લક્ષમાં રાખવો જરૂરી છે એવું આ ક્ષેત્રના જાણકારો બતાવવી રહ્યા હતા. દરમિયાન, દેશમાં વિવિધ ડ્રાયફ્રૂટસની માગ વાર્ષિક ધોરણે ૧૦થી ૧૫ ટકાના દરે વધી રહી હોવાનું બજારનો અમુક વર્ગ જણાવી રહ્યો હતો. બજારમાં થતાં કુલ ટર્નઓવરમાં ઈમ્પોર્ટ-લીન્કડ સૂકામેવાઓના ટર્નઓવરનો હિસ્સો વધુ રહ્યો છે. ઘરઆંગણે ઉત્પાદનમાં વૃદ્ધી ધીમી રહેતાં આયાત પર આધાર જળવાઈ રહ્યો છે. અખરોટની બાબતમાં જોઈએ તો ભારતમમાં તેનું વાર્ષિક ઉત્પાદન આશરે ૩૦ હજાર ટન આસપાસ થાય છે તથા આ ઉત્પાદનમાં છેલ્લા ૨૦થી ૩૦ વર્ષથી કોઈ ખાસ નોંધપાત્ર વૃદ્ધી થઈ નથી જ્યારે તેની સામે ચીનમાં અખરોટનું ઉત્પાદનવધતું રહી તાજેતરમાં વાર્ષિક ધોરણે ૧૧થી ૧૨ લાખ ટનની સપાટીએ પહોંચી ગયું હોવાનું વિશ્વ બજારના જાણકારો જણાવી રહ્યા હતા. ભારતમાં ઉત્પાદન વધશે તો આયાત પર આધાર ઘટાડી શકાશે અને આ માટે સરકારના એક્ટીવ પ્રયત્નો આવશ્યક છે અને સરકારે દિશામાં લક્ષ આપવું જરૂરી છે એવું નાટસ એન્ડ ડ્રાયફ્રુટસ કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના સૂત્રોએ જણાવ્યું હતું. તાજેતરમાં ઘરઆંગણે વિવિધ કઠોળ તથા ખાદ્યતેલોનું ઉત્પાદન વધારવા તથા આયાત પર આધાર ઘટાડવા સરકારે ગંભીર પ્રયત્નો શરૂ કર્યા છે તથા આ જ પ્રકારના પ્રયત્નો દેશમાં વિવિધ સૂકામેવાઓનું ઉત્પાદન વધારવા કરવા જરૂરી હોવાનું જાણકારો જણાવીરહ્યા હતા. ભારતમાં ખાસ કરીને જમ્મુ એન્ડ કાશ્મીર તથા હિમાચલ પ્રદતેશ, ઉત્તરાખંડ તથા અરૂણાચલ પ્રદેશમાં અખરોટનું ઉત્પાદન વધી શકે એવું વાતાવરણ ઉપલબ્ધ રહ્યું છે તથા સરકારે આ દિશામાં સક્રિય પ્રયત્નો કરવા જરૂરી થે, દેશમાં પિસ્તાની માગ વાર્ષિક ધોરણે છેલ્લાં પાંચ વર્ષમાં નવ હજાર ટનથી વધતી રહી તાજેતરમં ૪૦ હજાર ટન સુધી પહોંચી ગઈ છે. આજ પ્રમાણે ઘરઆંગણે અખરોટની માગ છેલ્લા ૮ વર્ષમાં પાંચ ગણી વધી તાજેતરમાં ૯૦ હજાર ટન સુધી પહોંચી છે. દરમિયાન, આ વર્ષે દિવાળી પૂર્વે સરકારે નટ્સ તથા ડ્રાયફ્રૂટસ પરની જીએસટી હળવી થતાં રાહત સર્જાઈ હતી.

### ધર્મ, આસ્થા, સંસ્કૃતિ અને ઈતિહાસ સાથે જોડાઈને દેશ અને દુનિયામાં વિવિધ રીતે દિવાળીની ઉજવણી કરાય છે

# અયોધ્યાની જ નહીં, શીખ, જૈન અને બૌદ્ધની પણ દિવાળી પરંપરા છે

**દિવાળીનો સૌથી પહેલો ઉલ્લેખ વાત્સ્યાયનના કામસૂત્રમાં મળે છે. ઈસવીસન પૂર્વે બીજી શતાબ્દીમાં તેની રચના થઈ હોવાનું મનાય છે. તેમના પુસ્તકમાં આ રાત્રીને યક્ષ રાત્રી કહેવાઈ છે. યક્ષોની રાત્રી, જેમાં મકાનો, દીવાલો, ઝરુખા અને અન્ય સ્થળોએ દીવા મુકીને આનંદ ઉજવાતો હતો : કાશ્મીરના નીલમત પુરાણમાં પહેલી વખત દેવી લક્ષ્મીનો ઉલ્લેખ દિવાળીના ઉત્સવને કેન્દ્રમાં રાખીને આવે છે**



દિવાળીનો સૌથી પહેલો ઉલ્લેખ વાત્સ્યાયનના કામસૂત્રમાં મળે છે. ઈસવીસન પૂર્વે બીજી શતાબ્દીમાં તેની રચના થઈ હોવાનું મનાય છે. તેમના પુસ્તકમાં આ રાત્રીને યક્ષ રાત્રી કહેવાઈ છે. યક્ષોની રાત્રી, જેમાં મકાનો, દીવાલો, ઝરુખા અને અન્ય સ્થળોએ દીવા મુકીને આનંદ ઉજવાતો હતો : કાશ્મીરના નીલમત પુરાણમાં પહેલી વખત દેવી લક્ષ્મીનો ઉલ્લેખ દિવાળીના ઉત્સવને કેન્દ્રમાં રાખીને આવે છે નીલમત પુરાણની રચના ઈસવીસન 500થી 800ની વચ્ચે કાશ્મરીમાં થઈ હતી. કાશ્મીરી ગ્રંથોમાં દીપમાલા નામના એક તહેવારનો ઉલ્લેખ આવે છે જેને સુખસુપ્તિકા પણ કહેવાય છે : શીખ ધર્મમાં દિવાળીને બંદી છોડ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. તેનો સંબંધ 17મી શતાબ્દીના એક ઐતિહાસિક ઘટનાક્રમ સાથે છે. શીખ સંપ્રદાયના ગુરુ હરગોવિંદસિંહજીને આ દિવસે જહાંગીરની કેદમાંથી મુક્ત કરવામાં આવ્યા હતા.

દિવાળીનો ઉત્સવ પ્રકાશ અને નવતર શરૂઆતનો તહેવાર ગણાય છે. અંધકારમાંથી અજવાળા તરફ ગતિ કરવાનો અવસર ગણાય છે. આ તહેવાર જ્યાં જ્યાં ભારતીયો વસે છે ત્યાં ત્યાં ધામધૂમથી ઉજવાય છે. આ પ્રકાશપર્વ સાથે આપણું સૌથી મોટું જોડાણ ભગવાન શ્રી રામ છે. અન્યાય, અધર્મ, અંધરાક અને આસુરી શક્તિ ઉપર વિજય મેળવીને ભગવાન શ્રી રામ અયોધ્ય પરત ફર્યા તે દિવસે લાખો દીવા ઝગમગ્યા હતા. તે દિવસના માનમાં દિવાળીનો તહેવાર ઉજવાય છે. આ એક ભારત અને સનાતનની પ્રચલિત ધાર્મિક આસ્થા છે. બીજી તરફ જ આ તહેવારો વિશે અનેક માન્યતાઓ, ધાર્મિક આસ્થા અને પરંપરાઓ જોડાયેલી છે. તેની પાછળ અનેક ધાર્મિક, પારંપરિક કથાઓ અને દંતકથાઓ પણ જોડાયેલી છે. ઈતિહાસકારો જણાવે છે કે, દિવાળીનો સૌથી પહેલો ઉલ્લેખ વાત્સ્યાયનના કામસૂત્રમાં મળે છે. ઈસવીસન પૂર્વે બીજી શતાબ્દીમાં તેની રચના થઈ હોવાનું મનાય છે. તેમના પુસ્તકમાં આ રાત્રીને યક્ષ રાત્રી કહેવાઈ છે. યક્ષોની રાત્રી, જેમાં મકાનો, દીવાલો, ઝરુખા અને અન્ય સ્થળોએ દીવા મુકીને આનંદ ઉજવાતો હતો. તે સમયે આ તહેવારોમાં જુગટુ રમવાની પરંપરા પણ પ્રચલિત હતી. ખાસ વાત એવી છે કે, તે સમયે આ તહેવારને દિવાળી નામ નહોતું આપવામાં આવ્યું. પૌરાણિક કથાઓ અનુસાર યક્ષોનો સંબંધ ધનની દેવી લક્ષ્મી સાથે છે. વાત્સ્યાયનના કામસૂત્રમાં દિવાળીનું ખૂબ જ ભવ્ય અને દિવ્ય વર્ણન કરવામાં આવ્યું છે. ભગવાન શ્રી રામ ૧૪ વર્ષના વનવાસ અને રાવણ સાથેના યુદ્ધ વિજય બાદ પરત અયોધ્યા આવ્યા તેથી તેને પ્રકાશોત્સવ તરીકે ઉજવવામાં આવે છે. આ તહેવાર ભારતી સંસ્કૃતિનું અભિન્ન અંગ છે. તેમાં અનેક ધર્મ અને સંપ્રદાય પોતાની માન્યતા અને ધાર્મિક કથા અનુસાર જોડાયેલો છે પણ તે દિવાળીની ઉજવણી અચૂક કરે છે.

એવું કહેવામાં આવે છે કે, કાશ્મીરમાં લક્ષ્મીજી ને દિવાળી વચ્ચે એક અલગ જ વાર્તા જોડાયેલી છે. કાશ્મીરના નીલમત પુરાણમાં પહેલી વખત દેવી લક્ષ્મીનો ઉલ્લેખ દિવાળીના ઉત્સવને કેન્દ્રમાં રાખીને આવે છે. નીલમત પુરાણની રચના ઈસવીસન 500થી 800ની વચ્ચે કાશ્મરીમાં થઈ હતી. દિવાળીનું નામ પણ નીલમત પુરાણ સાથે જ જોડાયેલું છે.

કાશ્મીરી ગ્રંથોમાં દીપમાલા નામનો એક તહેવારનો ઉલ્લેખ આવે છે જેને સુખસુપ્તિકા પણ કહેવાય છે. તે ચંદ્ર કેલેન્ડરની એ રાત્રે ઉજવવામાં આવતો હતો જે રાત્રે આજે આપણે દિવાળી ઉજવીએ છીએ. નીલમત પુરાણ અનુસાર કાર્તક મહિનાની અમાસની રાત્રે ભક્તોએ પોતાના ઘરેથી માટીના કોડીયા અને દીવા લઈને તેને પ્રગટાવીને માતા લક્ષ્મીની મંદિરમાં પૂરા કરવી જોઈએ. પૂજા-અર્ચના બાદ લોકોએ પોતાના પરિવાર અને મિત્રો સાથે ભોજન કરવું જોઈએ.

દિવાળીને શાબ્દિક અર્થ છે દીવાઓની પંક્તિ. તે અંધકાર ઉપર પ્રકાશનો, ખરાબ બાબત ઉપર સારી બાબતનો, અજ્ઞાન ઉપર જ્ઞાનનો, નિરાશા ઉપર આશાનો વિજય થયો તેનું આ પર્વ પ્રતિક છે. આ જ કારણ છે કે, હિન્દુ ધર્મના અન્ય પેટા સંપ્રદાયો જેવા કે જૈન ધર્મ, શીખ ધર્મ, કેટલાક અંશે બૌદ્ધ ધર્મમાં પણ દિવાળી ઉજવવાનું અનોખું મહાત્મ્ય છે અને તેના માટેના તેમના પોતાના કારણો પણ છે. આ એક જ તહેવાર એવો છે જેના મહત્ત્વપૂર્ણ ઐતિહાસિક અને આધ્યાત્મિક કારણો અને તારણોના આધારે દિવાળી ઉજવવામાં આવે છે.

ઉલ્લેખનીય છે કે, હિન્દુ ધર્મમાં તો ધનતેરસથી શરૂ કરીને ભાઈબીજ સુધી આપણે પાંચ દિવસના વિવિધ અનુષ્ઠાન, પરંપરા અને ઉત્સવ ઉજવીએ છીએ. દરેક સાથે વિવિધ ઘટનાઓ, આસ્થા અને ધાર્મિક વિધીઓ પણ જોડાયેલી છે. તેમ છતાં કહેવાય છે કે, ત્રેતા યુગમાં ભગવાન શ્રી રામ જ્યારે લંકાપતિ રાવણનો વધ કરીને માતા સીતાને છોડાવીને ૧૪ વર્ષનો વનવાસ પૂરો કરી અયોધ્યા પરત આવ્યા ત્યારે અયોધ્યાવાસી પુલકિત થઈ ગયા હતા. તેમના આગમનને વધાવવા સમગ્ર અયોધ્યામાં લોકોએ દીવા પ્રગટાવ્યા હતા અને અમાસની કાળી રાત પ્રકાશમાન થઈ ગઈ હતી. તેના કારણે દિવાળી ઉજવાય છે. તેવી જ રીતે એવું મનાય છે કે, સમુદ્ર મંથન દરમિયાન દિવાળીના દિવસે જ દેવી લક્ષ્મી પ્રગટ થયા હતા. તેથી જ દિવાળીએ દેવી લક્ષ્મી અને ભગવાન ગણેશનું પૂજન થાય છે. દેવી લક્ષ્મી ધન, સમૃદ્ધિ અને સૌભાગ્યનું પ્રતિક છે. બીજી તરફ ભગવાન ગણેશ વિદ્યા, બુદ્ધિ અને શુભતાનું પ્રતિક મનાય છે. એ સિવાય દિવાળીના આગલા દિવસે એટલે કે છોટી દિવાલીએ ભગવાન કૃષ્ણને અત્યાચારી નરકાસુરનો વધ કર્યો હતો. તેની ૧૬,૦૦૦ બંધી બનાવેલી રાણીઓને બચાવી હતી. તેના કારણે દિવાળી ખૂબ જ ધામધૂમથી ઉજવાય છે.

દિવાળી વિશે એવું કહેવાય છે કે, જૈન ધર્મમાં તો આ તહેવાનું મહત્ત્વ અત્યંત વધારે છે. આ દિવસે ભગવાન મહાવીર સ્વામીનો નિર્વાણ દિવસ પણ કહેવાય છે. તે દિવસે તેમને મોક્ષની પ્રાપ્તી થઈ હતી. જૈન ધર્મના ૨૪મા તિર્થંકર ભગવાન વર્ધમાન મહાવીરને ઈસવીસન પૂર્વ ૫૨૭માં બિહારના પાવાપુરીમાં કાર્તક મહિનાની અમાસે મોક્ષની પ્રાપ્તી થઈ હતી. તેઓ મોક્ષ પામ્યા અને જન્મ-મરણના ચક્રથી મુક્ત થઈ ગયા. જૈનોએ ત્યારે પાવાપુરીમાં ભેગા થઈ નક્કી કર્યું કે, જ્ઞાનની જીતી જ્યોત તો પરમધામમાં ગઈ છે પણ આપણે કૃત્રિમ જ્યોત પ્રકાશિત કરીશું. તે દિવસે જૈનો અનેક દીવા પ્રગટાવે છે. દેરાસરોમાં વિશે પૂજન,અર્ચન, ઉપવાસ, સ્વાધ્યાય કરવામાં આવે છે.

શીખ ધર્મમાં દિવાલીને બંદી છોડ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. તેનો સંબંધ ૧૭મી શતાબ્દીના એક ઐતિહાસિક ઘટનાક્રમ સાથે છે. શીખ સંપ્રદાયના ગુરુ હરગોવિંદસિંહજીને આ દિવસે જહાંગીરની કેદમાંથી મુક્ત કરવામાં આવ્યા હતા. તેમને ગ્વાલિયરના કિલ્લામાં કેદ કરવામાં આવ્યા હતા. ગુરુજીએ તેમની મુક્તિ સાથે એક શરત રાખી હતી કે, તેમની સાથે રહેલા ૫૨ હિન્દુ રાજાઓને પણ મુક્ત કરવામાં આવે. જહાંગીરે ગુરુજીને ફસાવવા કહ્યું કે, આ કિલ્લામાંથી એટલા જ રાજા બહાર નીકળી શકશે તે ગુરુજીની પહેરણને પકડીને બહાર નીકળી શકશે.

### ચીનના પ્રભુત્વને ઘટાડવા ભારતે મોંગોલિયા સાથે કરોડોની કિંમતના પ્રોજેક્ટ જાહેર કર્યા અને ભાગીદારી મજબૂત કરી

# ભારત-મોંગોલિયા મૈત્રી : ધાર્મિક મિત્રો વચ્ચે હવે સામરિક ભાગીદારી

**ભારત અને મોંગોલિયાના રાજકીય સંબંધોની સ્થાપનાને 70 વર્ષ પૂરા થઈ રહ્યા છે. તેના માટે ભારતમાં વિશેષ આયોજનો કરવામાં આવી રહ્યા છે. આ આયોજનોમાં ભાગ લેવા માટે જ મોંગોલિયાના પ્રમુખ ભારત આવ્યા છે : ભારતના પારંપરિક લોકમંચ ઉપર ભજવાની શૈલી એટલે કે રામલીલા તથા મોંગોલિયાનું વિશેષ લોકનૃત્ય બિયેલગે આ ટિકિટમાં અંકિત કરવામાં આવેલું છે. આ સંયુક્ત ટપાલ ટિકિટ ભારત અને મોંગોલિયા વચ્ચેના ગાઢ સાંસ્કૃતિક સંબંધો અને પારસ્પરિક વારસાની વહેંચણીને રજૂ કરે છે**



મોંગોલિયાના રાષ્ટ્રપતિ ભારતના ચાર દિવસના પ્રવાસે આવ્યા છે. તેમણે તાજેતરમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરી. આ દરમિયાન બંને નેતાઓ વચ્ચે ૧૦ જેટલા કરાર કરવામાં આવ્યા હતા. મોંગોલિયા દ્વારા આ મુલાકાત સમયે યુએનમાં ભારને સિક્યોરિટી કાઉન્સિલમાં કાયમી સ્થાન મળે તે વાતનું પુનરાવર્તન કરવામાં આવ્યું હતું. મોંગોલિયા આ વાતનું મક્કમતાથી સમર્થન કરે છે તેમ પણ જણાવાયું હતું. ભારતે પણ બીજી તરફ મોંગોલિયાને હથિયારો આપવાની વાત કરી છે. તે ઉપરાંત મોંગોલિયાના સૈન્યને ભારત દ્વારા ટ્રેનિંગ આપવામાં આવશે અને તેમના સૈનિકો સાથે જોઈન્ટ એક્સરસાઈઝ પણ કરવામાં આવશે. એગ્રિકલ્ચર સેક્ટરમાં તો ભારત અને મોંગોલિયા વચ્ચે વર્ષો જૂની ભાગીદારી છે. હાલમાં આ બંને દેશો શા માટે વધારે નજીક આવી રહ્યા છે અને કોને કાબુ કરવા માટે આ જોડાણ વધુ મજબુત કરવામાં આવી રહ્યું છે તે પણ સમજવા જેવું છે.

ભારત અને મોંગોલિયાના રાજકીય સંબંધોની સ્થાપનાને ૭૦ વર્ષ પૂરા થઈ રહ્યા છે. તેના માટે ભારતમાં વિશેષ આયોજનો કરવામાં આવી રહ્યા છે. આ આયોજનોમાં ભાગ લેવા માટે જ મોંગોલિયાના પ્રમુખ ભારત આવ્યા છે. ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને મોંગોલિયાના પ્રમુખ ખુરેલસુખ ઉખના આ કાર્યક્રમોમાં હાજરી આપવાના છે. આ બંને દેશો દ્વારા તાજેતરમાં એક સ્મારક ટિકિટની પણ જાહેરાત કરવામાં આવી છે. આ ટિકિટમાં બંને દેશોની સમૃદ્ધ લોક નૃત્ય પરંપરાને રજૂ કરવામાં આવી છે. ભારતના પારંપરિક લોકમંચ ઉપર ભજવાની શૈલી એટલે કે રામલીલા તથા મોંગોલિયાનું વિશેષ લોકનૃત્ય બિયેલગે આ ટિકિટમાં અંકિત કરવામાં આવેલું છે. આ સંયુક્ત ટપાલ ટિકિટ ભારત અને મોંગોલિયા વચ્ચેના ગાઢ સાંસ્કૃતિક સંબંધો અને પારસ્પરિક વારસાની વહેંચણીને રજૂ કરે છે. આ ટિકિટ બંને દેશોની સદીઓ જૂની મિત્રતા અને આત્મિયતાનું પ્રતિક છે.

ઉલ્લેખનીય છે કે, ભૌગોલિક રીતે મોંગોલિયા ભારત માટે ખૂબ જ મહત્ત્વનો દેશ છે. મોંગોલિયા ચીન અને રશિયા વચ્ચે આવેલો દેશ છે. આ બે મહાસત્તાઓની વચ્ચે આવેલો સુરક્ષિત અને સંસાધનોથી સજ્જ દેશ ભારત માટે મહત્ત્વપૂર્ણ કેન્દ્ર છે. ભારતના મજબૂત સંબંધો મોંગોલિયાને ચીનના એકતરફી પ્રભુત્વની અસર હેઠળ દબાણ નહીં અનુભવવામાં મદદ કરશે. ભારતનું મોંગોલિયા સાથેનું વધુ મજબુત જોડાણ તેને રાજનૈતિક રીતે પણ મદદ કરશે જેથી તેનો આ વિસ્તારમાં હાથ ઉંચો રહેશે. ચીનનું પ્રભુત્વ ધરાવતા આ વિસ્તારમાં સ્થિતિ કાબુમાં રાખવા માટે અને આવા નાના નાના દેશોને સુરક્ષિત રાખવા માટે વિશેષ પગલાં ભરવા પડે તેમ છે. ભારત તે દિશામાં જ આગળ વધી રહ્યું છે. મોંગોલિયાના પેટાળમાં મોટા પ્રમાણમાં કોલસા, તાંબુ અને રેર અર્થ મિનરલ્સ રહેલા છે. ભારતમાં સ્ટિલ મેન્યુફેક્ચરિંગ, ઈલેક્ટ્રોનિક્સ, બેટરી જેવા ઉદ્યોગોમાં આ તમામ ખનિજો અને ધાતુઓનો મોટાપાયે ઉપયોગ થાય છે. તેથી ભારત માટે મોંગોલિયા ખૂબ જ જરૂરી છે. ભારતે મોંગોલિયામાં કોલસા અને તાંબાની શોધ અને ખનન માટે ભાગીદારી કરી અને કરાર કર્યા જેથી ચીન ઉપર આધાર રાખવાનું ઓછું થઈ જાય. મોંગોલિયામાં જ ભારતનો ૧.૭ અબજ ડોલરથી વધુની રકમનો ઓઈલ રિફાઈનરી પ્રોજેક્ટ ચાલી રહ્યો છે. તેમાં મોગોલિયાને એનર્જી સિક્યોરિટી મળશે અને ભારતની આર્થિક ભાગીદારીમાં વધારો થશે. મોંગોલિયામાં કોકિંગ કોલનો બહુ મોટો જથ્થો છે. તેને ભારતમાં લાવવા અંગે વિચાર કરવામાં આવી રહ્યો છે. મોંગોલિયા હવે વ્યાપાર માર્ગો અને પોતાના પરિવહન નેટવર્ક માટે પણ ચીન ઉપર નિર્ભરતા ઓછી કરવા માગે છે. તેના કારણે તે બીજા વિકલ્પો શોધી રહ્યું છે. મોંગોલિયાના સંશાધન રશિયા અથવા અન્ય આઉટલેટ્સ દ્વાર ભારત પહોંચાડવામાં સરળતા રહે તેમ છે. તેના થકી પણ ભારત અને મોંગોલિયા હવે ચીન ઉપર આધાર રાખવાનો ઓછો કરી શકે છે. ભારત અને મોંગોલિયાના સાઈબર સિક્યોરિટી અને બોર્ડર સિક્યોરિટીમાં પણ ભાગીદારી વધારવાની યોજના છે. આ પહેલ થકી ભારત સરહદ ઉપર સંભવિત તમામ જોખમોને સમજવામાં અને તેનો ઉકેલ લાવવામાં મદદ કરશે. ભારત અને મોંગોલિયાની વચ્ચે મિલિટરી એક્સરસાઈઝ પણ થઈ રહી છે જેના દ્વારા બંને સેનાઓ વચ્ચે સંપર્ક વધશે, પ્રશિક્ષણ વધશે અને રણનીતિ માટેની સમજ વધારે ઉંડી થશે અને ભાગીદારી વધશે.

ભારત આગામી સમયમાં મોંગોલિયાના ઈન્ફ્રાસ્ટ્રક્ચર, આઈટી, એજ્યુકેશન અને ડિજિટલ પાર્ટનરશિપ જેવા વેન્ચર્સમાં મોટાપાયે રોકાણ કરી રહ્યું છે. તેના દ્વારા મોંગોલિયામાં વિકાસને વેગ મળશે અને ભારતના અર્થતંત્ર માટે પણ નવા બજાર અને દરવાજા ખુલશે. ભારત હવે ઈન્ડોપેસેફિક સેક્ટરમાં આઝાદ, વ્યાપક, સમૃદ્ધ અને સમાવેશી રીતે એક મહાસત્તા તરીકે આગળ વધવા માગે છે અને તેના માટે મોંગોલિયા સાથેની ભાગીદારી વધારે મહત્ત્વપૂર્ણ સાબિત થશે. મોંગોલિયાનું સ્થાન ચીન અને રશિયાની વચ્ચે એવી રીતે છે કે, રણનીતિક દ્રષ્ટિએ અને રાજકીય હિતોને ધ્યાનમાં રાખતા ભારત માટે ખૂબ જ મહત્ત્વપૂર્ણ બની રહે તેમ છે. ભારત માટે આગામી સમયમાં પોતાનું મહત્ત્વ સાબિત કરવા માટે એ જરૂરી છે કે, તે પોતાના સાથી દેશોની સંખ્યામાં વધારો કરે. આમ કરવાથી જ તેની વિદેશ નીતિ અને કૂટનીતિને વધારે મજબૂતી અને પ્રોત્સાહન મળશે. મોંગોલિયા સાથે સંબંધ વધારે ગાઢ કરવા અને વધારવા તે આ કૂટનીતિનો જ ભાગ છે. મોંગોલિયા જેવા મધ્ય એશિયાના દેશ સાથે સંબંધ સારા રાખવાથી ભારતની વૈશ્વિક છબી સંતુલિત અને વિશ્વાસપાત્ર ભાગીદાર તરીકે વધારે પ્રબળ બનશે. તેના થકી જ ગ્લોબલ સાઉથમાં ભારત આર્થિક, સુરક્ષા અને ઉર્જા સહયોગ માટે વધારે વિશ્વાસપાત્ર વિકલ્પ બનશે.

બંને દેશો દ્વારા મોદી અને ખુરેલસુખની બેઠક સમયે ઘણા કરાર કરવામાં આવ્યા હતા. તેમાં કલા, સંસ્કૃતિ અને રમત-ગમત ક્ષેત્રમાં ભાગીદારી, ડિજિટલ પ્રોદ્યોગિકી, સહકારિતા, ઈમિગ્રેશન, સાંસ્કૃતિક કાર્યક્રમો, માનવીય સહાયતા અને ગ્રાન્ટ આસિસ્ટન્સ જેવા મુદ્દે કરાર કરવામાં આવ્યા હતા. તેમાં મોંગોલિયાના લોકોને ભારતમાં મફળ ઈ-વીઝા આપવાની જાહેરાત કરાઈ હતી. તે ઉપરાંત આગામી વર્ષે ભગવાન બુદ્ધના બે શિષ્યોના પવિત્ર અવશેષો પણ ભારતમાંથી મોંગોલિયા મોકલાવવાની બાંયધરી અપાઈ છે. ભારતે રિફાઈનરી પ્રોજેક્ટ માટે જે ૧.૭ અબજ ડોલરની લાઈન ઓફ ક્રેડિટની જાહેરાત કરી તે દુનિયાનો સૌથી મોટો ભાગીદારી પ્રોજેક્ટ બનવાનો છે. મોદીએ એમ પણ જણાવ્યું હતું કે, ૨૫૦૦થી વધારે ભારતીયો મોંગોલિયામાં સંયુક્ત રીતે કામ કરે છે. મોંગોલિયાનું પ્રાઈવેટ સેક્ટર હાલમાં ઉર્જા, ક્રિટિકલ મિનરલ્સ અને અન્ય સેક્ટરમાં મદદ અને ભાગીદારીની શક્યતાઓ વિચારી રહ્યું છે. ભારત તેમાં મોટાપાયે ઉપયોગી થાય તેમ છે. ભારતે ૨૦૧૫માં પણ મોંગોલિયાને ૧ અબજ ડોલરની ક્રેડિટ આપી હતી તથા ૧૪ જેટલા કરાર કરવામાં આવ્યા હતા.

લોકોના કહેવાથી હું કંઈ નહીં કરું, મને યોગ્ય લાગે એ જ કરીશ

# હિન્દી ફિલ્મોમાં પેકેજ થાય છે, કલાકારોનું જરૂર મુજબ કાસ્ટિંગ થતું નથી : ગુલશન



ગુલશન દેવૈયાનો ચહેરો ફિલ્મ રસિકો માટે અજાણ્યો નથી પરંતુ તાજેતરમાં તેણે રિષભ શેટ્ટીની ફિલ્મ 'કંતારા ચૅપ્ટર ૧'માં તેમે ભજવેલું રાજા કુળશેખરનું પાત્ર ખુબ વખણાયું છે. હિન્દી ફિલ્મમાં આટલાં વર્ષોમાં કરેલાં પાત્રો જે નથી કરી શક્યા એ આ એક પાત્રએ કર્યું છે. તેનાથી ફરી એક વખત સાઉથની ફિલ્મ અને બોલિવૂડ વચ્ચે સરખામણી અને ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે. ઓર્મેક્સના ડેટા અનુસાર તમિલ, તેલુગુ, કન્નડા અને મલયાલમ સહિતની ભાષાઓની પ્રાદેશિક ફિલ્મોનો માર્કેટમાં હિસ્સો વધી રહ્યો છે સામે ૨૦૨૪માં હિન્દી ફિલ્મોનો હિસ્સો ઘણો ઘટી રહ્યો છે. સમગ્ર ભારતમાં બોક્સ ઓફિસનો આંકડો લગભગ ૧૧,૮૩૩ કરોડે પહોંચ્યો છે, પરંતુ તેમાં હિન્દી ફિલ્મનો હિસ્સો ૨૦૨૨૩માં ઘટીને ૫,૩૮૦ કરોડ જ રહ્યો છે જે ૨૦૨૪માં ૪,૬૭૯ કરોડ થયો. જો તેમાંથી જો હિન્દીમાં ડબ થયેલી સાઉથની ફિલ્મોને કાઢી નાખીએ તો ઓરિજિનલ હિન્દી ફિલ્મોના હિસ્સામાં ૩૭ટકાનો ઘટાડો થઈ જશે. ત્યારે હવે ગુલશન દેવૈયાને પૂછાયું કે હવે સાઉથનું સિનેમા કેમ બોલિવૂડથી આગળ ભાગી રહ્યું છે, તેના જવાબમાં ગુલશને કહ્યું, ‘‘કેટલીક ફિલ્મ સારી ચાલે પણ છે. મેં તો કન્નડામાં માત્ર એક ફિલ્મ કરી છે, તેથી મને સાઉથની ઈન્ડસ્ટ્રીનો ખાસ અનુભવ રહ્યો નથી. પરંતુ મને એ ખબર છે કે રિષભ શેટ્ટીએ આ ફિલ્મની કાસ્ટિંગ કેવી રીતે કરી હતી. તેણે આ ફિલ્મ માટે કાસ્ટિંગ કર્યું હતું, એણે ફિલ્મને પેકેજ નહોતી કરી. મને એ ખાતરી છે કે હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ઘણી ફિલ્મ પેકેજ થાય છે, કલાકારોને જરૂરિયાત મુજબ કાસ્ટ કરવામાં આવતા નથી. મને લાગે છે, તેનાથી ઘણો ફરક પડશે.’’તેણે સમજાવ્યું કે બોલિવૂડમાં પાત્રમાં કેવા કલાકારની જરૂર છે, તેના કરતાં સ્ટાર પ્રોફાઈલને આધારે, તેમની સાથે કયા કલાકારોને મેળ આવે છે એ મુજબ કાસ્ટિંગ કરવામાં આવે છે. ગુલશન કહે છે, ‘‘ઘણી વખત ફિલ્મ ઘણી સારી લાગે છે, ચલો આ કલાકારોને લઈએ કારણ કે એમનું અમુક ચોક્કસ પ્રોફાઈલ છે પરંતુ શું ડિરેક્ટરને લાગે છે કે તેઓ ચોક્કસ પાત્ર માટે શ્રેષ્ઠ છે?’’ગુલશને ૨૦૧૧માં આવેલી ફિલ્મ ફોર્સનું ઉદાહરણ આપતાં કહ્યું, ‘‘તેમણે મારું એક રોલ માટે ઓડિશન લીધું હતું. મેં કહ્યું, હું ઓડિશન નહીં આપું, મારે વિલનના રોલ માટે ઓડિશન આપવું છે કારણ કે મેં કખા કખા, મૂળ તમિલ ફિલ્મ જોઈ હતી. મને લાગ્યું હતું કે એ રોલ જોરદાર છે. મેં બહુ સારું કામ કર્યું. પણ મને એ રોલ ન મળ્યો. સ્વાભાવિક છે, હું એ પાત્ર માટે યોગ્ય હતો જ નહીં. કારણ કે એ પાત્ર માટે એક ચોક્કસ પ્રકારનો દેખાવ, અને પર્ફોર્મ કરવાની ક્ષમતાઓ જોઈએ. એક ચોક્કસ લહેકો જોઈએ, જે માત્ર વિદ્યુત જામવાલ જ કરી શકે છે. મારા અને વિદ્યુત વચ્ચે એ જ એ પાત્ર માટે યોગ્ય હતો. એને કાસ્ટિંગ કહેવાય. એનું કાસ્ટિંગ યોગ્ય હતું, મને લીધો હોત તો ખોટું હોત. જો એ પાત્ર અલગ રીતે લખાયું હોત તો અલગ વાત હતી.’’આ જ રીતે કંતારામાં પણ આ જ રીતે કાસ્ટિંગ થયું હતું. આ ફિલ્મે માત્ર ભારતમાં જ ૪૫૦ કરોડની કમાણી કરી લીધી છે. જોકે, ઘણા લોકો ગુલશનને આજે પણ અન્ડરરેટેડ કલાકાર ગણે છે, આ અંગે તેણે જણાવ્યું, ‘‘લોકો મને ટીકામાં અન્ડરરેટેડ કહે તો પણ હું તેને હકારાત્મક રીતે જ લઉં છું. જેમકે, એક વખત કોઈ શુભેચ્છકે મને કહ્યું, હું મારી કારકિર્દી પર ધ્યાન નથી આપતો.

# ભૂમિએ ટ્રોલ્સને કહ્યું કે હવે તે અલગ દેખાય છે, ૯૬ કિલોની હતી એ ભૂતકાળ થઈ ગયો



ભૂમિ પેડનેકરે એક ઇન્ટરવ્યુમાં તેણે પોતાની જાતને પ્રેમ કરવાની અને ધીરજ રાખવાની વાત કરી હતી



ભૂમિ પેડનેકરે જ્યારે ૨૦૧૫માં 'દમ લગા કે હૈશા' ફિલ્મથી ડેબ્યુ કર્યું ત્યારે તેણે બોલિવૂડ ઈન્ડસ્ટ્રીના સુંદરતાના રૂઢિગત ધારા ધોરણો તોડીને આ ધોરણોથી દૂરનું પાત્ર ભજવ્યું હતું. હવે તેનાં એક દાયકા પછી ભૂમિના વ્યક્તિત્વમાં શારિરીક રીતે અને માનસિક રીતે ઘણા ફેરફાર થયા છે, છતાં તે કબૂલે છે કે દેખાવ સાથેનો સંઘર્ષ સંપુર્ણપણે ક્યારેય દૂર થતો નથી. તાજેતરમાં એક ઈન્ટરવ્યુમાં તેણે પોતાની જાતને પ્રેમ કરવાની અને ધીરજ રાખવાની વાત કરી હતી. તે બૉડી ઈમેજ સાથેનાં સંઘર્ષમાંથી બહાર નીકળી શકી કે નહીં, તે અંગે ભૂમિ જણાવે છે, ‘‘મને લાગે છે, એ તમારા મનમાંથી ક્યારેય જતું નથી, કારણ કે આપણે એવા વાતાવરણમાં મોટાં થયાં છીએ જ્યાં આપણા પર અલગ પ્રકારની કમેન્ટ કરવામાં આવતી હતી. પરંતુ તમારે તમારી જાતને પ્રેમ કરતાં શીખવું પડશે અને તે એક પ્રક્રિયા છે.’’ભૂમિએ ખુલાસો કર્યો કે તેની ફરી તંદુરસ્ત જીવન જીવવાની સફરમાં માનસિક સ્પષ્ટતા અને શારિરીક શક્તિ પણ જરૂરી છે. ‘‘મને અહીં સુધી પહોંચતા ઘણો સમય લાગ્યો છે હજુ પણ એવા દિવસો હોય છે, જ્યારે હું નિઃરાશ થઈ જતી હોઉં છું. પરંતુ મેં મારું જીવન નિયમિત બનાવી રાખ્યું છે, તેના કારણે બધું નિયંત્રણમાં રહે છે. મારા માટે શારિરીક સ્વાસ્થ્ય પણ માનસિક સ્વાસ્થ્ય માટે જરૂરી છે. તમે બહારથી કેવા દેખાવ છો એ જરૂરી નથી.’’કસરત તેને સંતુલન જાળવવામાં કઈ રીતે મદદ કરે છે, તે અંગે ભૂમિએ જણાવ્યું, ‘‘જ્યારે પણ હું કસરત કરતી હોઉં છું, ત્યારે હું મારી જાતને કહું છું કે હું આ મારા શરીર માટે કરી રહી છું. મારે લાંબું જીવવું છે. જ્યારે હું રનિંગ કે વોકિંગ કરું તો તેના કારણે મને માનસિક સ્પષ્ટતા મળે છે. આ જ રીતે તમે તમારી જાતનું ધ્યાન રાખી શકો છો.’’જ્યારે ટીકાઓનો સામનો કરવા અંગે ભૂમિ જણાવે છે, ‘‘એક સમય હતો, જ્યારે હું ૯૬ કિલોની હતી અને ત્યારે મારા વિશે ઘણી ટીકા અને નિવેદનો થતાં. હવે હું અલગ દેખાઉં છું તો તેમાં પણ લોકોને ટીકા કરવી છે. મુદ્દો એ છે કે હું હંમેશા લોકોની નજરમાં હોઉં છું, હું દર્શકો માટે જ છું. એ લોકો જે કહે છે તે હું સાંભળું છું, પરંતુ અંતે તો મને જે યોગ્ય લાગે એ જ હું કરું છું.’’

# ઝરીન ખાને સોશિયલ મીડિયા પર અભદ્ર કમેન્ટ સામે નારાજગી દર્શાવી


ઝરીન ખાને ૨૦૧૦માં પિરીયડ ડ્રામા 'વીર'થી સલમાન ખાન સાથે ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં ડેબ્યુ કર્યું હતું



ઝરીન ખાને ૨૦૧૦માં પિરીયડ ડ્રામા 'વીર'થી સલમાન ખાન સાથે ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ડેબ્યુ કર્યું હતું. તે સોશિયલ મીડિયા પર જે રીતે લોકો અભદ્ર કમેન્ટ્સ કરે છે અને વાંધાજનક વાતો કરે છે, તેની સખત વિરોધમાં છે. તેણે મંગળવારે પોતાના ઈન્સ્ટાગ્રામ પર આ પ્રકારના લોકોનો ઉધડો લીધો હતો. તેઓ લગભગ તેની દરેક પોસ્ટ નીચે અયોગ્ય અને અપમાનજનક કમેન્ટ્સ કરીને ભાગી જાય છે. ઝરીને એક વીડિયો મેસેજમાં તેના ફોલોવર્સને સંબોધીને સોશિયલ મીડિયા પર વધી રહેલી નકારાત્મકતાઓ પર અકળામણ વ્યક્ત કરી હતી.ઝરીને કહ્યું કે આ બધું દેખીતી રીતે જ અકળાવી દે એવું છે, ‘‘હેલો એવરીવન. શું તમારી સાથે પણ આવું થાય છે? જેવું હું કંઈ પોસ્ટ કરું છું, આવી કમેન્ટ્સ આવવાની શરૂ થઈ જાય છે. લોકો પાણી અને પીચના ઈમોજી મુકે છે, કોઈ લખે છે, 'સેવાઓ ઉપલબ્ધ છે', 'છોકરાઓ આવી જાઓ' કે પછી 'બોયફ્રેન્ડની જરૂર છે, ઘરમાં એકલી છું'’’ આગળ ઝરીન કહે છે, તે ગમે તે પોસ્ટ કરે, લોકો તેની સાતમણી કરવાનું ચૂકતાં નથી, પછી તેની કોઈ ખુશીની વાત હોય કે પછી તે પોતાના અંગત વિચારો રજૂ કરતી હોય, કે પછી કોઈને શ્રદ્ધાંજલિ પણ આપતી હોય. ‘‘હું શું શેર કરું છું, તેનાથી કોઈ ફરક પડતો નથી, લોકો ગંદી વાતો કરવાનું બહાનું શોધી જ લે છે. ઘણી કમેન્ટ્સ એટલી ગંદી હોય છે કે, તે જોઈને આંચકો લાગી જાય છે.’’ઝરીને આ વીડિયો મેસેજની પોસ્ટની કૅપ્શનમાં લખ્યું છે, ‘‘આ શું ચક્કર છે..કોઈ સમજાવો પ્લીઝ. અને શું તમારી સાથે પણ આવું થાય છે? મને કમેન્ટ્સમાં જણાવો.’’

જુન જી હ્યુન સામે વિરોધને કારણે ચીનમાં કે ડ્રામાનું શૂટ રદ થયું

# 'ડિલ્યુઝન'ના કલાકારો સુઝી અને કિમ સિઓને ચીનમાં શૂટિંગ રદ કર્યું



સુઝી અને કિમ સીઓન હોની કોરીયન ડ્રામા 'ડિલ્યુઝન'નું વિદેશનું શૂટિંગ અચાનક રદ કરી દેવાયું છે. જૂન હી હ્યુનની ડ્રામા 'ટેમ્પેસ્ટ' સામે ચીનમાં વિરોધ ફાટી નીકળ્યો છે. તેથી હવે 'ડિલ્યુઝન'નું શૂટિંગ પણ અચાનક રદ કરી દેવાયું છે. એવા અહેવાલો છે કે છેલ્લી ઘડીએ આ શૂટ રદ થયું છે અને હવે તેઓ વૈકલ્પિક લોકેશન જોઈ રહ્યા છે. પ્રાથમિક રીતે આ ફિલ્મના શૂટ માટે શાંઘાઈને પસંદ કરવામાં આવ્યું હતું. પરંતુ હવે ટીમ નવા વિકલ્પો જુએ છે.એવા અહેવાલો છે કે જુન લી હ્યુનની 'ટેમ્પેસ્ટ' માં એક ડાયલોગ હતો, જે ચાઈનીઝ દર્શકોને વાંધઆજનક લાગ્યો, તેનાથી દેશમાં આ કલાકારની છાપ પણ ખરાબ થઈ છે. તેના કારણે કેટલીક બ્રાન્ડે જુનને પોતાની જાહેરાતોમાંથી પણ દૂર કરી દીધો છે. તેથી ઘણા લોકો 'ટેમ્પેસ્ટ'ની ઘટનાને 'ડિલ્યુઝન' છેલ્લી ઘડીએ બદલાયેલા શૂટના લોકેશનને તેની સાથે જોડી રહ્યા છે. જોકે 'ડિલ્યુઝન'ની ટીમમાંથી આ અંગે કોઈ જાણકારી મળી નથી.આ ઘટના અંગે જુન લી હ્યુનની ટીમે નિવેદનમાં જણાવ્યું છે કે, ‘‘જુનને બ્રાન્ડે પહેલાના આયોજન મુજબ જ દૂર કર્યો છે, તેના બોયકોટ અંગેની વાતો અફવા છે.’’ ડિલ્યુઝનની ટીમ હવે સાઉથ કોરિયામાં જ કોઈ સ્થળો પર શૂટ કરશે, આ ઉપરાંત વિયેતનામના કેટલાક સ્થળો પણ ચર્ચામાં છે. જ્યારે ડિલ્યુઝનની ટીમે એક નિવેદનમાં જણાવ્યું કે, ‘‘અમે શૂટિંગના લોકેશન પર ચર્ચા કરી રહ્યા છીએ, હજુ કોઈ સ્થળ નક્કી થયું નથી.’’ આ ફિલ્મમાં એર સ્ટાર્ટ અપ એલ્મની કિમ સિઓન હો અને સુઝી લીડ રોલમાં છે, જેઓ ૧૯૩૦ની ગ્યેન્ગસિઓંગની વાત કરશે.

# 'મહિલા સ્વાસ્થ્ય પાછળ રોકાણ કરવાનો સમય પાકી ગયો છે'

મહિલાઓ ખોટા નિદાનને કારણે હાર્ટ એટેકનો શિકાર બની શકે એવી શક્યતા પુરુષો કરતાં ૫૦ ટકા વધુ



હેલ્થ સમિટમાં મહિલાઓના આરોગ્યમાં સમાનતા અને વિકાસ અંગે એક વ્યાખ્યાન આપ્યું હતું. તે યૂએનએપપીએમાં જેન્ડર ઈક્વાલિટી માટે ભારતની માનદ એમ્બેસેડર છે, તે બર્લિનમાં વર્લ્ડ હેલ્થ સમિટમાં ભાષણ આપનારી પહેલી ભારતીય છે. તેણે 'મહિલાઓનું સ્વાસ્થ્ય અને વૈશ્વિક સમૃદ્ધિ' વિષય પર વાત કરી હતી. તેણે ઈન્સ્ટાગ્રામ પર તેના આ ભાષણના અંશો અને તેનાં અનુભવ અંગે વાત કરી હતી. ક્રિતિએ પોતાના વ્યાખ્યાનના એક અંશમાં જણાવ્યું હતું કે, મહિલાઓ ખોટા નિદાનને કારણે હાર્ટ એટેકનો શિકાર બની શકે એવી શક્યતા પુરુષો કરતાં ૫૦ ટકા વધુ હોય છે. વધુમાં તેણે જણાવ્યું હતું કે વર્ષોથી કાર ડેશડમી સામાન્ય પુરુષોના કદને ધ્યાનમાં રાખીને જ બનાવવામાં આવે છે, તેથી કાર એક્સિડેન્ટમાં પણ મહિલાઓને ગંભીર ઈજા થવાની શક્યતાઓ પુરુષોની સરખામણીએ ૪૦ ટકા વધારે છે. તેણે મહિલાઓના સ્વાસ્થ્યને પ્રાથમિકતા આપવાનો સમય પાકી ગયો હોવાની વાત કરી હતી, જે વિશ્વની અડધી વસ્તીનું પ્રતિનિધિત્વ કરવા છતાં લાંબા સમયથી તેમને હંમેશા ફંડનો અભાવ હોય છે. તેણે મહિલાઓનાં સ્વાસ્થ્યમાં રોકાણ કરવાની આર્થિક જરૂરિયાત પર ભાર મૂકતો ડેટા શેર કરતાં કહ્યું, પ્રત્યેક ઈ૩૦૦ મિલિયનના રોકાણ માટે, વળતર ઈ૧૩ બિલિયન મળી શકે છે. દરેક ડોલરે ઓછામાં ઓછા નવ ડોલરનો આર્થિક લાભ થાય છે. આ વીડિયો શેર કરતાં કૅપ્શનમાં ક્રિતિએ લખ્યું, ‘‘મહિલાઓ માનવજાતનો અડધો હિસ્સો ધરાવે છે. મહિલાઓનાં સ્વાસ્થ્યમાં રોકાણ કરવાનો અને દવાઓ, આરોગ્ય સંભાળ અને સલામતી તકનીકોનું પરીક્ષણ કરતી વખતે તેમને સમાન રીતે સામેલ કરવાનો સમય પાકી ગયો છે! યૂએનએપપીએમાં જેન્ડર ઈક્વાલિટી માટે ભારતની માનદ એમ્બેસેડર તરીકે વર્લ્ડ હેલ્થ સમિટમાં મુખ્ય વક્તા તરીકે હાજરી આપવાની ખુશી અને ગૌરવ પ્રાપ્ત થયું છે. આજે જે વિષય પર ચર્ચા કરવાની જરૂર છે, તેવા જેન્ડર ઈક્વાલિટીના મુદ્દા પર થોડો પ્રકાશ પાડી શકી તેનો આનંદ છે. સાથે જ યૂએનએફપીએના એક્ઝિક્યુટીવ ડિરેક્ટર મેડમ મિસ ડાયેન કિએટાને મળી શકવાની ખુશી છે – તમારા વ્યક્તિત્વની હુંફ અને તમારા અવાજની આશાઓ ખરેખર સ્પર્શી જાય એવી છે.’’

આ ફિલ્મ માટે નવાઝુદ્દીન ઘણો ઉત્સાહીત છે

# 'થામા' મારી પહેલી ફિલ્મ છે, જે મારા બાળકો પણ જોઈ શકશે



નવાઝુદ્દીન સિદ્દીકીને અત્યાર સુધી લાલચુ ગેંગ્સ્ટર તરીકે 'ધ સેક્રેડ ગેમ્સ'થી લઈને વિશ્વભરમાં વખણાયેલો 'ગેંગ્ઝ ઓફ વાસેપુર'નો રોલ હોય કે પછી સૌથી ડાર્ક રોલમાં 'રમણ રાઘવ ૨.૦' જેવી ફિલ્મમાં વિવિધ પ્રકારના તેમ છતાં ગંભીર રોલમાં જોયો છે. તે પહેલી વખત આયુષ્યમાન ખુરાના અને રશ્મિકા મંદાના સાથે 'થામા'માં હોરર કોમેડી ફિલ્મમાં જોવા મળશે.તાજેતરના એક ઈન્ટરવ્યુમાં નવાઝુદ્દીન કહે છે કે તે ખુશ છે કે એ એવી પહેલી ફિલ્મમાં કામ કરી રહ્યો છે, જે તેની દિકરી શોરા અને યાની પણ જોઈ શકશે. ૫૧ વર્ષના નવાઝે ખુશ થઈને કહ્યું, ‘‘થામા માટે હું એટલા માટે પણ ઉત્સાહીત છું કારણ કે એ અમે જ્યાં અમે શૂટ કરી છે, એ આપણે પહેલાં માત્ર દંતકથાઓમાં જ વાંચ્યું છે. સાથે જ જે પ્રકારની ફિલ્મ હું કરું છું, બાળકો એ જોઈ શકતાં નખી. આ પહેલી ફિલ્મ છે, જે મારા બાળકો જોઈ શકશે.’’થામા દિનેશ વિજાનના મેડોકના હોરર કોમેડી યુનિવર્સની વધુ એક મહત્વાકાંક્ષી ફિલ્મ છે. આ ફિલ્મ માટે નવાઝુદ્દીન ઘણો ઉત્સાહીત છે. તેણે જણાવ્યું, ‘‘જો તમે આ યુનિવર્સ જુઓ તો, સ્ત્રીથી લઈને અત્યાર સુધી, હોરર ફિલ્મમાં તમને ઘણા ટેલેન્ટેડ કલાકારો જોવા મળ્યા છે, આવું પહેલાં હોરર ફિલ્મમાં થતું નહોતું. આવા કલાકારોને એકસાથે લાવવા કમાલની વાત છે.’’

# 'મેં વર્ષોથી ઘર અને કામ વચ્ચે બેલેન્સ રાખ્યું જ છે, મારા માટે આ સામાન્ય છે'

દીપિકા પાદુકોણની કામના નક્કી કલાકોની ચર્ચા અંગે કોંકણા સેને આઠ કલાકની શિફ્ટ અંગે વાત કરી

દીપિકા પાદુકોણની આઠ કલાકની શિફ્ટની શરતો અને વધારે કલાકો માટે વધારાના વળતરની માગણીઓને કારણે તેણે સંદીપ રેડ્ડી વાંગાની 'સ્પિરિટ' અને 'કલકી ૨૮૯૮ એડી'ની સિક્વલ –એમ બે ફિલ્મ ગુમાવવી પડી છે. આ ચર્ચાઓ વચ્ચે હવે કોંકણા સેન શર્માએ પણ પોતાના વિચારો રજૂ કર્યા છે. તાજેતરમાં કોંકણાની 'સર્ચઃ ધ નૈના મર્ડર કેસ' સિરીઝ શરૂ થઈ છે.ત્યારે કોંકણાએ એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું, ‘‘આ ઘણી સામાન્ય વાત છે. આ એક એવી બાબત છે, જેની સાથે હું વર્ષોથી કામ લેતી આવી છું – કામ અને ઘર બંને વચ્ચે હંમેશા સંતુલન કરતી આવી છું.’’આગળ કોંકણાએ જણાવ્યું, ‘‘જ્યારે સારો દિવસ હોય તો, મને લાગે છે મારો દિવસ કેટલા બધાં પાસાઓથી સમૃદ્ધ છે, કે જેથી એકાદ પાસું થોડું નબળું હોય તો પણ, બીજા તરફ ધ્યાન આપી શકાય છે. પરંતુ કેટલાક દિવસ એવા હોય છે, ત્યારે મને લાગે છે, ખબર નહીં હું બધું કઈ રીતે મેનેજ કરીશ. ક્યારેક તમે નિષ્ફળ જાઓ છો, જ્યારે કેટલાક દિવસે તમને સફળતા મળે છે અથવા ઓછી નિષ્ફળતા મળે છે. આ રીતે તેને જોવું જોઈએ.’’કોંકણાએ એમ પણ કહ્યું કે કઈ રીતે સમય બદલાયો છે અને હવે ૪૦ વર્ષથી ઉપરની ઉમરના કલાકારોને પણ સારા રોલ મળે છે પરંતુ કેટલાંક કિસ્સામાં, આપણે હજુ લાંબું અંતર કાપવાનું છે. કોંકણાએ કહ્યું, ‘‘મને ઘણું સુખદ આશ્ચર્ય થાય છે કે હું જે પ્રકાકરના રોલ કરું છું એમાં મારે હું બહુ નાની હોય એવું બતાવવાની જરૂર પડતી નથી. મોટી થિએટર રિલીઝમાં ઘણા કલાકારોએ પહેલાં આવું કરવું પડતું હતું.’’કોંકણા સહમત થઈ કે હવે ૪૦ વર્ષથી ઉપરની મહિલાઓ પર ધ્યાન આપવામાં આવે છે, ‘‘લોકો હંમેશા કહે છે કે ૪૦ વર્ષથી મોટી મહિલાઓ ચાલશે, ૫૦થી મોટી નહીં, તમે પણ ૫૦થી વધુ ઉંમરના હશો તો ૪૦થી ઉપરના છો એવું કહેશો. લોકો આવા ખેલ ખેલે છે, પરંતુ આપણે આ સ્થિતિથી પણ ઉપર આવીશું.’’

# ફેસ્ટિવલમાં નવા કપડાં સાથે સ્ટાઈલિશ હેરમાં બધાની સામે આકર્ષક દેખાવા માંગો છો





આ દિવાળીમાં પોતાના માટે ખૂબ સુંદર ડ્રેસ લીધો હતો. નેટનો દુપટ્ટો અને લહેરિયા ડિઝાઈનવાળા આ લાઈટ પિંક સ્લીવલેસ ડ્રેસમાં તે ખૂબ સુંદર દેખાતી હતી, પણ જ્યારે સાંજે તૈયાર થતી વખતે તેણે ડ્રેસ મુજબ હેરસ્ટાઈલ બનાવવાની કોશિશ કરી ત્યારે તેનો લુક સારો ન આવ્યો. તેના હેર ડ્રાય અને નિસ્તેજ લાગતા હતા, જેમાં તે સ્ટાઈલ સૂટ નહોતી કરતી. પછી તેણે હેર ખુલ્લા રાખવાનું વિચાર્યું તો પણ તે સારા નહોતા લાગતા.

હકીકતમાં, દિવાળીથી જસ્ટ પહેલાં નિશા એક એક્ઝામ આપવા લખનૌ ગઈ હતી અને પછી આવીને શોપિંગ કરવા લાગી. તેથી તે તેના હેરનું ધ્યાન ન રાખી શકી અને જ્યારે સુંદર દેખાવાનો સમય આવ્યો ત્યારે હેરના લીધે તેનો લુક બગડી ગયો. તહેવાર એક એવો પ્રસંગ છે જ્યારે દરેક છોકરી કે મહિલા સૌથી સુંદર દેખાવા માંગે છે. રંગબેરંગી નવા કપડાં સાથે સ્ટાઈલિશ અથવા ખુલ્લા ૧ હેરમાં આકર્ષક દેખાવા ઈચ્છે છે, જ્યારે તહેવારમાં આપણો મોટાભાગનો સમય તૈયારી અને વ્યસ્તતામાં પસાર થાય છે. આ સંજોગોમાં પોતાના હેરની સંભાળ લેવા માટે સમય કાઢવો મુશ્કેલ થઈ જાય છે.

તહેવારમાં આકર્ષક દેખાવા માટે છોકરીઓ હેર ખુલ્લા રાખે છે અને ખુલ્લા હેર સારા લાગે તેની તૈયારી પહેલાંથી કરવી પડે છે. તહેવારના આગમનથી થોડા સમય પહેલાંથી એક હેર કેર રૂટિન અપનાવવાની જરૂર છે, જેથી તમે સારી હેરસ્ટાઈલ બનાવી શકો અથવા ખુલ્લા હેર રાખી શકો.

પૌષ્ટિક ખોરાકનું સેવન કરવું સૌથી મહત્ત્વ પૂર્ણ છે. વિટામિન સી, આયર્ન અને પ્રોટીનયુક્ત ખાદ્યપદાર્થનું સેવન તમારા માથાની સ્કિનને સ્વસ્થ બનાવે છે અને હેરને ખરતા અટકાવવામાં મદદ કરે છે. તે સિવાય ખોરાકમાં વધારે ઓમેગા થ્રી અને ઓમેગા દ વાળા ખાદ્યપદાર્થ જેમ કે ઠંડાં, બદામ અને અખરોટ સામેલ કરો.

નિયમિત ટ્રિમ કરાવવું સ્વસ્થ હેરકેરનો એક જરૂરી ભાગ છે. દર ૭-૮ અઠવાડિયામાં હેરને ટ્રિમ કરાવવાથી દ્વિમુખી હેરને મૂળ સુધી વધતા અટકાવવામાં મદદ મળે છે, જેથી હેર તૂટવા અને નિસ્તેજ થવા લાગે છે. નિયમિત ટ્રિમ્સ હેરનો વિકાસ કરે છે અને હેરને એક ફ્રેશ, જાવંત રૂપ આપે છે. તેનાથી હેર મજબૂત બને છે અને તમે નવીનવી સ્ટાઈલ બનાવી શકો છો.

# તહેવારમાં ફેસને કેવી રીતે નિખારશો કે લોકો પ્રશંસા કર્યા વિના રહી ન શકે...



ફેસ્ટિવ સીઝન શરૂ થતા જ મહિલાઓ ઘર સજાવવા લાગે છે. આ રૂમની સફાઈ, તે રૂમની સફાઈ, પંખાની સફાઈ, કિચનની સફાઈ. બસ તેમાં તેનો પૂરો સમય નીકળી જાય છે. થોડો સમય બચી પણ જાય તો તેને પોતાના ઘરવાળાની સેવાના નામે કરી દે છે, પરંતુ આ દરમિયાન તે સ્વયંને પાછળ છોડી દે છે. તે ભૂલી જાય છે કે તેને પણ કેરની જરૂર છે. હવે આટલા ઓછા સમયમાં તે ફેસ્ટિવ સીઝનમાં કેવી રીતે પોતાનો ફેસ નિખારશે, કેવી રીતે ચંદ્ર જેવી સ્કિન મેળવશે. આ તેમની મોટી સમસ્યા છે, કારણ કે તે પણ ઈચ્છે છે કે તે ફેસ્ટિવ સીઝનમાં સ્પેશિયલ દેખાય. તેની પણ સ્કિન ફ્લોલેસ દેખાય. અમે તે મહિલાઓ માટે એવી કેટલીક સ્માર્ટ પ્રોડક્ટ્સ લઈને આવ્યા છીએ, જે થોડી મિનિટમાં તેને ચંદ્ર જેવો ચમકતો ફેસ અને દમકતી સ્કિન આપે છે. આ પ્રોડક્ટ શું છે, કેવી રીતે કામ કરે છે, તેની કિંમત શું છે, તેને ક્યાંથી ખરીદી શકો છો, આવો જાણીએ : લીમડો, પ્લમ, બીટરૂટ, હળદરચંદન ફેસ માસ્ક હવે ઓલ્ડ ફેશન થઈ ગઈ છે. તમે ઈસ્ટન્ટ ગ્લો મેળવવા ઈચ્છો છો તો એલઈડી ફેસ માસ્ક તમારા માટે એક બેસ્ટ માસ્ક છે. તે ન માત્ર તમારા ફેસને ઈસ્ટન્ટ ગ્લો આપે છે, પરંતુ તમારા ફેસની પિગમેન્ટેશનની સમસ્યાથી પણ તમને છુટકારો આપશે. આ તમારા ફેસનું ડીપ ક્લિનિંગ કરશે. તમે એક સારા એલઈડી ફેસ માસ્કની શોધમાં છો તો તમે પ્રોટચનો થ્રી ઈન વન એલઈડી ફેસ માસ્ક ઉપયોગ કરી શકો છો.

## નવા વર્ષમાં તમે પણ ફૂડ બિઝનેસ શરૂ કરીને નામ અને પૈસા કમાવા ઈચ્છો છો



જોપોતાનો બિઝનેસ હોય તો કામ કરવાની ઈચ્છા આપમેળે પ્રબળ બની જાય છે. આ સ્થિતિમાં પરિવાર સાથે કામનો તાલમેલ બેસાડવો સરળ બની જાય છે. ઘર પરથી ટિફિન ઓફિસમાં મોકલવાનું કામ એક એવું કામ છે, જે સરળતાથી કરી શકાય છે. આ કામમાં સ્વચ્છતા અને લોકોને સ્વાદિષ્ટ ભોજન ખવડાવવું અસલી પડકાર હોય છે.

દરરોજ ભોજન બધાને ગમે અને પાછું ન આવે તેનું હંમેશાં ધ્યાન રાખવું પડે છે. લગ્ન પછી કોઈ મોટા શહેરમાં જતા હોય તો આ કામ તમે કરી શકો છો. ૩૦૦ સ્ક્વેર ફૂટના નાનકડા ઘરમાં એક સ્વચ્છ ખૂણામાં કિચન બનાવીને ૧૦ થી ૨૦ લોકોના ટિફિનની વ્યવસ્થા કરી શકાય છે.

# આ તહેવારમાં મિત્રો અને સગાંસંબંધીને આપવા માંગો છો ભેટ



કોઈને ભેટ આપવાથી તમારી અને ભેટ મેળવનાર વચ્ચે એક બંધન બને છે. જે આપનાર અને લેનાર વચ્ચે સંબંધ મજબૂત બનાવે છે. એક નવા સંબંધની શરૂઆત અથવા જૂનાને મજબૂત બનાવવા માટે ભેટ ઘણી વાર પ્રેમ, આભાર અને ખુશીની અભિવ્યક્તિ હોય છે.

કેટલીક વાર ભેટ પસંદ કરવામાં સમસ્યા થાય છે, કારણ કે સામેવાળાની પસંદ સમજવી સરળ કામ નથી. એવામાં તમે આ કેટલીક ખાસ ભેટ વિશે વિચારી શકો છો :

જો લગ્ન નક્કી થયા છે તો પાર્ટનરને સ્પેશિયલ ફીલ કરાવવા માટે કેવી ભેટ પસંદ કરશો આ સવાલ ઘણી વાર પુરુષોના મનમાં થાય છે એટલે કે છોકરીઓ શું પસંદ કરે છે આ વિશે વિચાર કરવો જરૂરી છે.

આવો, જાણીએ કે તમે ભાવિ જીવનસંગિની કે ગર્લફ્રેન્ડ કે દૂર રહેતી બહેનને ફેસ્ટિવલમાં કેવા પ્રકારની ભેટ આપી શકો છો :

**પર્સ :** છોકરીઓને પર્સ અથવા બેગનો ખૂબ શોખ હોય છે. એવામાં તેમને બેગ અથવા પર્સ ભેટ કરવી સારો વિકલ્પ હોઈ શકે છે. આજકાલ કેટલાક પ્રકારના સ્ટાઈલિશ બેગ્સ માર્કેટ અને ઓનલાઈન ઉપલબ્ધ છે. એક ટ્રેન્ડી અને ફેશનેબલ પર્સ પસંદ કરો, જે સુંદર લુકની સાથેસાથે ઉપયોગી પણ થશે.


**રૂમ ડિફ્યૂઝર :** પૂરા દિવસના થાક પછી જ્યારે રૂમમાં આવતાની સાથે ભીનીભીની સુગંધ મળશે તો કોઈનો પણ થાક દૂર થઈ શકે છે. એવામાં આ અહેસાસ માટે તમે તમારા પાર્ટનરને ડિફ્યૂઝર ભેટમાં આપી શકો છો. તેની પસંદનું સુગંધિત એસેશિયલ ઓઈલ અને ડિફ્યૂઝરનું કોમ્બિનેશન એક બેસ્ટ ભેટ હોઈ શકે છે. આ અરોમા થેરપિની જેમ કામ કરીને થાકની સાથેસાથે મૂડને પણ સુધારે છે.

**કસ્ટમ નેમ રિંગ :** ગર્લફ્રેન્ડને શું ભેટ આપવી તેનો એક બેસ્ટ ઓપ્શન છે કસ્ટમ નેમ રિંગ. આ આજકાલ ટ્રેન્ડમાં છે અને પ્રેમ જતાવવાની એક સારી રીત છે. રિંગમાં તમે તમારી પાર્ટનરના નામ સાથે પોતાના નામનો પહેલો અક્ષર લખાવીને તેને સરપ્રાઈઝ આપી શકો છો. તેને આપીને ગર્લફ્રેન્ડના દિલમાં તમે તમારો પ્રેમ વધારી શકો છો.

**જ્વેલરી કેસ :** કેટલીય છોકરીઓ જ્વેલરીની શોખીન હોય છે. થોડીઘણી જ્વેલરી તો દરેક છોકરી પાસે હોય છે. એવામાં જો તમારી પાર્ટનર પણ જ્વેલરી રાખે છે તો તેને ઓર્ગેનાઈઝ રાખવા માટે જ્વેલરી બોક્સ ઉત્તમ વિકલ્પ હોય છે. આજકાલ કેટલાય પ્રકારની ડિઝાઈનર જ્વેલરી કેસ માર્કેટ અને ઓનલાઈન ઉપલબ્ધ છે.

## હાઉસવાઈફ આ રીતે આપે સપનાને પાંખો

લગ્ન પહેલાં સરિતા સિંહાએ ગ્રેજ્યુએશન પૂરું થયા પછી કેટલાય કોર્સ કર્યા હતા, જેમ કે આચાર, જેમ, ચટણી બનાવવાનો કોર્સ, સીવણ કોર્સ અને ગાર્ડનિંગ તો તેને મોટા



ભાઈએ શિખવાડ્યું હતું, પરંતુ આ બધું તેણે એટલે શીખ્યું હતું, જેથી કોઈ સારા પરિવારમાં તેના લગ્ન થાય અને સાસરીમાં તેનું માનસન્માન જળવાય. લગ્ન પછી સરિતાને ઘરના કામમાંથી નવરાશ નહોતી મળતી. નણંદ અને દિયર બંને નાના હતા, અભ્યાસ કરતા હતા. પતિ અને સસરા નોકરી કરતા હતા. વહેલી સવારે બધા માટે ચાનાસ્તો, પછી બપોરે ભોજનની તૈયારી અને પછી ઘરની સાફસફાઈ. ૩ વર્ષમાં ૨ બાળક થયા તો તે વધારે વ્યસ્ત થઈ. સમય પાંખો લગાવીને ઊડવા લાગ્યો. નણંદના લગ્ન થયા. સાસુસસરા નાના દીકરાના પરિવાર સાથે રહેવા લાગ્યા અને સરિતા પોતાના ૨ બાળક અને પતિ સાથે રહેતી. તહેવારમાં જ બધા મળતા. આજે સરિતાનો મોટો દીકરો હાઈસ્કૂલમાં તો નાનો ધોરણ ૯ માં અભ્યાસ કરે. હવે કામનો એટલો બોજ નથી. પતિની ઓફિસ અને બાળકોના સ્કૂલે ગયા પછી સમયમાં સરિતાએ ૪-૫ છોડ અને કૂંડા ખરીદ્યા. વિચાર્યું આંગણાના એક ખૂણામાં ફૂલના છોડ વાવશે. બગીચાનો શોખ હતો, પરંતુ લગ્ન પછીના ૧૬૧૭ વર્ષમાં તેના માટે ક્યારેય સમય ન મળ્યો. આંગણું મોટું હતું.

# સુંદર દેખાવું દરેક મહિલાની ઈચ્છા હોય છે, પરંતુ તેનાથી ઘરના લોકો ચિડાય અથવા તેને નાટક સમજે તો પછી તમારે શું કરવું જોઈએ...



પોતાની પર્સનાલિટી બાબતે તે ખૂબ કૌંશિયસ છે. તે પોતાના આઉટફિટથી લઈને સ્કિન સુધ્ધાંનું ખૂબ ધ્યાન રાખે છે. આ જ કારણસર ૩૫ વર્ષ પૂરાં થયા પછી પણ તેની સ્કિન બિલકુલ યુવા છે, જાણે કોઈ કોલેજમાં ભણતી ૨૧-૨૨ વર્ષની છોકરી ન હોય. કોવિડ-૧૯ ના સમયે જ્યારે તે પોતાની આસપાસના લોકોને કંઈક નવું શીખતા જોઈ રહી હતી, ત્યારે તેણે પણ પોતાની પર્સનાલિટીમાં બદલાવ લાવવાનું નક્કી કરી લીધું. સૌપ્રથમ તેણે પોતાના બેડોળ શરીરને શેપ આપ્યો. ત્યાર પછી પોતાનું મેકઓવર કર્યું તેમજ સૌથી જરૂરી પોતાની સ્કિન કેર કરી.

પરંતુ તેની સ્કિન કેરની આજની સરળ ન રહી. ઘણી વાર એવા પ્રસંગો પણ આવ્યા જ્યારે તેનો પતિ નવીન તેને જાતજાતની ક્રીમ, સીરમ અને અલગઅલગ પ્રકારના ફેસવોશ યૂઝ કરતા જોતો ત્યારે ચિડાઈ જતો. તેને ઘણી વાર તે સમયે ટોકતો હતો અને કહેતો કે કેમ આ બધા પાછળ વ્યર્થ પૈસા બરબાદ કરી રહી છે. પૈસા ઝાડ પર ઊગતા નથી કે તું આ બધી નકામી વસ્તુમાં ખર્ચી રહી છે. તેમ છતાં સુંદરતાની એટલી ચિંતા હોય તો પછી ઘરેલુ નુસખા કેમ અપનાવતી નથી. હું કંટાળી ગયો છું તારા આ ખર્ચાથી.

રાત્રે ઊંઘતી વખતે કહેતા, રાત પડી નથી કે શરૂ થઈ જાય છે શૃંગાર સજવા. શાંતિથી ઊંઘવા પણ નથી દેતી. કલાકો સુધી લાઈટ ચાલુ રાખીને તારી સ્કિન કેરમાં ખોવાઈ જાય છે. શું તને આ બધામાં થાક નથી લાગતો. એક જ તો રવિવાર મળે છે એન્જોય કરવા, તેમાં પણ તારાં નખરાં ઓછાં નથી થતાં. ક્યારેક તો કહે કે ચાલો, ક્યાંક બહાર ફરવા જઈએ તો કહે છે, બહાર ખૂબ તડકો છે, મારી સ્કિન ખરાબ થઈ જશે, જાણે અમારે તો સ્કિન હોય જ નહીં. અમે પથ્થરના બનેલા છીએ. તારાં આવાં નાટક કોઈ કેટલું સહન કરશે.

# તો બાળકો મોબાઈલ નહીં પુસ્તકની મિત્રતા કરશે


## તમે ઈચ્છો છો કે તમારા બાળકો મોબાઈલ, ટીવી છોડીને પુસ્તકો સાથે મિત્રતા કરે, તો આ જાણકારી તમારા માટે જ છે...



વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન દ્વારા તાજેતરમાં બહાર પાડવામાં આવેલા એક રિપોર્ટમાં ૫ વર્ષથી નાની ઉંમરના બાળકોનો સ્ક્રીન ટાઈમ નિર્ધારિત કરવામાં આવ્યો છે. ડબ્લ્યુએચઓના આ રિપોર્ટ અનુસાર તેના પરિણામ વધારે ભયજનક હોઈ શકે છે. ૫ વર્ષથી નાની ઉંમરના બાળકોનો નિર્ધારિત સમય કરતા વધારે સ્ક્રીન ટાઈમ તેમના શારીરિક અને માનસિક વિકાસ પર અસર કરે છે. આ રિપોર્ટથી વિશ્વ સ્વાસ્થ્ય સંગઠને સલાહ આપી છે કે પેરન્ટ્સ પોતાના નાના બાળકોને મોબાઈલ ફોન, ટીવી સ્ક્રીન, લેપ ટોપ અને બીજા ઈલેક્ટ્રોનિક ઉપકરણોથી શક્ય તેટલા દૂર રાખો. ૧ વર્ષથી નાની ઉંમરના બાળકો માટે ઝીરો સ્ક્રીન ટાઈમ નિર્ધારિત કરવામાં આવ્યો છે એટલે કે તેમને બિલકુલ સ્ક્રીનની સામે રાખવાના નથી. ૧ થી ૨ વર્ષના બાળકો માટે પૂરા દિવસનો સ્ક્રીન ટાઈમ ૧ કલાકથી વધારે ન હોવો જોઈએ. તેની સાથે ૩ કલાક ફિઝિકલ એક્ટિવિટી કરવાની સલાહ આપવામાં આવી છે. આ ઉંમરમાં બાળકોને વાર્તા સંભળાવવાથી તેમના માનસિક વિકાસ માટે લાભદાયી સાબિત થશે. આ જ રીતે ૩ થી ૪ વર્ષ સુધીના બાળકો માટે પણ પૂરા દિવસ દરમિયાન વધારેમાં વધારે ૧ કલાકનો સમય નિર્ધારિત કરવામાં આવ્યો છે. પીયૂ રિસર્ચ સેન્ટરના વર્ષ ૨૦૨૦ ના રિપોર્ટ અનુસાર ૪૫ ટકા પેરન્ટ્સ વિચારે છે કે ૧૨ વર્ષની ઉંમર પહેલાં બાળકોને ફોન ન આપવો જોઈએ, ૨૮ ટકા માતાપિતાનું માનવું છે કે ૧૫ વર્ષના થયા પછી જ બાળકોને ફોન મળવો જોઈએ, જ્યારે ૨૨ ટકા પેરન્ટ્સ ૧૧ વર્ષથી નાની ઉંમરના બાળકોને ફોન આપવા તૈયાર છે. નાના બાળકોને ફોન આપ્યા પછી તેમના ફોનની એપ્સને મોનિટર કરો. તેમના ફોનમાં ખરાબ વેબસાઈટ અથવા સર્ચને દૂર કરી દો. તેને ઈન્ટરનેટ અને સોશિયલ મીડિયાથી થતા નુકસાન અને જોખમો વિશે જણાવો.

## સુંદરતામાં ચાર ચાંદ લગાવવા માટે લિપસ્ટિક સાથે જોડાયેલી આ વાતો જાણવી તમારા માટે ખૂબ જરૂરી છે

શોખ ગુલાબી હોઠ પર કેટલીય શાયરી લખાઈ છે. કોઈ પણ મહિલા અથવા છોકરીના પર્સમાં મેકઅપનો કોઈ સામાન હોય કે ન હોય, લિપસ્ટિક કે લિપ ગ્લોસ અચૂક હોય છે. મેકઅપ માં લિપસ્ટિકનું કેટલું મહત્ત્વ હોય છે. તે માત્ર મહિલાઓ જ સમજી શકે છે. લિપસ્ટિકના કલર અને વેરાયટી માટે કોઈ પણ મહિલા કોમ્પ્રોમાઈઝ કરવા નથી ઈચ્છતી.



આજકાલ માર્કેટમાં લિપસ્ટિકના અસંખ્ય કલર અને વેરાયટી ઉપલબ્ધ છે, તેથી સિલેક્શન કરવું થોડું મુશ્કેલ છે. લિપસ્ટિક સાથે જોડાયેલી એવી અનેક વાત છે, જે જાણવી જરૂરી છે. લિપ્સને ડ્રાય લુકની સાથેસાથે લોંગ સ્ટે આપવા માટે મેટ લિપસ્ટિક સારી હોય છે. લિપ્સ ફાટી ગયા છે તો તેને લગાવવાથી લુક બગડી શકે છે. આ લિપસ્ટિક લગાવવાનો સૌથી સારો ફાયદો એ થાય છે કે તે લોંગ લાસ્ટિંગ છે, ઓફિસિયલ મીટિંગ કે પાર્ટીમાં લગાવીને જઈ શકો છો. તેનો લુક પણ મેટ લિપસ્ટિક જેવો જ છે, પરંતુ તેને એપ્લાય કર્યા પછી લિપ્સ ડ્રાય નથી દેખાતા, કારણ કે ક્રીમ લિપસ્ટિકમાં મેટથી વધારે મોઈશ્ચરાઈઝર હોય છે.

## આ દિવાળીમાં બાળકોને શું ગિફ્ટ આપવી કે તેમની સાથે પૂરી ફેમિલી માટે પણ એક યાદગાર ગિફ્ટ બની જાય...




કઈ નવું કરીએ, આપણે આવું બોલીએ તો વિચારીએ છીએ ત્યારે મામલો ટાંયટાંય ફિસ થઈ જાય છે. તહેવારમાં જ જોઈ લો, જ્યારે કોઈને ગિફ્ટ આપવાનું વિચારીએ છીએ, ત્યારે કપડાં, મીઠાઈ, રોકડા વગેરેથી આગળ વિચારી નથી શકતા. બાળકો સાથે આપણે અન્યાય કરીએ છીએ. તેમને નજરઅંદાજ કરવાની આપણી આદત બની ગઈ છે, જ્યારે દિવાળી જેવા મોટા તહેવારમાં તેમને નાની ગિફ્ટ પણ ખુશ કરી દે છે. પારવીની મમ્મીએ તેની લાગણીને નજરઅંદાજ ન કરી. તે એક સિંગલ મધર છે અને એક મોટી પ્રાઈવેટ કંપનીમાં સારા હોદ્દા પર કાર્યરત છે. તેમણે આ વખતે દિવાળી પહેલાં પોતાના જ વિસ્તારના એક કથક ડાન્સરના ત્યાં પારવીનું એડમિશન કરાવી દીધું.

## દિવાળી જૂના ઝઘડા દૂર કરવાનો અને સગાંસંબંધી અને મિત્રતા મજબૂત કરવાનો તહેવાર છે



સોશિયલ મીડિયાએ લોકોને ન માત્ર આળસુ, પરંતુ ચાલાક બનાવી દીધા છે. આ વાત ખાસ જે તહેવારમાં ઉજાગર થાય છે, દિવાળીનો તહેવાર તેમાંથી એક છે. સૌથી મોટા આ સામાજિક તહેવારમાં ગેટટુગેધર સ્માર્ટફોનની સ્ક્રીન સુધી સીમિત રહી ગયું છે કે આપણે કેટલા ઈન્ટ્રોવર્ડ અને સેલ્ફીશ થઈ ગયા છીએ અને પછી મનોમન રડવું, તે પણ સોશિયલ મીડિયા પર કેટલીક એવી પોસ્ટથી, રડે છે કે ફેસબુક પર તેના ૩ હજાર ફ્રેન્ડ હતા, પરંતુ જ્યારે એક્સિડન્ટમાં જખમી થઈને હોસ્પિટલમાં એડમિટ થયા તો જોવા ૩ લોકો પણ નથી આવતા. જાહેર છે કે આપણે એક આભાસી અને બનાવટી દુનિયામાં જીવવા ટેવાઈ ગયા છીએ. તહેવારનું મહત્ત્વ એ જ છે કે આપણે વાસ્તવિક સમાજમાં જીવીએ.



લંડનમાં ટોટનહામ હોટ્સપુર અને એસ્ટન વિલા વચ્ચેની ઈંગ્લિશ પ્રીમિયર લીગ ફૂટબોલ મેચ દરમિયાન ટોટનહામના જોઆઓ પાલહિન્હા દ્વારા એસ્ટન વિલાના એમિલિયાનો બુએન્ડિયાને જમણી બાજુએ ટેકલ કરવામાં આવ્યો.

### દિવાળી પર ભારતને જીત ન અપાવી શકી ટીમ ઈન્ડિયા

# ઓસ્ટ્રેલિયાએ પહેલી વનડે જીતી, કેપ્ટન માર્શની શાનદાર ઈનિંગ

### વરસાદના વિઘ્નને કારણે આ મેચ હવે ૨૬ ઓવરની થતા ડકવર્થ લ્યુઈસ નિયમના આધારે ઓસી. ને ૧૩૧ રનનો લક્ષ્યાંક મળ્યો

। (એજન્સી) ઇસ્લામાબાદ, તા.૨૦ ।

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે ત્રણ મેચની ODI સીરિઝની પહેલી મેચ રવિવાર, ૧૯ ઓક્ટોબરના રોજ પર્થના ઓપ્ટસ સ્ટેડિયમ ખાતે રમાઈ હતી. જેમાં ઓસ્ટ્રેલિયાની ૭ વિકેટથી જીત થઈ છે. ભારત માટે આ સીરિઝની શરૂઆત ખૂબ જ નિરાશાજનક રહી.

આ મેચમાં ભારતીય ટીમ ટોસ હારીને પ્રથમ બેટિંગ કરી હતી. અક્ષર પટેલ અને કે.એલ. રાહુલ બાદ નીતિશ રેડ્ડીએ દમદાર બેટિંગ કરતા છેલ્લી ઓવરમાં બે છગ્ગા ફટકારીને ટીમ ઈન્ડિયાને ૧૩૬ રનના સ્કોર સુધી પહોંચાડી હતી. માત્ર ૨૧ રનના સ્કોર પર રોહિત શર્મા અને વિરાટ કોહલી જેવી મહત્વની વિકેટો ગુમાવી દીધી હતી. વરસાદના વિઘ્નને કારણે આ મેચ હવે ૨૬ ઓવરની થઈ જવાને કારણે ડકવર્થ લ્યુઈસ નિયમના આધારે ઓસ્ટ્રેલિયાને ૧૩૧ રનનો લક્ષ્યાંક મળ્યો હતો. જેમાં ઓસ્ટ્રેલિયાએ સાત વિકેટથી જીત મેળવી હતી. ભારતે નિર્ધારિત ૨૬ ઓવરમાં ૯ વિકેટે ૧૩૬ રન બનાવ્યા હતા. જોકે, DLS નિયમ હેઠળ, ઓસ્ટ્રેલિયાને જીતવા માટે ૧૩૧ રનનો લક્ષ્યાંક આપવામાં



આવ્યો હતો. ઓસ્ટ્રેલિયાએ આ લક્ષ્યાંક માત્ર ૨૧.૧ ઓવરમાં જ હાંસલ કરી લીધો હતો. ODI સીરિઝની બીજી મેચ ગુરુવાર, ૨૩ ઓક્ટોબરના રોજ એડિલેડમાં રમાશે. શુભમન ગિલની ODI કેપ્ટન તરીકેની આ પહેલી ODI મેચ હતી. પેટ કમિન્સની ગેરહાજરીમાં મિશેલ માર્શે ઓસ્ટ્રેલિયન ટીમની કેપ્ટનશીપ સંભાળી હતી. આ મેચમાં બે ભારતીય અનુભવી ખેલાડીઓ, વિરાટ કોહલી અને રોહિત શર્મા પણ મેદાનમાં ઉતર્યા હતા. જોકે, આ વાપસી રોહિત અને કોહલી માટે યાદગાર ન હતી.

જણાવી દઈએ કે વરસાદને કારણે મેચ ૨૬-૨૬ ઓવરની કરવામાં આવી હતી. લક્ષ્યનો પીછો કરતા, કાંગારૂઓને પહેલો ફટકો અર્શદીપ સિંહ દ્વારા આપવામાં આવ્યો હતો. તેણે ટ્રેવિસ હેડને હર્ષિત રાણાના હાથે કેચ કરાવ્યો, જે ફક્ત ૮ રન બનાવી શક્યો. ત્યારબાદ કાંગારૂ કેપ્ટન મિશેલ માર્શે અણનમ ઈનિંગ રમીને ઓસ્ટ્રેલિયા માટે મજબૂત ઈનિંગ રમી. માર્શે ૫૨ બોલમાં 46* રન બનાવ્યા, જેમાં બે ચોગ્ગા અને ત્રણ છગ્ગાનો સમાવેશ થાય છે. જોશ ફિલિપ (૩૭ રન) અને મેથ્યુ રેનશો (21*) એ પણ માર્શને સારો સાથ આપ્યો.

આ સાથે વિરાટ કોહલીએ એક શરમજનક રેકોર્ડ બનાવ્યો. ઓસ્ટ્રેલિયામાં વનડેમાં કોહલી શૂન્ય પર આઉટ થયો હોય તેવી આ પહેલી ઘટના છે. મિશેલ સ્ટાર્ક બીજો બોલર છે જેણે વિરાટ કોહલીને વનડેમાં બે વાર શૂન્ય પર આઉટ કર્યો છે. સ્ટાર્ક પહેલા ફક્ત જેમ્સ એન્ડરસને જ આ સિદ્ધિ મેળવી હતી.

કેપ્ટન શુભમન ગિલ પણ ૧૦ રન બનાવીને નાથાન એલિસની બોલિંગમાં ફિલિપના હાથે કેચ થમાવી બેઠો હતો. આ સાથે ટીમ ઈન્ડિયાનો સ્કોર ૨૫ રનમાં ૩ વિકેટ થઈ ગયો હતો.

બંને ટીમોની પ્લેઈંગ-૧૧: ભારતઃ રોહિત શર્મા, શુભમન ગિલ (કેપ્ટન), વિરાટ કોહલી, શ્રેયસ અય્યર, કેએલ રાહુલ (વિકેટકીપર), અક્ષર પટેલ, વોશિંગ્ટન સુંદર, નીતિશ કુમાર રેડ્ડી, હર્ષિત રાણા, મોહમ્મદ સિરાજ અને અર્શદીપ સિંહ.

ઓસ્ટ્રેલિયાઃ ટ્રેવિસ હેડ, મિચેલ માર્શ (કેપ્ટન), મેથ્યુ શોર્ટ, જોશ ફિલિપ (વિકેટકીપર), મેથ્યુ રેનશો, કૂપર કોનોલી, મિચેલ ઓવેન, મિચેલ સ્ટાર્ક, નાથન એલિસ, મેથ્યુ કુહ્નમેન અને જોશ હેઝલવુડ.

### બિહાર ચૂંટણી ટાણે મહાગઠબંધનમાં તિરાડ!

# JMMએ છોડ્યો સાથ, ૬ સીટો પર એકલા લડશે ચૂંટણી

। (એજન્સી) પટના, તા.૨૦ ।

બિહાર વિધાનસભા ચૂંટણીમાં ઝારખંડ મુક્તિ મોરચા (JMM)એ મહાગઠબંધન સાથે સંબંધ તોડી નાખ્યો છે. પાર્ટીના મહાસચિવ સુપ્રિયો ભટ્ટાચાર્યએ જાહેરાત કરી કે, JMM ૬ બેઠકો (૬ સીટો) પર સ્વતંત્ર રીતે ચૂંટણી લડશે.

આમાં ચકાઈ, ધમદાહા, કટોરિયા, પિરપૈંટી, મનિહારી અને જમુઈ સીટનો સમાવેશ થાય છે. ભટ્ટાચાર્યએ કહ્યું કે, ‘‘અમે મહાગઠબંધનની સાથે ચૂંટણી નહીં લડીએ, અમે અમારી તાકાતથી ચૂંટણીના મેદાનમાં ઉતરીશું.’’

આ દરમિયાન રાષ્ટ્રીય જનતા દળ (RJD), કોંગ્રેસ અને વામપંથી પાર્ટીઓના મહાગઠબંધનમાં આંતરિક વિવાદ વકર્યો છે. અત્યાર સુધીની માહિતી અનુસાર, ૭ સીટો પર મહાગઠબંધનના ઘટક દળો આમને-સામને છે. આમાં લાલગંજ, વૈશાલી, રાજાપાકર, બછવાડા, રોસરા અને બિહારશરીફ સીટો મુખ્ય છે. આ સીટો પર ઉમેદવારોના નામાંકનથી મહાગઠબંધનની એકતા પર સવાલો ઉભા થયા છે.



સિકંદરા વિધાનસભા સીટ પર પણ ઘમાસાણ મચી ગયું છે. આ સીટ કોંગ્રેસના વિનોદ ચૌધરીને ફાળવવામાં આવી હતી, પરંતુ રાષ્ટ્રીય જનતા દળ (RJD)ના સિમ્બોલ પર પૂર્વ સ્પીકર ઉદય નારાયણ ચૌધરીએ શનિવારે આ સીટ પરથી ઉમેદવારી ફોર્મ ભર્યું છે. આથી સિકંદરા સીટ પર પણ મહાગઠબંધનના ઘટક દળો સામ-સામે આવી ગયા છે. અત્યાર સુધીમાં કુલ ૭ સીટો પર આવી સ્થિતિ બની ચૂકી છે.

રાષ્ટ્રીય સ્તરે ઈન્ડિયા બ્લોકમાં સામેલ ઝારખંડ મુક્તિ મોરચાનું બિહાર ચૂંટણીમાં મહાગઠબંધનથી અલગ થવું એ ઝારખંડ-બિહારના સરહદી વિસ્તારોમાં પાર્ટી દ્વારા પોતાની પકડ મજબૂત કરવાના પ્રયાસ તરીકે જોવામાં આવી રહ્યું છે. મહાગઠબંધનના દળોના નેતાઓએ પરિસ્થિતિને શાંત કરવાના પ્રયાસો શરૂ કર્યા છે, પરંતુ નામાંકનની અંતિમ તારીખ નજીક આવતાં તણાવ વધી રહ્યો છે.

## ન્યૂઝ બ્રિફ

### સમોસાનું પેમેન્ટ ફેલ થયું તો વેપારીએ મુસાફરને ટ્રેનમાંથી ઉતારી લીધો



### એક મુસાફર ટ્રેનમાંથી ઉતર્યો, સમોસા ખરીદવા ગયો અને ઓનલાઈન ચુકવણી કરવાનો પ્રયાસ કર્યો, પરંતુ પેમેન્ટ ફેલ થયું

। (એજન્સી) ઇસ્લામાબાદ, તા.૨૦ ।

રેલવે સ્ટેશનો અને ટ્રેનોમાં મુસાફરી દરમિયાન ઘણી આશ્ચર્યજનક ઘટનાઓ બને છે. મોટાભાગે લોકો તેમની મુસાફરી દરમિયાન ચા અને સમોસાનો આનંદ માણતા હોય છે. જોકે, જબલપુર સ્ટેશન પર કંઈક એવું બન્યું જેણે લોકોને ચોંકાવી દીધા. ટ્રેન પ્લેટફોર્મ પર થોડીવાર માટે રોકાઈ ગઈ.

આ સમય દરમિયાન, એક મુસાફર ટ્રેનમાંથી ઉતર્યો, સમોસા ખરીદવા ગયો અને ઓનલાઈન ચુકવણી કરવાનો પ્રયાસ કર્યો, પરંતુ પેમેન્ટ ફેલ થયું. તે જ સમયે, ટ્રેન રવાના થઈ ગઈ. ગભરાયેલા મુસાફર ટ્રેન પકડવા દોડ્યો, પરંતુ સમોસા વેચનાર તેનો કોલર પકડીને માંગ કરી કે, ‘મને પૈસા આપો!’ આથી મુસાફરે પોતાની પાસે રોકડ ન હોવાનું જણાવ્યું. તેમ છતાં, સમોસા વેચનારએ જવા દેવાનો ઈનકાર કર્યો. આથી મુસાફરે સમોસાના બદલામાં પોતાની ઘડિયાળ ઉતારીને આપી, જેથી તે ટ્રેન ચૂકી ન જાય. આ આખી ઘટના કોઈ મુસાફરે તેના મોબાઈલ ફોનમાં રેકોર્ડ કરીને સોશિયલ મીડિયા પર શેર કરી હતી, જેનો વીડિયો વાઈરલ થયો હતો. આ વાઈરલ વીડિયો પર જબલપુર જિલ્લા મેજિસ્ટ્રેટ (ફ્ઈસ) એ દરમિયાનગીરી કરીને તપાસનો આદેશ આપ્યો હતો. મામલાની તપાસ થતા જાણવા મળ્યું કે આ ઘટના ૧૭ ઓક્ટોબરની છે. આરોપી વિક્રેતાની ઓળખ કરી લેવામાં આવી છે અને તેની અટકાયત કરવામાં આવી છે અને વિક્રેતાનું લાઈસન્સ પણ રદ કરવા માટે કાર્યવાહી ચાલી રહી છે.

ડીઆરએમ ઓફિસ તરફથી એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, ‘આ ઘટના રેલવેની છબીને નુકસાન પહોંચાડે છે. આરોપી વિક્રેતાનું લાઈસન્સ તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવામાં આવ્યું છે.

રેલવેએ મુસાફરોને અપીલ કરી છે કે તેઓ કોઈપણ ગેરકાયદેસર છેડતી અથવા અભદ્ર વર્તનની તાત્કાલિક જાણ રેલવે હેલ્પલાઈન ૧૩૯ અથવા આરપીએફ હેલ્પ લાઈન પર કરે. આ ઘટના માત્ર મુસાફરોની સલામતી અને સુવિધા પર જ પ્રશ્નો ઉભા કરતી નથી, પરંતુ એ પણ દર્શાવે છે કે નાની ભૂલો પણ મુસાફરોને મોટી અસુવિધા પહોંચાડી શકે છે.’

### બોલિવૂડ અભિનેત્રી પરિણીતી ચોપરાએ દીકરાને આપ્યો જન્મ



। (એજન્સી) મુંબઈ, તા.૨૦ ।

અભિનેત્રી પરિણીતી ચોપરાએ પુત્રને જન્મ આપ્યો છે. તે માતા બની છે. તેને દિલ્હીની એક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી, જ્યાં તેણે પુત્રને આપ્યો છે. લગ્નના બે વર્ષ પછી આ દંપતીના ઘરે પારણું બંધાયું છે, જેના કારણે ચાહકો દ્વારા શુભેચ્છાઓનો વરસાદ થઈ રહ્યો છે. રાઘવ ચઢ્ઢાએ સોશિયલ મીડિયા પર આ ખુશખબર શેર કરી છે અને અભિનંદનનો વરસાદ થઈ રહ્યો છે.પરિણીતી ચોપરા ૩૬ વર્ષની છે. લાંબા સમય સુધી ડેટિંગ કર્યા પછી, તેણીએ સપ્ટેમ્બર ૨૦૨૩માં રાઘવ ચઢ્ઢા સાથે લગ્ન કર્યા, જે તેના કરતા ૨૧ દિવસ નાના છે. તેણીએ તાજેતરમાં જાહેરાત કરી હતી કે તેઓ બેમાંથી ત્રણ બની રહ્યા છે અને ઘરમાં એક નાનોકડો મહેમાન આવવાનો છે. રાઘવે પોસ્ટ શેર કરી અને લખ્યું, ‘‘ આખરે એ આવી ગયો ! અમારો પ્રેમાળ બેબી બોય અને અમને અમારો ભૂતકાળ પણ યાદ નથી! હાથ હર્યાભર્યા છે, અમારું દિલ એથી પણ વધુ ભરેલું છે. પહેલા અમે એકબીજાની સાથે હતા, હવે અમારી પાસે બધું છે... આભાર સાથે, પરિણીતી અને રાઘવ.’ આ દંપતીએ ૨૫ ઓગસ્ટ, ૨૦૨૫ના રોજ માતા-પિતા બનવાની સત્તાવાર જાહેરાત કરી અને બે મહિના પછી તેમનું ઘર ખુશીઓથી છવાયું છે. પરિણીતી ચોપરાએ ફિલ્મફેર સાથેની એક મુલાકાતમાં કહ્યું કે તે એક બાળકને દત્તક લેશે.

### ઉત્તરાખંડની સરકારે 3% મોંઘવારી ભથ્થું વધાર્યું



। (એજન્સી) દહેરાદુન, તા.૨૦ ।

દિવાળી પહેલાં ઉત્તરાખંડના સરકારી કર્મચારીઓ અને પેન્શનરો માટે સારા સમાચાર સામે આવ્યા છે. મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ રાજ્યના કર્મચારીઓના મોંઘવારી ભથ્થા અને મોંઘવારી રાહતમાં ૩ ટકાનો વધારો કરવાની મંજૂરી આપી દીધી છે. આનાથી હજારો સરકારી કર્મચારીઓ અને પેન્શનરોને રાહત મળશે.

સીએમ ઓફિસ તરફથી જાહેર કરાયેલા નિવેદન મુજબ, આ વધારો ૧ જુલાઈ ૨૦૨૫થી લાગુ ગણાશે અને તેની ચૂકવણી ઓક્ટોબરના પગાર સાથે નવેમ્બરમાં કરવામાં આવશે. આ નિર્ણય માત્ર રાજ્ય સરકારના કર્મચારીઓ પર જ નહીં, પરંતુ સ્થાનિક સંસ્થાઓ અને રાજ્ય સરકારના જાહેર ઉપક્રમોના કર્મચારીઓ તેમજ પેન્શનરો પર પણ લાગુ થશે.

અન્ય રાજ્યોએ પણ કરી જાહેરાત ઉત્તરાખંડ ઉપરાંત અન્ય ઘણાં રાજ્યોએ દિવાળી પહેલાં પોતાના કર્મચારીઓ માટે DA વધારવાની જાહેરાત કરી છે. ઉત્તર પ્રદેશમાં મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે ૧૭ ઓક્ટોબરે DA વધારવાની જાહેરાત કરી હતી. યુપીમાં મોંઘવારી ભથ્થું ૫૫%થી વધારીને ૫૮% કરવામાં આવ્યું છે. સીએમ યોગીએ કહ્યું હતું કે, આ નિર્ણય તહેવારોના સમયે કર્મચારીઓ અને પેન્શનરોના જીવનમાં ‘સંતોષ, સુરક્ષા અને સમૃદ્ધિનો દીપક’ પ્રગટાવશે.

દિવાળી પહેલા લાખો કર્મચારીઓ ખુશ-ખુશઓડિશાના મુખ્યમંત્રી મોહન ચરણ માઝીએ ૧૬ ઓક્ટોબરે કર્મચારીઓ માટે ૩% DA વધારવાની જાહેરાત કરી હતી, જેનાથી ત્યાં DA ૫૫%થી વધીને ૫૮% થયો છે. કર્ણાટક સરકારે ૧૫ ઓક્ટોબરે ૨% DA વધારીને ૧૪.૨૫% કર્યો છે. બિહાર, ઝારખંડ અને સિક્કિમ જેવા રાજ્યોમાં પણ કર્મચારીઓ માટે ડીએ વધારવાની જાહેરાત થઈ ચૂકી છે. એવી સ્થિતિમાં દિવાળી પહેલા લાખો કર્મચારીઓ ખુશ-ખુશ થઈ ગયા છે.

### ગતવર્ષે દિવાળી વેકેશન પહેલા કાર્યક્રમ જાહેર કરવા સાથે ફોર્મ ભરવાના પણ શરૂ કરી દેવાયા હતા, ગતવર્ષે બોર્ડ દ્વારા વેકેશનની શરૂઆત પહેલા ફોર્મ ભરવાના શરૂ કર્યા હતા

# ધો.૧૦, ૧૨ની પરીક્ષા વહેલી છતાં હજુ કાર્યક્રમ જાહેર કરાયો નથી

**। (એજન્સી) અમદાવાદ, તા.૨૦ ।**

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષા ગત વર્ષની જેમ આ વખતે પણ ફેબ્રુઆરી માસમાં જ શરૂ કરવામાં આવનાર છે. પરંતુ બોર્ડ દ્વારા અન્ય કામગીરી જેમાં પરીક્ષાનો કાર્યક્રમ તથા ફોર્મ ભરવા માટેની કાર્યવાહીમાં વિલંબ થઈ રહ્યો હોવાનું જોવા મળી રહ્યું છે. ગત વર્ષ કરતા આ વખતે એક દિવસ વહેલા પરીક્ષા શરૂ કરવામાં આવનાર છે, પરંતુ હજુ સુધી બોર્ડ દ્વારા પરીક્ષાનો કાર્યક્રમ જાહેર કરાયો નથી. ઉપરાંત ફોર્મ ભરવાની કાર્યવાહી પણ શરૂ કરવામાં આવી નથી. ગત વર્ષે બોર્ડે દિવાળી વેકેશન પહેલા જ પરીક્ષાનો કાર્યક્રમ જાહેર કરી દીધો હતો અને ફોર્મ ભરવાની કાર્યવાહી પણ શરૂ કરી દીધી હતી. જેથી હવે દિવાળી વેકેશન પૂર્ણ થયા બાદ જ ફોર્મ ભરવાની કાર્યવાહી શરૂ થાય તેમ લાગી રહ્યું છે. પ્રાપ્ત માહિતી અનુસાર, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા અત્યાર સુધી ધોરણ-૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષા માર્ચ માસમાં લેવાતી હતી. પરંતુ બોર્ડની ગત પરીક્ષા માર્ચના બદલે ફેબ્રુઆરીમાં શરૂ કરવામાં આવી હતી. જેને જાળવી રાખતા બોર્ડ દ્વારા આગામી પરીક્ષા પણ ફેબ્રુઆરી માસમાં જ લેવાનું આયોજન કરાયું છે. શિક્ષણ બોર્ડ દ્વારા વર્ષની શરૂઆતમાં જાહેર કરવામાં આવેલા એકેડમિક કેલેન્ડર અનુસાર, શિક્ષણ બોર્ડની આગામી ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષા ૨૬ ફેબ્રુઆરીથી શરૂ કરવામાં આવશે અને ૧૬ માર્ચના રોજ આ પરીક્ષા પૂર્ણ થશે. જ્યારે છેલ્લી પરીક્ષા બોર્ડ દ્વારા ૨૭ ફેબ્રુઆરીથી શરૂ કરવામાં આવી હતી. આમ, આગામી પરીક્ષા એક દિવસ વહેલા લેવામાં આવશે. આમ, આ વખતે પણ બોર્ડ દ્વારા ફેબ્રુઆરી માસમાં જ પરીક્ષા લેવામાં આવનાર હોવા છતાં કામગીરીમાં ઢીલાશ દાખવવામાં આવી રહી હોવાનું જાણવા મળે છે. બોર્ડ દ્વારા હજુ સુધી ધોરણ-૧૦ અને ૧૨ની પ રીક્ષાનો કાર્યક્રમ પણ જાહેર કર્યો ન હોવાનું જાણવા મળે છે. છેલ્લી પરીક્ષા માટે બોર્ડ દ્વારા ૧૫ ઓક્ટોબર, ૨૦૨૪ના રોજ પ રીક્ષાનો કાર્યક્રમ જાહેર કરી દીધો હતો. આ ઉપરાંત બોર્ડ દ્વારા ગતવર્ષે દિવાળી વેકેશન શરૂ થાય તે પહેલા જ ધોરણ-૧૦ અને ૧૨ના ફોર્મ ભરવાની કાર્યવાહી પણ શરૂ કરી દેવામાં આવી હતી. ગત વર્ષે ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ સાયન્સના ફોર્મ ભરવાની કાર્યવાહી ૨૨ ઓક્ટોબર તેમજ ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહના ફોર્મ ભરવાની કાર્યવાહી ૨૪ ઓક્ટોબરથી શરૂ કરવામાં આવી હતી. જ્યારે સ્કૂલોમાં ૨૮ ઓક્ટોબરથી દિવાળી વેકેશનનો પ્રારંભ થયો હતો. આમ, ગત વર્ષે બોર્ડ દ્વારા વેકેશનની શરૂઆત પહેલા જ ફોર્મ ભરવાની કાર્યવાહી પણ શરૂ કરી દીધી હતી. જોકે, ચાલુ વર્ષે રાજ્યની સ્કૂલોમાં ૧૬ ઓક્ટોબરથી દિવાળી વેકેશનનો પ્રારંભ થઈ ચુક્યો છે ત્યારે બોર્ડે હજુ સુધી પરીક્ષાનો કાર્યક્રમ જાહેર કર્યો નથી અને બોર્ડની પરીક્ષા માટેના ફોર્મ ભરવાની કાર્યવાહી પણ શરૂ કરી ન હોવાનું જાણવા મળે છે. આમ, આ તમામ પરિબળો જોતા હવે રાજ્યમાં ૨૧ દિવસનું દિવાળી વેકેશન પૂર્ણ થયા બાદ જ બોર્ડ દ્વારા ફોર્મ ભરવાની કાર્યવાહી શરૂ કરવામાં આવશે તેમ લાગી રહ્યું છે. જોકે, હાલમાં સ્કૂલો દ્વારા ગમે ત્યારે ફોર્મ ભરવાની કાર્યવાહી શરૂ થઈ શકે તેમ હોવાથી વિદ્યાર્થીઓ પાસેથી ફોર્મ ભરવા માટેની જરૂરી વિગતો એકત્ર કરી લીધી હોવાનું જાણવા મળે છે. આમ, આગામી પરીક્ષા એક દિવસ વહેલા લેવામાં આવશે. આમ, આ વખતે પણ બોર્ડ દ્વારા ફેબ્રુઆરી માસમાં જ પરીક્ષા લેવામાં આવનાર હોવા છતાં કામગીરીમાં ઢીલાશ દાખવવામાં આવી રહી હોવાનું જાણવા મળે છે. બોર્ડ દ્વારા હજુ સુધી ધોરણ-૧૦ અને ૧૨ની પ રીક્ષાનો કાર્યક્રમ પણ જાહેર કર્યો ન હોવાનું જાણવા મળે છે. છેલ્લી પરીક્ષા માટે બોર્ડ દ્વારા ૧૫ ઓક્ટોબર, ૨૦૨૪ના રોજ પ રીક્ષાનો કાર્યક્રમ જાહેર કરી દીધો હતો. આ ઉપરાંત બોર્ડ દ્વારા ગતવર્ષે દિવાળી વેકેશન શરૂ થાય તે પહેલા જ ધોરણ-૧૦ અને ૧૨ના ફોર્મ ભરવાની કાર્યવાહી પણ શરૂ કરી દેવામાં આવી હતી. ગત વર્ષે ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ સાયન્સના ફોર્મ ભરવાની કાર્યવાહી ૨૨ ઓક્ટોબર તેમજ ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહના ફોર્મ ભરવાની કાર્યવાહી ૨૪ ઓક્ટોબરથી શરૂ કરવામાં આવી હતી. જ્યારે સ્કૂલોમાં ૨૮ ઓક્ટોબરથી દિવાળી વેકેશનનો પ્રારંભ થયો હતો. આમ, ગત વર્ષે બોર્ડ દ્વારા વેકેશનની શરૂઆત પહેલા જ ફોર્મ ભરવાની કાર્યવાહી પણ શરૂ કરી દીધી હતી. જોકે, ચાલુ વર્ષે રાજ્યની સ્કૂલોમાં ૧૬ ઓક્ટોબરથી દિવાળી વેકેશનનો પ્રારંભ થઈ ચુક્યો છે ત્યારે બોર્ડે હજુ સુધી પરીક્ષાનો કાર્યક્રમ જાહેર કર્યો નથી અને બોર્ડની પરીક્ષા માટેના ફોર્મ ભરવાની કાર્યવાહી પણ શરૂ કરી ન હોવાનું જાણવા મળે છે. આમ, આ તમામ પરિબળો જોતા હવે રાજ્યમાં ૨૧ દિવસનું દિવાળી વેકેશન પૂર્ણ થયા બાદ જ બોર્ડ દ્વારા ફોર્મ ભરવાની કાર્યવાહી શરૂ કરવામાં આવશે તેમ લાગી રહ્યું છે. જોકે, હાલમાં સ્કૂલો દ્વારા ગમે ત્યારે ફોર્મ ભરવાની કાર્યવાહી શરૂ થઈ શકે તેમ હોવાથી વિદ્યાર્થીઓ પાસેથી ફોર્મ ભરવા માટેની જરૂરી વિગતો એકત્ર કરી લીધી હોવાનું જાણવા મળે છે.

**ન્યૂઝ બ્રિફ**

## ગોમતીપુરમાં દારુના અડ્ડા પર જનતા રેડ, પોલીસે હાથ ધરી કાર્યવાહી

**। (એજન્સી) અમદાવાદ, તા.૨૦ ।**

રાજ્યમાં નશાકારક પદાર્થ પર પ્રતિબંધ હોવા છતા પણ અવારનવાર નશાકારક પદાર્થ ઝડપાતા હોય છે.ત્યારે અમદાવાદના ગોમતીપુરમાં દારુના અડ્ડા પર જનતા રેડ પાડી છે. કોઠાવાળા ચાલી નજીક ચાલતા દેશી દારુના અડ્ડાથી સ્થાનિકો પરેશાન થતા હતા. દૂધના કેનમાં મોટી માત્રામાં દારુની પોટલી લોકોએ ઝડપી છે. ઘરની અંદર સંતાડેલી દારૂની પોટલી પણ લોકોએ પકડી હતી. ટેમ્પો કે રીક્ષામાં દારૂનો જથ્થો રાખી વેચવામાં આવતો હતો. ગોમતીપુર પોલીસને અનેક રજૂઆત છતાં કોઈ પગલા નહીં લેતા આખરે લોકોએ રેડ કરી છે.

## અડાલજના વેપારીને હની ટ્રેપમાં ફસાવનાર બંટી-બબલી ઝડપાયા

**। (એજન્સી) અમદાવાદ, તા.૨૦ ।**

અડાલજના વેપારીને હની ટ્રેપ માં ફસાવી તેની પાસેથી રૂ. બે લાખ પડાવનાર અમદાવાદના એક આધેડ અને યુવતીને અમદાવાદ ક્રાઈમ બ્રાંચે ઝડપી લીધા છે. તેમની પાસેથી રૂ. બે લાખ કબજે કરવામાં આવ્યા છે. યુવતી અને તેના આધેડ સાગરીતે આ વેપારી પાસેથી રૂ. પાંચ લાખ માગતા ફરિયાદ નોંધાવાઈ હતી. આ યુવતી અને તેના સાગરીતે અન્ય લોકોને પણ હની ટ્રેપમાં ફસાવીને પૈસા પડાવ્યા હોવાનું સામે આવી રહ્યું છે.અમદાવાદ સરસપરુનો સંજય રામદાસ જોગી (ઉં. ૫૪) અડાલજના એક વેપારીના સંપર્કમાં આવ્યો હતો. વેપારીના દીકરા માટે યોગ્ય પાત્ર શોધી આપ વાનું કહી તેના સાથે નિકટતા કેળવી લીધી હતી. સંજય જોગીએ વેપારીના દીકરા માટે પાત્ર શોધવાની વાત બાજુ મૂકીને તેને એક યુવતીના ફોટો મોકલવાનું શરૂ કર્યું હતું. સંજય જોગી વેપારીને જણાવતો હતો કે ફોટાવાળી યુવતી જરૂરીયાતમંદ છે ત્યાર બાદ તેમનો સંપર્ક કરાવવામાં આવ્યો હતો. બન્નેને સંજય જોગીએ ગોતા બ્રિજ પાસે મુલાકાત પણ કરાવી હતી.

### ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્રના માર્ગો પર ટ્રાફિક

# અમદાવાદ શહેર ખાલીખમ થવા લાગ્યું, રોડ મોટા લાગવા માંડ્યા

**। (એજન્સી) ગાંધીનગર, તા. ૨૦ ।**

ધનતેરસની પૂજા કરીને અમદાવાદીઓ ફરવા નીકળી ગયા છે. અમદાવાદમાં ખૂબ જ મોટી સંખ્યામાં ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના લોકો વસવાટ કરી રહ્યા છે તે તમામ લોકો વેકેશન પડતાં અને ધનતેરસની પૂજા કરીને દિવાળી વતનમાં કરવા માટે તેમણે વતનની વાટ પકડી લીધી છે. જેને લઈને ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્ર તરફના માર્ગો પર ભારે ટ્રાફિક જામ થઈ રહ્યો છે. આ ઉપરાંત ફરવા જવાના શોખીન અમદાવાદીઓએ ઘણા દિવસો પહેલા જ પરિવાર કે મિત્રો સાથે બહાર ફરવા જવાનો પ્લાન ઘડી દીધો હતો. તેઓ પણ દિવાળી વેકેશનમાં ટૂર પર નીકળી ગયા છે. જેને પગલે કાળી ચૌદશની સવારથી જ અમદાવાદ શહેર ખાલીખમ જોવા મળી રહ્યું છે. ટ્રાફિકથી ધમધમતા અમદાવાદ શહેરના તમામ ચાર રસ્તાઓ પર હવે ટ્રાફિક સિગ્નલ પર થોભવાની પણ જરૂર પડે નહીં તેટલો ઓછો ટ્રાફિક જોવા મળી રહ્યો છે.નવરાત્રિથી જ લોકો દિવાળીની વાટ જોતા હોય છે. દિવાળી એટલે પ ાંચ દિવસની રજાઓ. કોઈ જ કામધંધો નહીં, માત્ર પરિવાર કે મિત્રો અથવા પ ોતાના ગ્રૂપના અને મનગમતા માણસો સાથે પૂરતો સમય પસાર કરવાનો સમય. દિવાળીના દિવસોની શરૂઆત થઈ ગઈ છે ત્યારે ધનતેરસની પૂજા કરીને લોકો દિવાળી કરવા માટે શહેરમાંથી પ ોતપોતાના વતન તરફ ઉપડી ગયા છે. ધનતેરસની પૂજા કરીને ઘણા લોકોએ મોડી સાંજે જ વતનની વાટ પકડી હતી. તો ઘણા લોકોએ કાળી ચૌદશની વહેલી સવારે અમદાવાદથી ઉપડી ગયા હતા. તંત્ર દ્વારા લોકોને વતન જવા માટે ખાસ સરકારી બસોની વ્યવસ્થા કરવામાં આવી છે. પ્રાઈવેટ બસોમાં પણ બે-ત્રણ ગણું ભાડું વસૂલવામાં આવી રહ્યું છે. જ્યારે જે લોકો પાસે પોતાની ગાડી કે વાહન છે તેઓ પોતાના પ્રાઈવેટ વાહનોમાં વતન ઉપડી ગયા છે.આટલું જ નહીં, જે લોકોએ વતનમાં દિવાળી કરવા જવાનો પ્લાન ઘડ્યો નથી, તેઓ પરિવાર કે મિત્રો સાથે બહાર ફરવા નીકળી પડ્યા છે. જેને લઈને હાલ તો દેશભરના પ્રવાસન સ્થળો ગુજરાતી પ્રવાસીઓથી ભરાઈ ગયા છે. શનિ-રવિવારે અમદાવાદમાંથી લાખોની સંખ્યામાં લોકો રવાના થઈ જતાં શહેરની અડધી વસ્તી ખાલી થઈ ગઈ છે અને શહેર ખાલી ખાલી લાગી રહ્યું છે. અમદાવાદ સહિત ગુજરાતના તમામ મહાનગરો અને નગરોમાં વસતા લોકો દિવાળી કરવા માટે ચાર-પાંચ દિવસ માટે પોતાના ગામડે પહોંચી ગયા છે. તેને પગલે ખાલીખમ રહેતા ગામડાં ભરચક બની ગયા છે. ઘણા ગામોમાં તો માત્ર વડીલો જ વસવાટ કરી રહ્યા છે. ગામના તમામ યુવાનો પરિવાર સાથે કામધંધા માટે વિદેશ કે મહાનગરોમાં જઈને વસવાટ કરી રહ્યા છે. જેને પગલે ગામ ખાલી રહેતા હોય છે, જો કે દિવાળીમાં ફરીથી ગામડાંમાં રોનક આવી રહી છે. શનિ-રવિવારે અમદાવાદમાંથી લાખોની સંખ્યામાં લોકો રવાના થઈ જતાં શહેરની અડધી વસ્તી ખાલી થઈ ગઈ છે અને શહેર ખાલી ખાલી લાગી રહ્યું છે.અમદાવાદ સહિત ગુજરાતના તમામ મહાનગરો અને નગરોમાં વસતા લોકો દિવાળી કરવા માટે ચાર-પાંચ દિવસ માટે પોતાના ગામડે પહોંચી ગયા છે. તેને પગલે ખાલીખમ રહેતા ગામડાં ભરચક બની ગયા છે. ઘણા ગામોમાં તો માત્ર વડીલો જ વસવાટ કરી રહ્યા છે. અમદાવાદ સહિત ગુજરાતના તમામ મહાનગરો અને નગરોમાં વસતા લોકો દિવાળી કરવા માટે ચાર-પાંચ દિવસ માટે પોતાના ગામડે પહોંચી ગયા છે. તેને પગલે ખાલીખમ રહેતા ગામડાં ભરચક બની ગયા છે. ઘણા ગામોમાં તો માત્ર વડીલો જ વસવાટ કરી રહ્યા છે. ગામના તમામ યુવાનો પરિવાર સાથે કામધંધા માટે વિદેશ કે મહાનગરોમાં જઈને વસવાટ કરી રહ્યા છે. જેને પ ગલે ગામ ખાલી રહેતા હોય છે, જો કે દિવાળીમાં ફરીથી ગામડાંમાં રોનક આવી રહી છે.

### ૧૫ કિલો સ્ફોટક પદાર્થ, ગેસ લાઈટર ફિટ કરેલી એરગન સહિત ૨૯ હજારનો મુદ્દામાલ જપ્ત કરાયો

## સ્ફોટક પદાર્થનો ઉપયોગ કરી ફટાકડાં વેચતો શખ્સ ઝડપાયો

**। (એજન્સી) સુરેન્દ્રનગર, તા.૨૦ ।**

સુરેન્દ્રનગરની કલેક્ટર કચેરી પાસે રસ્તામાં લાઈસન્સ વગર સ્ફોટક પદાર્થનો ઉપયોગ કરી ફટાકડાંનું વેચાણ કરતા શખ્સને એ-ડિવિઝન પોલીસે ઝડપી પાડયો હતો. ૧૫ કિલો સ્ફોટક પદાર્થ સહિત રૂા. ૨૯ હજારનો મુદ્દામાલ જપ્ત કરી કાર્યવાહી કરાઈ હતી.શહેરના એ-ડિવિઝન પોલીસે શહેરી વિસ્તારમાં પેટ્રોલિંગ હાથ ધર્યું હતું. દરમ્યાન જિલ્લા કલેકટર કચેરી પાસે રસ્તા પર એક શખ્સ જાહેરમાં ગેરકાયદે સ્ફોટક પદાર્થ રાખી તેનું વેચાણ કરતો હતો. જ્યાં તપાસ કરતા સ્થળ પરથી કોઈપણ જાતના લાયન્સ વગર ગેરકાયદે સ્ફોટક પદાર્થનું વેચાણ કરતા રાજેન્દ્ર છગન મોહિતે રહે. ધ્રાંગધ્રાવાળાને ગેરકાયદે કેલ્શિયમ કાર્બાઈડ અથવા સલ્ફર જેવા ઘન પદાર્થની કોથળીઓ વજન ૧૫ કિલો કિંમત રૂ.૩૦૦, પીવીસી પાઈપ તથા ગેસ લાઈટર ફિટ કરેલ એરગન નંગ ૧૮૮ કિંમત રૂ.૨૮,૨૦૦ સહિત કુલ રૂ.૨૮,૫૦૦ના મુદ્દામાલ સાથે ઝડપી પાડયો હતો. ઝડપાયેલ શખ્સ વિરુદ્ધ એ-ડિવિઝન પોલીસ મથકે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### વિશેષ પૂજા-અર્ચના સાથે સેંકડોની સંખ્યામાં કાળા દોરા સિદ્ધ કરાયાં

# ડભોડામાં ડભોડિયા હનુમાન દાદાની મહાઆરતીમાં 3 લાખ ભક્તો ઊમટ્યાં

### ડભોડામાં ધનતેરસથી મંદિર આસપાસ ભવ્ય મેળો ભરાય છે. જે કાળી ચૌદશના દિવસ સુધી ચાલુ રહે છે

**। (એજન્સી) અમદાવાદ, તા.૨૦ ।**

ગાંધીનગર પાસે આવેલા ડભોડા ગામમાં 'ડભોડિયા હનુમાન' દાદા તરીકે પ્રચલિત તીર્થધામમાં ધનતેરસની મધરાતથી ધર્મોત્સવ જેવો માહોલ જામ્યો હતો. હનુમાન દાદાની મહાઆરતી અને વિશેષ પૂજા અર્ચના કરવાનો પ્રસંગ ૧૮ ઓક્ટોબરને શનિવારે (ધનતેરસ) રાત્રે ભારે શ્રદ્ધા સાથે ઉજવાયો હતો. શનિવારે બપોર પછી ભક્તોનો ભારે ધસારો થવા લાગ્યો હતો. તેના પગલે સમગ્ર ગામમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો. આ અવસરનો લ્હાવો લેવા માટે ૩ લાખથી વધુ ભક્તો ઊમટી પડ્યા હતાં.કાળી ચૌદશના દિવસે અંજની પુત્ર હનુમાન દાદાની વિશેષ પૂજા અર્ચના કરવાનો મહિમા વર્ષોથી ચાલ્યો આવે છે. આ દિવસે હનુમાન દાદાની મૂર્તિ પર ભક્તો દ્વારા તેલનો અભિષેક કરવામાં આવે છે. ડભોડા હનુમાન મંદિરના પ ૂજારી રાજેશ મહેતાએ જણાવ્યું કે ૧૮ ઓક્ટોબરને શનિવારે રાત્રે ૧૨ વાગે દાદાની મહાઆરતી કરવામાં આવી હતી. આ પ્રસંગે સેંકડોની સંખ્યામાં કાળા દોરાને સિદ્ધ કરવામાં આવ્યા હતાં. તે પછી દિવસ દરમિયાન કાળી ચૌદસનો મેળો યોજાયો હતો. તેમાં ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારની પ્રજા અને રાજ્યના અનેક શહેરોમાંથી મોટી સંખ્યામાં ભક્તો ઉમટી પડ્યાં હતાં.ડભોડામાં ધનતેરસથી મંદિર આસપાસ ભવ્ય મેળો ભરાય છે. જે કાળી ચૌદશના દિવસ સુધી ચાલુ રહે છે. તેમાં ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારની પ્રજા અને રાજ્યના અનેક શહેરોમાંથી મોટી સંખ્યામાં ભક્તો ઊમટી પડ્યા હતાં.

### મેડિકલ ઈમરજન્સી ઘટનાનો આંક ૪૮૦૦ને પાર

## ગુજરાતમાં દિવાળીએ અકસ્માતની ઘટનામાં ૯૧%નો થયેલો વધારો

**। (એજન્સી) અમદાવાદ, તા.૨૦ ।**

દિવાળીના તહેવારને પગલે ઈમરજન્સી ઘટનાઓમાં વધારો નોંધાયો છે. ખાસ કરીને દિવાળીના તહેવારમાં વેકેશન દરમિયાન સૌથી વધુ લોકો બહારગામ ફરવા માટે જતા હોય છે. જેના પગલે દિવાળીના દિવસે જ રોડ અકસ્માતની ઘટનામાં ૯૧ ટકાનો ઉછાળો જોવા મળ્યો છે. રાજ્યમાં રોડ અકસ્માતની નાનામોટી ૯૨૧ ઘટનાઓ નોંધાઈ છે. જ્યારે દાઝી જવાના ૩૮ કેસ અને મારામારીના ૩૨૩ જેટલા કેસ નોંધાયા છે. જ્યારે સામાન્ય દિવસો કરતા મેડિકલ ઈમરજન્સીનો આંક ૪૮૦૦ને પાર પહોંચતા મેડિકલ ઈમરજન્સીની ઘટનાઓમાં ૮.૫૫ ટકાનો વધારો જોવા મળ્યો છે. રાજ્યભરમાં દિવાળીનું પર્વ ઉજવાઈ રહ્યું છે. જોકે તહેવારની આ ઉજવણીની મજા કેટલાક લોકો માટે જીવનભરની સજા પણ બની ગઈ છે. ખાસ કરીને દિવાળીના તહેવારમાં લોકો બહાર ફરવા જવાનું વધુ પસંદ કરતા હોય છે. જેના પગલે રોડ અકસ્માતની ઘટનાઓ વધારે બનતી હોય છે. માત્ર દિવાળીના દિવસની જ વાત કરીએ તો એક જ દિવસે રાજ્યભરમાં મેડિકલ ઈમરજન્સીની ઘટનાનો આંક ૪૮૦૦ને પાર પહોંચ્યો છે.

### ૪૬.૬૪ લાખ જમા કરાવી ૧૫.૬૯ લાખ પરત કર્યા

# સુરેન્દ્રનગરની મહિલા સાથે શેરબજારમાં ડબલની લાલચ આપી 31 લાખની છેતરપિંડી

### અંકલેશ્વર, કરજણ અને વડતાલના 3 શખ્સોએ અલગ અલગ બેંક ખાતામાં મહિલા પાસે રૂપિયા ટ્રાન્સફર કરાવ્યા

**। (એજન્સી) સુરેન્દ્રનગર, તા.૨૦ ।**

સુરેન્દ્રનગર શહેરી વિસ્તારમાં રહેતી મહિલાને શેર બજારમાં રોકાણ કરાવી બેંક ખાતાના રૂપિયા જમા કરાવી પરત નહીં આપી રૂ.૩૦.૯૫ લાખની છેતરપિંડી અંગે ભોગ બનનારી મહિલાએ ત્રણ શખ્સો સામે બી-ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. શહેરના કુંભારપરા વિસ્તારમાં રહેતા ફરિયાદી ભારતીબેન દીપકભાઈ પરમારને વડતાલ રહેતા મહેશભાઈ રબારીએ અંકલેશ્વર અને કરજણ તાલુકામાં રહેતા બે વ્યક્તિ સાથે સંપર્ક કરાવ્યો હતો. ફરિયાદીને શેર બજારમાં રોકાણ કરશે તો વધુ રકમ અથવા સારું રિટર્ન તેમજ ટૂંકા સમયમાં ડબલ ગણા રૂપિયા મળશે તેવી લાલચ આપી હતી. બાદમાં ફરિયાદી પાસે અલગ અલગ બેંક ખાતામાં રૂ.૪૬.૬૪ લાખ ટ્રાન્સફર કરાવ્યા હતા જે પૈકી રૂ.૧૫.૬૯ લાખ પરત આપી દીધા હતા. જ્યારે બાકીની રકમ અવાર નવાર ઉઘરાણી કરવા છતાં ચૂકવવામાં નહીં આવતા ભોગ બનનારી ફરિયાદીએ ત્રણ શખ્સો (૧) જયદીપ ઉર્ફે કાંતિલાલ પાઠક ઉર્ફે ગુરુજી રાજેન્દ્રપ્રસાદ પંડયા, રહે. અંકલેશ્વર (૨) હંસરાજભાઈ, રહે. નાની સાયર, તા.કરજણ અને (૩) મહેશભાઈ રબારી, રહે.વડતાલવાળા સામે રૂ.૩૦.૯૫ લાખની છેતરપિંડી અને વિશ્વાસઘાતની ફરિયાદ નોંધાવી છે. ત્યારે બી-ડિવિઝન પોલીસે ત્રણ શખ્સો વિરૂદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

